
આવતી કાલનાં નાગરિકો માટેનું
આજનાં ગુજરાતી કુટુમ્બોનું
એકમાત્ર માસિક

કુમાર

૪૭૧

માર્ચ ઈ. સ. ૧૯૬૩
તંત્રી · બચુભાઈ રાવત
સંસ્થાપક · રવિશંકર રાવળ



સે દેવની મોરી આગળ 'ભોજ રાજાના ટેકરા'ની નીચે દટાએલા મળી આવેલા ઈ. સ. ૨૦૫ની સાલના બૌદ્ધ સ્તૂપના પ્રદક્ષિણામાર્ગ પરની માટીની બુદ્ધમૂર્તિ (જુઓ આ અંકમાંનો લેખ)



રાજસ્થાનના રાસ · કલાકાર શ્રી ઈન્દ્ર દુગડ

(કલાકારના સૌજન્યથી)

હવે સમય આવ્યો છે આપણા નિર્ધારના પુનઃ શપથ લેવા

આક્રમણખોરોનો પ્રતિકાર કરવાના આપણા નિર્ધારના આપણે આજેજ પુનઃ શપથ લઇએ. સાવધાની અને નિર્ધારને શિથિલ બનાવશો નહિ — કારણ કે આ યુદ્ધ તમારૂંજ છે. હમણાંજ કાર્યરત બનો. રાષ્ટ્રીય સુરક્ષા–સેવા સંઘટનામાં સેવા કરવા તૈયાર રહો ● દુર્વ્યય સામે મોરચો માંડો અને તમામ નિરર્થક ખર્ચ બંધ કરો ● અન્ન અને વસ્ત્ર મહત્ત્વના છે. એનો દુર્વ્યય ન કરો ● સમય પણ અમૂલ્ય છે. ગાળેલા સમયના નહિ, પરંતુ તમારી સિદ્ધિઓના સંદર્ભમાં એનાં મૂલ્ય આંકો ● તમારી જવાબદારીઓ અદા કરો. બધીજ બાબતોમાં, સદાયને માટે શિસ્તપૂર્વક વર્તો.

સાવધ રહો —

રાષ્ટ્રની તૈયારીઓ માટે સુસજ્જ રહો



DA 62/F5

કુમાર
માર્ચ ૧૯૬૩ · અંક ૪૭૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે

સાથેના સંસ્કૃત શ્લોકની દરેક પંક્તિમાં એક એક પ્રશ્ન પૂછ્યો છે. ખૂબી એ છે કે તે જ પંક્તિનો પહેલો અને છેલ્લો અક્ષર જોડવાથી પૂછેલા પ્રશ્નનો જવાબ મળી જાય છે.

सीमंतिनीषु का शान्ता राजाकोऽभुत गुणोत्तम॥
विद्वद्जनेषु का वंद्या यो जानातिस्स पंडित ॥

(કડી) —ચિમનલાલ સોમનાથ શાહ

આ વખતના 'કુમાર'માં દાક્તરી તપાસના લેખમાં થોડી પૂર્તિ કરવા જેવી છે: 'હૃદય તથા ફેફસાંના અમુક દરદોમાં આંગળીઓ પર કેટલીક વિકૃતિઓ જણાય છે' તે (૧) ફેફસાંના રોગથી નખનો આકાર બદલાઇ જતા આંગળીનાં ટેરવાં ટોપા જેવાં થઇ જાય છે તે, તથા (૨) હૃદયના કેટલાક રોગોમાં શુદ્ધ(પ્રાણવાયુ-યુક્ત)ને અશુદ્ધ (અંગારવાયુ યુક્ત) લોહી ભેગુ થઈ જવાથી નખનો રંગ ભૂરો બની જાય છે તે.

ડાબી હથેળી મૂકી જમણા હાથ વડે ઠપકારવાની ક્રિયા કોઈ ડૉકટર હવે નથી કરતા. કેટલા યે દસકાઓથી એ ક્રિયા હવે નવીન સ્વરૂપે ઓળખાય છે: Percussion. ડાબા હાથની વચલી આંગળી છાતી, પીઠ કે પેટ પર રાખી. જમણા હાથની પહેલી કે બીજી આંગળી નાટેરવાથી ટકોરા મારવામાં આવે છે. તંદુરસ્ત ફેફસાં સદા મધ્યમાં બોદો કે પોલો અવાજ આપે છે. અત્યંત પોલો અવાજ પોલાણ સૂચવે ને નક્કર અવાજ સઘન બનેલાં ફેફસાં (દા.ત. ન્યૂમોનિયા ઇત્યાદિમાં લોહી અથવા પરુ ભેગું થવાથી) આપે છે. વળી આ ક્રિયાથી હૃદયનાં પરિમાણ નક્કી કરી શકાય છે. જો નક્કર અવાજ વાળો હૃદયવિસ્તાર વધ્યો હોય તો કોઈ હૃદયરોગની શંકા જાય.

સ્ટેથોસ્કોપના ઉપયોગમાં શ્વાસોચ્છ્વાસનું મહત્ત્વ દર્શાવ્યું નથી. શ્વાસ અને ઉચ્છ્વાસની ગતિ તેમજ સમયમર્યાદા એકમેકના અમુક પ્રમાણમાં થાય છે. આ સમયપ્રમાણ બદલાય તો ફેફસાંના રોગની શંકા જાય.

લોહીના દબાણમાં સિસ્ટૉલિક દબાણ હૃદયના સંકોચને કારણે હોય છે. આ હૃદયના સંકોચનને લીધે જ રક્તનું અભિસરણ સંભવે છે.

ઇલેકટ્રો કાર્ડિયોગ્રાફની સમજૂતી ચિત્રની નીચે આપી છે તે ગ્રાફ હૃદયની ઢીલી અને તંગ પરિસ્થિતિને કારણે નથી આવતો; હૃદયનું એના જ્ઞાનતંતુઓ દ્વારા સંચલન થાય છે. આ સંચલનને વિદ્યુત્પ્રવાહના સંચરણના સ્વરૂપે આલેખી શકાય. આ સંચરણ કર્ણક(Auricle) થી ક્ષેપક (Ventricle) તરફ થાય છે. એનો આલેખ ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રાફ છે. એનો પૂર્વ ભાગ કર્ણકની પરિસ્થિતિ દર્શાવે છે, અને ઉત્તર ભાગ ક્ષેપકની. આમાં હૃદયની તંગ અને ઢીલી સ્થિતિનું વિદ્યુત્-પ્રવાહમાં અર્થઘટન થયું હોય છે, જે પરોક્ષ આલેખન છે, નહિ કે સીધું. સમજૂતી વાંચતા સીધા આલેખનો ખયાલ આવે છે.

હીમોસીટો (હીમોસાઇટો) મીટર કેવળ લાલ કણ જ નહિ પણ શ્વેત કણની ય ગણતરી કરવા કામ લાગે છે.

લોહી અંગેની માહિતી ભૂલભરી છે. એમણે લખ્યું છે કે 'દર ઘન સેન્ટિમીટરે ૪૦ થી ૫૦ લાખ રક્ત કણો હોય છે.' તે દર ઘન મિલિમીટર જોઈએ. ઍનીમિયાનું (પાંડુરોગનું) નિદાન રક્તકણોની સંખ્યા પરથી નહિ પણ લોહીમાંના રંગદ્રવ્ય(Haemoglobin) ની આંકણી પરથી થાય છે. પછી પાંડુરોગના અન્ય પ્રકારોનો ભેદ પાડવા રક્તકણોની ગણતરી મદદરૂપ નીવડે.

એમણે જે આર. એચ. ફૅક્ટરની વાત કરી એનું પણ મહત્ત્વ છે. રક્તદાન માટે લોહીના A,B,O અને AB વર્ગ પાડવામાં આવ્યા છે. સૌ પ્રથમ આ વર્ગ શોધવામાં આવે છે. રક્તદાન તેમજ શંકાસ્પદ કિસ્સામાં માતૃત્વ અને પિતૃત્વ નક્કી કરવામાં આ વર્ગ સહાય કરે છે.

'બેઝલ (બેસલ નહિ) મેટાબોલિઝમની તપાસ આપણે ત્યાં અજાણી છે' એ અધૂરું વિધાન છે. લગભગ ઘણી આગળ પડતી ઇસ્પિતાલોમાં આ તપાસ થાય છે. અને એ તો બહુ સહેલી પદ્ધતિ છે.

આ લેખમાં સંયોજનનો અભાવ લાગ્યો. પણ આવા પ્રયત્નો પ્રશંસાને પાત્ર છે. આપે આવો લેખ પ્રગટ કર્યો એથી અભિનંદન.

અંતે 'મીરા' માટે થોડુંક. શૈલીના પ્રયોગ તરીકે વાર્તા આવકાર્ય છે, પણ સૌથી પહેલો જ વાંધો વાર્તામાં રજૂ થતા માનસનો છે. નાયક લઘુતાગ્રંથિ અનુભવતો લાગે છે. એ ગ્રંથિને કારણે જન્મતી વેદના તે અનુભવે એ કરુણતામાં વાચકકયેન્યાયે સહાનુભૂત થાય? જે સરિતાની આંખોમાં ગાડીની ક્રોમિયમની ચમક ન હતી એ સરિતા જયથી હળવે હળવે એટલો બધો માનસિક ક્લેશ અનુભવે કે પતિ-પત્નીના શારીરિક સ્નેહથી વિમુખ બની અન્યોન્ય પ્રતિના બિનેટકાવી વાતાવરણની શાંતિ જાળવી રાખે, એ કેમ બને? એનું કારણ લગ્ન પછી જય પોતાના જ માનસના પ્રતિભાવ રૂપે એને જોતો હોય એવું પણ બને. ખરું પૂછો તો એક જ કારણ છે —જયનું માનસ. મીરાને પામવાની જયની અતૃપ્ત આકાંક્ષાને કારણે સરિતાના વર્તનમાં એણે કલ્પી લીધેલો ઉષ્માનો અભાવ જ શું એના સરિતા પ્રત્યેના વર્તનમાં ન્યાયનો અભાવ નથી દેખાડતો? આવું આલેખન સ્વસ્થ નથી, 'મૉર્બિડ' છે, એકકેન્દ્રીય (મોનો ઍંગ્યુલર) છે. એ મૉર્બિડિટીને ચારુચારુ શૈલીથી આવૃત્ત કર્યે કલાકૃતિ ન બને.

(પૂના) —દિલીપ ઝવેરી

'વંદેમાતરમ'ની ગાનવિધિનો ઉલ્લેખ ગાંધીજીએ 'શિક્ષણ અને સાહિત્ય'ના સં. ૧૯૯૩ના જાન્યુ૦ અંકમાં કર્યો હતો. 'કુમાર' માં ૧૯૪૩ છપાયું છે તે છાપ ભૂલ લાગે છે.

(નડિયાદ) —પ્રફુલ્લ ભારતીય

નયા પૈસાના સિક્કા તો પ્રચલિત થઇ ગયા, પણ ભાવતાલ (શાકપાન વગેરેના) તો હજી આનામાં ને શેરમાં જ થાય છે. શેરને બદલે કદાચ કિલો કે ૧૦૦ ગ્રામ બોલાય છે, પણ આનાને બદલે નયા પૈસા બોલાતા થયા નથી. આમાં કાળ તો કાળનું કામ કરે જ, પણ તેમાં એક અંતરાય છે તે આપણે દૂર કરવો જોઇએ. નવા સિક્કાનાં નામ જ નથી. ઢબ્બુ, એક આનો, બે આની, પાવલી, અરધો, વગેરે નામ ભાવમાં બોલી શકાતાં હતાં. હું માનું છું કે નીચેનાં નામો લોકજીભે જલદી ચડી શકે:

૨	નયા પૈસા =	દોયા
૫	,,	પાંચિયા
૧૦	,,	દસિયા
૨૫	,,	પચિસિયા (પાવલી)
૫૦	,,	પચાસિયા (અધિયા)
૧૦૦	,,	રૂપિયા

આ નામો હિંદી તેમજ બીજી પ્રાંતીય ભાષાઓમાં સમાન રહી શકે તેવાં મને લાગે છે.

એ જ રીતે કિલો તો પ્રચલિત થયો, પણ ૨૦ કિલોને માટે 'કિલો-મણ' જેવો શબ્દ ચાલુ થાય તો ઉપયોગી થાય. નયા પૈસામાંથી 'નયા' વિશેષણ હવે છોડી દેવું જોઇએ.

કલા રાજ્યમાં કેન્દ્ર સરકાર તો બદલાઇ ગઇ, પણ પ્રદેશમાં હજી રૂઢિચુસ્ત સરકાર જ ચાલે છે! ચિહ્ન સારું છે. ધીરેધીરે સુધારાનો સાર ઇતિ 'કુમાર'.

(નવી દિલ્હી) —પ્રબોધ ચોકસી

દીકરી શબ્દનું મૂળ શું? મને લાગે છે કે સંસ્કૃત દુહિતૃ પરથી દીકરી શબ્દ આવ્યો. મરાઠી-દુહિતા, અંગ્રેજી ડૉટર, પર્શિયન-દુખ્તર જો એમ હોય તો દીકરો શબ્દ દીકરીનું પુલ્લિંગ સાધીને બનાવ્યો હોય? શું આ વાત નિયમબદ્ધ છે? સામાન્યતઃ પુલ્લિંગ પરથી સ્ત્રીલિંગ સધાય છે; કારણ દીકરોનું મૂળ દુહિતૃ ન થાય. દુહિતૃ એટલે દુહિતા. સાસરા અને પીઅરનું બન્નેનું હિત કરે તે દીકરી. કોઈ ભાષાપંડિત આ સમસ્યાનો ઉકેલ કરી બતાવશે?

(બોરીવલી) — વિ. ના. ખાનોલકર

'કુમાર'માં આવતી ટૂંકી વાર્તાઓ જુદા જ પ્રકારની છે. ખાસ કરીને રહસ્યવાળી, કલાના ઉચ્ચ કસબવાળી, ચિંતનશીલ, અર્થગાંભીર્યમય ને નવાં વાર્તાતત્ત્વો તથા કલાની પ્રણાલિઓથી તે યુક્ત હોય છે. જાન્યુઆરી અંકમાંની જયંતીલાલ શાહની વાર્તા પરથી સત્યનું આચરણ કેટલું અઘરું ને સૂક્ષ્મ છે તેનો મર્માળુ ભાસ થાય છે. નવેમ્બર અંકમાં શરદિન્દુ વંદ્યોપાધ્યાયની વાર્તા 'સતી'ના લેખક બંગાળી હોવા છતાં યે તેમણે કરેલો આપણા સમાજનો અભ્યાસ આકર્ષક છે.

અંતમાં તેમણે જે બધી જ વિગત આપી દીધી છે તેના બદલે માત્ર કાકુભાઇએ સતીઓનાં દેરાંમાં સતીઓને દીવડે રમતી જોઈ ને ગામમાં આવ્યા ત્યારે ચપકભાઈ ગુજરી ગયા અને સાથે નારોગી રમાબેન પણ, એટલું જ આલેખન બસ હતું. તો આપણે વિચાર કરતા થઇ જાત કે રમાબેન જ સતી હશે. 'ધ લૉસ્ટ ચાઈલ્ડ' વાર્તા આ રીતે જ આપણને વિચારમાં મૂકી દે છે.

(ડાંગરવા) —ભગવત સુથાર

ફેબ્રુ. ૧૯૬૩ના અંકનો 'કલાવાર્તા' વિભાગ ઘણો ગમ્યો. 'આધુનિક કલા' અંગે વાચકોએ જે ચર્ચા કરેલી તેના અનુસંધાનમાં જાણે તેમાંના લેખોની પસંદગી કરાઇ હોય તેવું લાગે છે. ચર્ચામાં જે સ્પષ્ટરૂપે ફલિત નહોતું થઈ શક્યું તે 'કલાવાર્તા'માં આપેલાં અવતરણોમાં ફલિત થયું છે. ર. મ. રા.ના આત્મકથાનકના છેલ્લા હપતામાં 'એકાદી ચોકડી ચોંટી જ હોય'નું રેખાંકન તો એક ચિત્ર-વિષય રજૂ કરે છે. ગામડાં કે શહેરમાં શેરીએ શેરીએ આ પ્રકારની કિશોરોની ટોળી અવારનવાર જોવા મળે છે. બે વર્ષ ઉપર મેં એક આવી ત્રિપુટીનું રેખાંકન દિવાળીના પત્રમાં એક મિત્રને મોકલેલું. તેનું 'સ્મૃતિચિત્ર' આ સાથે મોકલું છું. (જુઓ નીચે) ફેબ્રુ. અંકમાં શ્રી ખાટસૂરિયાના ચિત્ર નીચે લખેલી પદ્ધતિએ તે તૈયાર કર્યું છે. આવા સરળતાથી અજમાવી શકાય તેવા નુસખા આપતા રહો તો અમારા જેવા કલા સિવાયનો બીજો વ્યવસાય લઇને બેઠેલા પણ તે અજમાવી શકે.



(સોનગઢ) —હરિકૃષ્ણ રા. પાઠક

ફેબ્રુઆરી અંકમાં 'પચીસ વર્ષ પહેલાં'ના વિભાગમાં 'પાણી'ના લેખમાં જણાવ્યું છે કે ૪૦° સેન્ટીગ્રેડે પાણીનું કદ ઓછામાં ઓછું હોય છે. પરંતુ ખરેખર ૪° સેન્ટી. જોઈએ.

(બીલીમોરા) —પ્રબોધ પુરોહિત

જાન્યુઆરી 'કુમાર'માં વિવેકાનંદનો જન્મદિવસ તા. ૧૨ જાન્યુઆરી લખેલો છે, જ્યારે આખા દેશમાં ૧૭ જાન્યુઆરી ઉત્સવ તરીકે ઉજવાએલી. તો 'કુમાર'ની ભૂલ લાગે છે.

(ઘાટકોપર) —પ્રવીણ મહેતા

[* એમનો જન્મ હિંદુ તિથિ પ્રમાણે પોષ વદ ૭ના રોજ આવે, તે અનુસાર રાષ્ટ્રીય ઉત્સવ માટે ૧૭મી તારીખ રખાએલી.]

થોડા વખત પહેલાં મારા આખા શરીરે, માથામાં, પાંપણમાં, હાથ પગ વગેરે બધી જ જગ્યાના વાળમા 'સવા' નામના જંતુ પડ્યા હતા. અને ડૉક્ટર-વૈદ્યના પ્રયોગો, સરસિયાના, પારાના, ડામરના તેલો, દવાઓ વગેરે ઘણા ઉપાયો અજમાવતાં પણ મટ્યા ન હતા; છેવટે કંટાળીને અમારા હજામે બાજરીના લોટમાં મીઠું નાખી આખા શરીરે ચોળીને નહાવાથી મટી જશે તેમ કહ્યું. તે પ્રમાણે અજમાવતાં બે દિવસમાં સમૂળગા નીકળી મટી ગયા. આ મારો જાતઅનુભવ છે અને ફરીથી થયા નથી.

(અમદાવાદ) —બાબુભાઈ વાડીલાલ શાહ

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૦ · અંક ૩ · માર્ચ ૧૯૬૩ · સળંગ અંક ૪૭૧

ગ્રહ ગણ ગુંફન

· સવૈયા ·

ગ્રહ ગણ ગુંફિત માળ લઇ હું સંતત ભુવન વિચરંતો,
કયાં મુજ દેવ–ચરણ ધરું માલા–એક રટણ ઉચ્ચરતો;
ખિલ ખિલ હસી દિશા રહી સર્વ, નિખર્વ ખર્યાં મુજ અશ્રુ,
એક અકેલ અખિલ ભુવને હું–કયાં ય ન કો કર સ્પર્શ્યું.

ચંચલ મરુત ઘડી પલ પાર્શ્વે મુજ બેસી સરી જાતો,
એ નિત નવલ કુસુમની રજમાં લેટી રહે મદમાતો;
હું અવિચલ આરાધું ચરણો–અતલ ઉદધિ રહું કાંક્ષી,
એક નયન છે જોવું—રહી જયાં શત સૂર્યોની ઝાંખી.

પલ પલ મન બેઠું જપતું બસ એક જ તવ મધુ-માળા,
મુજ વિરહાનલ–એ જ એક જ્વાલામુખ અગન ગુબારા;
જલત જલત સહુ જાય જલી, નહિ કોણ જદ્યું હું ભોળું,
એ લાવા રસ–એ જ એક રસ–એ રસ હું બસ ભોળું.

અગ્નિ અગ્નિ અણુ અણુ ધારત મુજ અંગ રહ્યાં ઉલ્લાસી,
આ નિજને મંદિર મુજ વલ્લભ દેવ બને શું નિવાસી!

સુન્દરમ્

ટપાટપી

· મિશ્ર ·

ટપાટપી, ટૉળ, મજાકમાત્રમાં
વધી ગઇ વાત; સુમેળ ગોઠડી
ટચૂકડી કોઇ તરી સરીખી
ડૂબી ગઇ વ્યંગ-તરંગ-વ્હેણમાં.

અકારણે ક્લેશ, અતીવ ખિન્નતા,
ઘડીકમાં રોષભરેલ ભિન્નતા,
રમા મથે શબ્દ નિવારવા ઘણું
પછાડતો દ્વાર ઘરેથી નીસરું.

વાંકીચૂંકી કોઈ નદી-ગલીને
નાકે ઊભું જીર્ણ મકાન ખોખરું
વેગે વટાવું, અણચિંતવી ત્યાં
છજા તળેનાં છલક્યાં જલોની
બેચાર બુંદોની વિહગ-વર્ષા!
અજાણ સ્પર્શે ક્ષણ અર્ધ થંભું.

ત્યાં કોઇનાં લોચન-નીર ભાળું,
હું ભીંજવાતો ઘર કોર ચાલું!

પ્રિયકાન્ત મણિયાર

આજ સવારે

· કટાવ ·

ઝાકળ મ્હોરી
આજ સવારે
ઝલમલ ઝલમલ ભર્યાં બાગમાં
ફૂલ સરીખી ચલ્લી ઊડતી!

સુરભિ ગાતાં,
ચલ્લી સરીખાં ફૂલ લચકતાં!
પાંપણ જેવી પાંદડીઓના
આછા રવ શાં
મારે નૈનન સ્વપ્ન ચહકતાં!

ઝાકળ ફોર્યાં
બાગ ભર્યો ત્યાં
કિરણકિરણ થૈ ઝૂલે,
કે—
નીડ જેટલા મુજ હૈયામાં
ગગન આખું આ ખૂલે!

ઝાકળ મ્હોરી
આજ સવારે……!

યોસેફ મૅકવાન

વસંતગાન

· વસંત-મૃદંગ ·

ને ડાળડાળ અવ શાલ્મલી કેરી ફુલ્લ.
તું રાતના લઈ અચાનક છદ્મ વેશ
ઝીણા સ્વરે મૃદુલ ગીત હજાર ગાઇ ગૈ,
તે, જાગીને નિરખતાં, કુસુમો બની ગયાં.
સૌ લાલ લાલ, તવ ઓષ્ઠ સમાન. સામટાં
ચૂમી લઉં!

કદિક અંજન આંજતાં દૃગે
લાલાશ ઊરી પસતી તવ નેણમાંહિ!
તે આજ પૂર્વ નભમાં પ્રસરી.

હવામાં
તારા ભીના, લલિત કુન્તલ કેરી ગંધ.
ને સૌમ્ય સ્પર્શ તવ કાંચનવર્ણ કાયનો
કેવો લસંત તડકામહિં!

લોલ તારાં
હાસ્યો કશાં લહરતાં અહિં ઘાસમાંહી!
તું કેટલાં ય વરસો પછી આજ ક્યાંકથી
આવી ચડી, થઇ વસંત.

હવે ન મારો
શૃંગાર હોય કદિ યે પ્રિય! વિપ્રલંભ.

ના હોય અંત મુજ આ મધુમાસમાં, જ્યાં
તારાં હજાર સ્મરણે અવ શાલ્મલીની
સૌ ડાળ લાલ કુસુમોથકી ફુલ્લ ફુલ્લ.

દિલીપ ઝવેરી

પચાસમે

· વસંતતિલકા ·

આયુષ્યના શિશિરની સરી દીર્ઘ રાત્રી,
ને સૌમ્યપીત જલઝાકળની હવાને
લાગે હિરણ્ય-દ્યુતિ-સ્ફૂર્તિ-પ્રકંપ ગાને
રેલાય જાગ્રતિ, હું એ પથ મુગ્ધ યાત્રી.

અંધારની, અરધચંદ્રની રશ્મિ ઝાંખી,
કેડી તિરોહિત અતીતમહીં થતી, ને
જે કૈંક આ ચરણચિહ્ન જણાય એને
ધીરેથી ધૂલિકણ-વિસ્મૃતિ જાય ઢાંકી.

હાવાં હું, શ્યામહિમ કારણ પશ્મિનાનું
આશીર્ષ આવરણ જે ધર્યું તે ઉતારી,
અંગાંગ ઝીલી રહી સૂર્યની ઉષ્ણિમાની
મંદાકિની, કિરણની ગતિને પ્રમાણું.

ને શાન્ત રૂપ લહું ભાસ્વર-તેજપુંજ—
એ તે નહીં અવર કેવલ હું જ, હું જ!

રાજેન્દ્ર શાહ

રાજેન્દ્રને (૫૦મે)

· વસંતતિલકા ·

આ શો ખુમાર છલકે તવ પ્રૌઢ ચિત્તે!
મસ્તી કુમાશ રણકો કવિનો જ નિત્યે!
નિર્વ્યાજ નેહ તગતો તવ નેણમાં તે
તાજા, પ્રફુલ્લ ઉરનું અભિજ્ઞાન આપે.

સંદિગ્ધ છિન્ન અતિ ખિન્ન બધી હવાઓ
ત્યાં મંદ કંઠ સૂરસપ્તક સ્વસ્થ ગાયો.
કોલાહલો પડત શાન્ત અહીં ગળાઇ
આંદોલને ધ્વનિત રમ્ય શ્રુતિ રચાઇ.

સૌંદર્યપુષ્પ-સરજ્યો પરિવેશ જામે
તો ધૂળ શૂળ સઘળું મધુગંધ પામે.
હે પ્રાજ્ઞમુગ્ધ! નિખિલે ઋતસત્યયાત્રી
તારી સિતાર જીરવી શકી મૂઢ્યરાત્રી.

રાજેન્દ્ર! તેં સકળ વેદન મગ્ન પીધાં
આલોક પ્રીત શ્રમણાથકી ભિન્ન કીધાં.

રઘુવીર ચૌધરી

· મુક્તક ·

વ્યંજનમાં સ્વર હોય ભળેલો, તો ય નથી દેખાતો,
સ્વરના વજન વિનાનો વ્યંજન, અર્ધાક્ષર લેખાતો;
અબળા કહી સ્ત્રીને એ અવળું, પુરુષતણું બળ એ છે,
નમ્રપણે એ સ્વરની માફક, પડખોપડખ રહે છે.

મનસુખરામ ઈચ્છાશંકર પટ્ટણી

મૃગશીર્ષ

· મિશ્ર ·

છો માર્યું વ્યાધે શર સીધું હાર્દમાં;
દોડયા કરે આ મૃગશીર્ષ તે છતાં
આકાશને એક ખૂણેથી બીજે,
કાઢયા વિના એ શર કાયમાંથી.

દોડી શકે જો મૃગશીર્ષ આમ
પ્રારબ્ધ-વીંધ્યા પુરુષાર્થનું મમ!

ગીતા પરીખ



સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ


સદાકત આશ્રમથી મુઘલ ગાર્ડન્સ

છેલ્લા ચાર દાયકાની સ્વાતંત્ર્યયાત્રાના એક અગ્રણી સાર્થવાહ બની રહીને જીવનનાં મહામૂલાં વર્ષો દેશસેવામાં અર્પણ કરનાર ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું ગયા માસ (ફેબ્રુઆરી)ની ૨૮મીએ અવસાન થયું.

બિહારનું આ પાણીદાર રત્ન ગાંધીજી જેવાના સ્પર્શે પારસમણિ સમું બનીને તેજોજ્જ્વલ 'ભારતરત્ન' રૂપે માત્ર દેશમાં જ નહિ પરદેશમાં યે ઝળહળી ઊઠયું. જીવનભરનાં ત્યાગ તિતિક્ષા ને ઉત્કૃષ્ટ દેશભક્તિથી ઓપતા આ પુરુષ રાષ્ટ્રનાં છેલ્લાં રત્નોમાંના એક હતા.


ભૂતકાળના સંદર્ભમાં જઈએ તો, ચંપારણના સત્યાગ્રહમાં કે મહાત્મા ગાંધી સાથે અડગ કદમ મિલાવવા દાંડીકૂચમાં, બિહારના ધરતીકંપ વેળાએ સૈંકડોના હૈયાધારણ સાથી બનવામાં કે સુભાષચંદ્ર બોઝે ત્યાગેલા કૉંગ્રેસના અધ્યક્ષસ્થાનથી ઊભી થએલી કટોકટી નિવારવા તેના અધ્યક્ષપદે રહી દેશના સ્વાતંત્ર્યની ઘડી નજદીક લાવવા માટેનો ક્રમિક પુરુષાર્થ સાધવામાં, અને છેવટે નવભારતના લોકશાહી બંધારણની રચનામાં કે તે બાદ એ પ્રજાસત્તાકના પ્રથમ પ્રમુખની ફરજ ઉઠાવવામાં એમણે સદા જે નમ્રતા વિદ્વત્તા ને સમતા દાખવ્યાં છે એણે તો એક વિભૂતિ સર્જી.

વિદ્યા, વિનય, આદર્શ ને આચરણના ચતુર્વિધ પાયા પર રચાએલી એમની ઊર્મિભીની માનવતાએ એમને લોકોના લાડીલા 'રાજેન બાબુ' બનાવેલા. રાષ્ટ્રના આ શ્રદ્ધેય સજ્જનમાં ભારતના ઉચ્ચ સાંસ્કૃતિક, ગૌરવપ્રદ ને ઉમદા જીવનની પ્રતિમા અંકિત થએલી દેખાતી.



એમના અવસાનથી દેશે એક વિભૂતિતારક ખરી પડયાનો વિષાદ અનુભવ્યો.

પહેલા કૉલમને મથાળે: સેવામૂર્તિ રાજેન્દ્રપ્રસાદ સદાકત આશ્રમની સ્થાપના વેળા યુવાન વયે; ઉપર: ગુજરાતની મુલાકાત વેળા (ફોટો સુમનભાઈ શેઠ મીઆંગામ) નીચે: રાષ્ટ્રપતિભવનના મુઘલ ગાર્ડન્સમાં.



સરસ્વતીસેવા પણ ઊંચી દેશસેવા હોવાની પ્રતીતિ કરાવનાર

મહામહોપાધ્યાય ભારતરત્ન ડૉ. પી. (પાંડુરંગ) વી. (વામનરાવ) કાણે



સંકલન
પ્રો. વસંત જોષી

મરાઠીમાં એક કવિવચન છે: 'અનંત હસ્તેં કમલાવરાને, દેતાં કિતી ઘેશીલ દો કરાને' (ઈશ્વર અનંત હાથે આપે ત્યારે બે હાથમાં કેટલુંક લઈ શકીશ?). ભારતરત્ન કાણેના જીવનમાં એવું જ કૈંક થયું છે. એમને તો માત્ર અભ્યાસ કરવો હતો અને આજીવિકા મેળવવી હતી. પણ એમણે માગ્યું એના કરતાં અનેકગણું એમને મળી ગયું. આજના આ જમાનામાં પણ સરસ્વતીસેવક સર્વત્ર કેવી રીતે પૂજ્ય ગણાય છે તે એમના જીવનથી પ્રતીત થાય છે.

આપણે માનીએ છીએ કે આફતો હમેશાં એકસામટી આવે છે; શ્રી કાણે માને છે કે ભલું થાય છે ત્યારે સર્વ દિશામાંથી સામટું થાય છે; અને એનો સાક્ષાત્કાર જીવનમાં એમણે સદા અનુભવ્યો છે. ગઈ ૨૬મી જાન્યુઆરીએ સરકારે એમને 'ભારતરત્ન'નું અનન્ય બિરુદ આપ્યું અને મુંબાઇ વિદ્યાપીઠે ૧૬મી ફેબ્રુઆરીએ ખાસ સમારંભ યોજી એમને ડી. લિટ્‌ની ઉપાધિ અર્પણ કરી. (પુના અને અલ્લાહાબાદે તો એમને એ ક્યારની યે એનાયત કરી છે.) આ સંબંધમાં એક પત્રકારે એમને પૂછેલું: 'સિકંદર વિષે કહેવાય છે કે ચક્રવર્તી થયા પછી અંતે એ રડયો હતો કેમકે જીતવા જેવું દુનિયામાં એને માટે કંઇ બાકી રહ્યું ન હતું. તમને સિકંદર જેવું થતું નથી ને? બધું જ્ઞાન તમે જીતી લીધું છે. હવે...'

ત્યાં તો ભારતરત્ન કાણે બોલ્યા, 'પણ હું ક્યાં દુનિયા જીતવા નીકળી પડયો હતો? શૉખ હતો એટલે વ્યાસંગ ચાલુ રાખ્યો; માન તો આપમેળે ચોમેરથી મારી તરફ ચાલી આવ્યાં છે. મેં કોઈ દિવસ કશું મેળવવાનો પ્રયાસ કર્યો નથી—પ્રત્યક્ષ તો નહિ જ, પણ અપ્રત્યક્ષે ય નહિ. મારા જીવનમાં નસીબે મોટો ભાગ ભજવ્યો છે. 'દૈવં ચ હવામ પંચમમ્' દૈવે મને કેટલા ય ચમત્કાર બતાવ્યા છે.'

શ્રી કાણેના પૂર્વજો વ્યવસાયે ભિક્ષુક હતા. પણ એમના પિતા વામનરાવ કાણેને એ ધંધા માટે અભિરુચિ ન હતી, એટલે એ અંગ્રેજી ભણ્યા. મૅટ્રિક થઇને એમણે 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર'ની પરીક્ષા પાસ કરી અને પોતાના દાપોલી ગામમાં વકાલત શરૂ કરી. પુત્ર પાંડુરંગ પણ એમ જ કરે તો ઠીક એવી એમની ઇચ્છા હતી. પણ દાપોલીની મિશન હાઇસ્કૂલમાંથી બહુ જ સારા માર્ક મેળવી છોકરો જ્યારે પાસ થયો ત્યારે એણે તો કૉલેજમાં જવાની હઠ પકડી. પિતાને એ ગમ્યું નહિ, એટલે તેમણે દીકરાને કોઇ જાતનું ઉત્તેજન જ ન આપ્યું. પણ પુત્રની મહત્ત્વાકાંક્ષા એથી કંઈ દબાય તેમ ન હતું. એણે સ્વતંત્રરીતે જ વિલ્સન કૉલેજના આચાર્ય ડૉ. મૅકિનનને પત્ર લખી સત્રમાં હાજરી આપ્યા વગર પરીક્ષામાં બેસવાની રજા આપવા માટે વિનંતી કરી. આવી રજા મળવી સહેલું ન હતું; પણ શ્રી કાણેનું ભાગ્ય મોટું હતું.

ઈ. ૧૮૯૭માં—એટલે કે એ મૅટ્રિક થયા તે જ વર્ષમાં મહારાષ્ટ્રમાં મરકીએ ભીષણ કેર વર્તાવ્યો હતો. નિશાળો અને કૉલેજો બધી જ બંધ રાખવામાં આવી હતી. એટલે આચાર્યે વિદ્યાર્થીને લખ્યું: 'સત્રની ફી (જે ત્યારે તો માત્ર છત્રીસ જ રૂપિયા હતી) ભરી કૉલેજમાં દાખલ થઈ જાઓ. આ વર્ષના અસાધારણ સંજોગોને લીધે વર્ગહાજરી માટે યુનિવર્સિટી કદાચ બહુ આગ્રહ નહિ રાખે, અને બધાને જ ટર્મ મળી જાય એવો સંભવ છે.' અને થયું પણ એમ જ.

એક બાજુ: પેટમાં ચાંદું હોવાથી સતત રહેલી વ્યથા
બીજી બાજુ: વકાલતનો વ્યસ્ત રાખતો વ્યવસાય
વધારામાં સાર્વજનિક ક્ષેત્રની કામગીરી
આ ત્રણ તપની વચ્ચે પોતાના દીર્ઘજીવનકાળમાં
પ્રચંડ સંશોધનકાર્ય કરીને
પાંચ ખંડમાં સાત ભાગનો સાડા છ હજાર પાનાંનો
હિંદુ ધર્મશાસ્ત્રનો ઇતિહાસ એમણે લખ્યો

બીજા સત્રમાં દાપોલીનો એ વિદ્યાર્થી પી. વી. કાણે કૉલેજમાં દાખલ થયો, અને એક જ સત્રમાં હાજરી આપીને એણે પ્રથમ વર્ષની પરીક્ષામાં સૌ વિદ્યાર્થીઓમાં (એમનો ઐચ્છિક વિષય સંસ્કૃત હતો) પહેલા આવી ૧૭૫ રૂપિયાની શિષ્યવૃત્તિ અને ૧૦૦ રૂપિયાનું ઇનામ મેળવ્યું! શ્રી કાણે આને જિંદગીના પ્રથમ 'અકસ્માત' તરીકે ઓળખાવે છે! ત્યાર પછી યુનિવર્સિટીની એકેએક પરીક્ષામાં એમણે પારિતોષિકો મેળવ્યાં અને શિક્ષણ પૂરું કરી આજીવિકા માટે સરકારી નોકરીમાં શિક્ષક તરીકે જોડાયા.

એટલામાં એક વખત એક સરકારી કૉલેજમાં મદદનીશ વ્યાખ્યાતાની જગ્યા ખાલી પડી તે માટે એમણે અરજી કરી. એમને એ નોકરી મળી નહિ, એટલું જ નહિ પણ જેણે કોઇ પણ પરીક્ષામાં કદી એકે ઈનામ મેળવ્યું ન હતું એવી એક વ્યક્તિની ત્યાં નિમણૂક થઈ! આ વાતનો વિરોધ દર્શાવતો કાગળ શ્રી કાણેએ સરકાર પર લખ્યો; પણ તેના આગળ શા હાલ થયા તે હજી જણાયું નથી! જોકે આગળ જતાં એ શિક્ષકમાંથી પ્રાધ્યાપક તો બન્યા; ને આખરે તેમણે હાઈકોર્ટમાં વકાલત પણ શરૂ કરી.

ઈ. ૧૯૧૧માં પ્રો. શ્રીધર રામકૃષ્ણ ભાંડારકરની પ્રેરણાથી મુંબાઇ સરકારની સંસ્કૃત ગ્રંથમાળા માટે 'વ્યવહારમયૂખ'ની સટિક આવૃત્તિ તૈયાર કરવાનું કામ એમને સોંપવામાં આવ્યું. ઈ. ૧૯૧૭માં જગત્ખ્યાત વિદ્વાન સંશોધક ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરના નામ સાથે સંકળાએલી સંશોધનસંસ્થા પુનામાં ઊભી કરવામાં આવી, ત્યારે શ્રી કાણે એના સંસ્થાપકોમાંના એક હતા. સરકારની સંસ્કૃત ગ્રંથમાળા એ સંસ્થાને સોંપી દેવામાં આવી; અને જ્યારે એ સંસ્થા મારફતે 'વ્યવહાર

ગયૂખ'ની આવૃત્તિ ૧૯૨૭માં બહાર પડી ત્યારે કોણ જાણે કંઈ પ્રેરણાથી એ આવૃત્તિની પ્રસ્તાવનામાં સંપાદકે 'હિંદુધર્મશાસ્ત્રનો સંપૂર્ણ ઇતિહાસ' લખવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો! 'એ ભગીરથ કામ જિંદગીનાં પૂરાં પાંત્રીસ વર્ષ માગી લેશે અને એનાં સાડા છ હજાર પાનાં થશે એવું મારા કાનમાં કોઈ તે વખતે ગણગણ્યું હોત તો આવું સાહસ ખેડવાનો મેં વિચાર સરખો ય ન કર્યો હોત' એમ શ્રી કાણે આજે કહે છે!

આ મહાન કાર્ય પૂરું કરવાનો એમણે નિશ્ચય કર્યા પછી એમને જીવનમાં વારંવાર અનેક પ્રલોભનો જતાં કરવાં પડ્યાં. શ્રી કાણેના શિષ્ય તરીકે પોતાને ઓળખાવવામાં જે ગૌરવ અનુભવતા એવા સદ્ગત શ્રી બાળાસાહેબ ખેરે એમને મુંબાઇ વિદ્યાપીઠના ઉપકુલપતિ નીમ્યા. શ્રી કાણેએ ખૂબ આનાકાની કરી. પણ ખેર જવા દે એવા ન હતા. આગ્રહ કરીને એમણે ગુરુને ત્યાં બેસાડ્યા. પણ ઉપકુલપતિના અધિકારો મર્યાદિત હોય, અને વિદ્યાપીઠનું કામ કરવામાં અવિરત અને અવ્યભિચારી વિદ્યાવ્યાસંગ ચલાવી ન શકાય એ કારણસર એક વર્ષમાં જ શ્રી કાણે ત્યાંથી ખસી ગયા! કેળવણી-મંત્રીએ એમને માસિક બે હજારના પગારનું પ્રલોભન બતાવ્યું, પણ કાણે અફર રહ્યા. એક વાર તેઓ ત્યાંની જંજાળમાં ભરાયા હોત તો ક્યારે ય બહાર નીકળી શકત નહિ અને ધર્મશાસ્ત્રનો ઇતિહાસ અધૂરો જ રહી જાત!

પ્રાધ્યાપક ડૉક્ટર કાણે આજે 'ભારતરત્ન' થયા તે ખાસ કરીને એમના આ વિદ્યાવ્યાસંગને લીધે જ. સરસ્વતીની સેવા એ શ્રેષ્ઠ દરજ્જાની દેશસેવા તરીકે ઓળખાવી શકાય. ધર્મશાસ્ત્રના ઇતિહાસના છેલ્લા ખંડની પ્રસ્તાવનામાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ લખે છે:

His work is of lasting value. At a time when we are building an intigrated Indian society, a dispassionate study of our *Dharmashastra* is essential. By his work we are helped to understand what is living and what is dead in the heritage which has come down to us.

ડૉ. રાધાકૃષ્ણન્ તો ડૉ. કાણેને ઘણા વખતથી ઓળખે છે. ૧૯૪૮માં પારી(સ)માં પ્રાચ્યવિદ્યાવિશારદોની આંતરરાષ્ટ્રીય પરિષદ મળી તેમાં ભારતવર્ષ તરફથી ડૉ. રાધાકૃષ્ણન્, ડૉ. કાણે અને કલકત્તાના ડૉ. એસ. કે. ચતર્જી પ્રતિનિધિઓ તરીકે ગયા હતા. ઇ. ૧૯૫૦માં ડૉ. રાધાકૃષ્ણન્ ઉપરાષ્ટ્રપતિ થયા અને હોદ્દાની રૂએ રાજ્યસભાના પ્રમુખ નીમાયા. ૧૯૫૩માં ડૉ. કાણેની રાજ્યસભામાં નિમણૂક થઇ ને બંનેનો પરિચય ગાઢ થયો. ધાર્મિક અને સામાજિક વિષયોની ચર્ચા દરમિયાન પાર્લમેંટમાં ઘણી વાર એમણે અભ્યાસપૂર્ણ ભાષણો કર્યાં છે.

૧૯૪૬માં નાગપુરમાં ભરાએલી પ્રાચ્યવિદ્યા પરિષદના અને ૧૯૫૩ની વૉલ્ટેરની ભારતીય ઇતિહાસ પરિષદના તેઓ પ્રમુખ હતા. ૧૯૫૧ અને ૧૯૫૪માં ઈસ્તંબુલ અને કૅમ્બ્રિજમાં ભરાએલી પ્રાચ્યવિદ્યા પરિષદોમાં ભારતના પ્રતિનિધિ તરીકે તે જ ગયા હતા. કૅમ્બ્રિજથી અમેરિકા જઇ ત્યાંની વિદ્યાપીઠોનાં ગ્રંથાલયોમાં એમણે વાચન કર્યું.

૧૯૫૮ના સ્વાતંત્ર્યદિનના શુભ મુહૂર્તે ભારત સરકારે એમને દોઢ હજાર રૂપિયાનું વર્ષાસન બાંધી આપ્યું. ત્યાર પહેલાં બ્રિટિશ સરકારે પણ એમને 'મહામહોપાધ્યાય'નો ઈલ્કાબ આપી બારસો રૂપિયાનું વર્ષાસન બાંધી આપ્યું હતું જ. ૧૯૫૯માં ભારત સરકારે એમને રાષ્ટ્રીય પ્રાધ્યાપક નીમ્યા અને અઢી હજારનું મહેનતાણું બાંધી આપ્યું. આખું જીવન સરસ્વતીને અર્પ્યું એ ખાતર જ એમના કાર્યની સરકારે આ કદર કરી છે એમ કહી શકાય.

ત્રણ મહિના પછી ડૉ. કાણેને ચોર્યાશીમું વર્ષ બેસશે. દૈવે પોતાને આટલી લાંબી આવરદા આપી તેથી જ પોતે ઘણું કાર્ય કરી શક્યા એવો એકરાર તેઓ વારંવાર કરે છે. એમના ત્રણ મોટા ભાઇઓ ત્રીસ વર્ષની ઉમર થતાં પહેલાં જ અવસાન પામ્યા હતા. છેક કુમારવયથી —સોળ વર્ષના હતા ત્યારથી આજ સુધી તેઓ પેટના દુખાવાથી પીડાતા જ રહ્યા છે; પણ નિયમિત આહાર અને સંયમી જીવનને પરિણામે તેમનો વિદ્યાવ્યાસંગ ચાલુ રહી શક્યો છે.

ડૉ. કાણેના પૂર્વજો ભિક્ષુકો હતા અને જીવનમાં એમણે લક્ષ્મીદેવીની ઉપાસના કદી કરી નથી, એટલે એમની આર્થિક સ્થિતિ વિષેનો થોડો ખયાલ તો આવ્યો જ હશે. મુંબાઇના ગિરગામ લત્તામાં, વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલી આંગ્રેવાડી નામની એક જૂની ચાલીમાં તેઓ વર્ષોથી રહે છે. એમનો અભ્યાસખંડ દસબાર ફીટ લાંબોપહોળો હશે. ચોપડીઓનાં બે કબાટો, લખવા માટે એક સાદું ટેબલ અને ફાવે ત્યારે ટેકો દઇ આરામ કરી શકાય એવી એક ખુરશી, અભ્યાગતો માટે બે ખુરશીઓ અને એક બાંકડો—બસ, એટલો જ સરસામાન. ૧૯૫૬માં વકાલાતમાંથી નિવૃત્તિ લીધી ત્યારે પોતાના સંગ્રહમાંનાં કાયદાનાં બધાં પુસ્તકો હાઇકોર્ટ લાયબ્રેરીને આપી દીધાં. ઈતિહાસ લેખનનું પોતાનું કામ તેઓ હાથે જ કરે છે, અને તે પણ જૂના જમાનાના હોલ્ડરથી! ઓચિંતી ક્યાંક સહી કરવી પડે ત્યારે ખપ લાગે એ દષ્ટિથી એમણે એક ફાઉન્ટન પેન વસાવી તો છે, પણ એને પાંચ લીટીઓ જેટલું લખવાનું યે ભાગ્ય મળ્યું નથી! અભ્યાસખંડની બહાર ચાલીમાંના છોકરા આખો દિવસ શોર મચાવતા હોય ત્યાં શાંતચિત્તે બેસી ડૉ. અણ્ણાસાહેબ કાણે રોજ પાંચથી આઠ કલાક લેખનકાર્ય કરે છે. ગહન સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરતા જાય અને નવા અર્થ સૂઝે તે નોંધતા જાય એ એમનો દિનક્રમ. ઘેર મુલાકાત ન થાય તો અણ્ણાસાહેબ ચોક્કસ રૉયલ એશિયાટિક સોસાએટીની ગ્રંથશાળામાં મળવાના જ. રોજ સાંજે ચોપાટી પર ફરવા જવાનો એકમાત્ર શૉખ એમને છે; પણ ગઇ સાલ ચોપાટીથી પાછા ફરતા ફલોરા ફાઉન્ટન પાસે બેભાન બની પડી ગયા ત્યારથી એકલા ફરવા જતા નથી. છતાં ઉમરના પ્રમાણમાં તબિયત એમણે ઘણી સારી રાખી છે. કાન અને આંખો બરાબર કામ આપે છે. દાંત હજી કુદરતી જ છે. ઉપર-નીચે ચડવા-ઊતરવાનું પગોનું કામ હવે તેઓએ જરા ઓછું કર્યું છે. નિદ્રાનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું છે; અને પેટના દુખાવાને લીધે ખોરાક પર સદંતરનું નિયંત્રણ તો છે જ. દૂધ પર વધારે શ્રદ્ધા રાખે છે. ચા-સોપારીનું યે વ્યસન નથી. લેખન-વાચનનું એક જ વ્યસન છે તે એટલું ઉગ્ર છે કે તદ્દન નિકટની ગણેલી એવી બે-ત્રણ સંસ્થાઓ ઉપરાંત ક્યાં યે ભાષણ કરવા પણ જતા નથી. સ્મરણશક્તિ હજી જાગ્રત છે. અને "कर्वन्नेवेड कर्माणि जीजो विषेच्छतं समाः:" એ ઔપનિષદિક વચનમાં શ્રદ્ધા રાખી તેઓ જીવન વીતાવે છે.

લોખંડનો ભંગાર: તમને ખયાલ છે ખરો, કે આપણી પાસેથી લોખંડનો ભંગાર ખરીદી લઈ જઇને જાપાન પોતાના અનેક ઉદ્યોગો નિભાવે છે? બિન ઉપયોગી ને તુચ્છ લાગતી લોખંડની એકેએક વસ્તુ રાષ્ટ્રની યુદ્ધજન્ય પરિસ્થિતિમાં અતિ મૂલ્યવાન સેવા આપી શકે એ માની શકો છો? રાષ્ટ્રને અતિ જરૂરી એવા શસ્ત્રઉત્પાદનમાં અત્યંત ઉપયોગી એ પુરવઠો ફેંકી ન દો.

એને સંઘરો ને તમારો બહુમૂલો ફાળો આપી રહો.

દેવની મોરીના
પુરાતત્ત્વાવશેષ

આજથી પોણા બે હજાર વર્ષ પહેલાંનો

ગુજરાતમાં બૌદ્ધ મહાવિહાર

સ્થાપત્ય

લેખક
ડૉ. રમણલાલ નાગરજી મહેતા
અને સૂર્યકાન્ત ચૌધરી
ડિપાર્ટમેન્ટ ઑવ આર્કીઑલૉજી
મ. સ. યુનિવર્સિટી વડોદરા

ગુજરાતના ઈશાન ખૂણામાં સાબરકાંઠા જિલ્લામાં શામળાજીનું તીર્થસ્થાન છે. તે સ્થળને અગ્નિ ખૂણે 'દેવની મોરી' નામનું નાનું ગામ છે. તેની નજીકમાં 'ભોજરાજાના ટેકરા'ને નામે ઓળખાતો પુષ્કળ ઝાડીવાળો એક ટેકરો હતો, અને તેની પાસે એક બીજો લંબચોરસ ટેકરો હતો. એ લંબચોરસ ટેકરાના મધ્યભાગમાં એક ખાડો હતો.


આ સ્થળે મોટા કદની ઈંટો (સત્તર ઈંચ લાંબી, બાર ઇંચ પહોળી અને અઢીથી ત્રણ ઈંચ જાડી) મળતી હતી. આવી ઈંટો મળી આવે એ ત્યાં કોઇ પ્રાચીન અવશેષો મળવાનું ચિહ્ન ગણાય છે. તેથી વડોદરાની મ. સ. યુનિવર્સિટીના પુરાવસ્તુવિદ્યા વિભાગે તે સ્થળની પૂર્વતપાસ કર્યા બાદ ઈ. ૧૯૫૯થી ત્યાં ઉત્ખનન (ખોદકામ) શરૂ કર્યું. તેને પરિણામે ત્યાં એક બૌદ્ધ વસાહતના અવશેષો મળી આવ્યા છે.

બૌદ્ધ વસાહતો મોટે ભાગે ગામની નજીક, મોટા રસ્તાની પાસે, નદી કે પર્વતોને પડખે બાંધવામાં આવતી, એ પ્રણાલિકા અહીં સચવાએલી છે. દેવની મોરીની આજુબાજુ આશરે ૫૦૦ ફૂટ ઊંચી ગિરિમાળા છે. તેની વચ્ચેથી મેશ્વો નદી વહે છે. આમ પર્વત, નદી, જંગલો તથા હરિયાળાં ખેતરો વડે દેવની મોરીની ખીણ મનોહર બની છે.


આ મનોહર ભૂમિમાં, મેશ્વો નદીને ડાબે કિનારે બૌદ્ધોએ વસાહત માટેનું સ્થળ પસંદ કર્યું. એ સ્થળની બન્ને બાજુએ પાસેના ડુંગરોમાંથી નીકળતાં, સર્પાકારે વહી જતાં ઝરણાંનાં વાંઘાં છે. એ વાંઘાં અને નદીથી સુરક્ષિત અને કુદરતી સૌંદર્યથી સભર આ ખીણમાં ધાર્મિક ચિંતન માટે બૌદ્ધોએ વસવાટ શરૂ કર્યો.

બૌદ્ધ સાધુઓના રહેવાના સ્થળને 'વિહાર' કહેવામાં આવે છે. અહીંના વિહારનું નામ 'મહાવિહાર'. જોકે 'મહાવિહાર' સામાન્ય નામ છે અને એ નામના વિહારો બીજે પણ જોવામાં આવે છે.

દેવની મોરીનો મહાવિહાર ઈંટેરી બાંધકામ છે. તેનો એક વખત સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયો હશે એમ પણ દેખાય છે, કારણ કે મૂળ મહા-




વિહારની ફર્શબંદી પર તેમજ તેની ભીંતોની બહાર માટી પૂરીને બીજો વિશાળ વિહાર બાંધવામાં આવ્યો હતો. એ ૧૩૫×૧૨૫ ફૂટ લાંબો-પહોળો છે. વચ્ચે વિશાળ ચોક છે. આ ચોક નૈર્ઋત્ય ખૂણામાં ઢળતો હતો અને તેથી મોરીમાંથી વિહારનું પાણી બહાર જતું. ચોકની આજુબાજુ ઓરડીઓના અવશેષો છે. (ચિત્ર ૧) વિહારનું પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ છે. એની સામે ચોકમાં વિહારની અંદરનું નાનું મંદિર છે. આ મંદિરની ફર્શબંદી પથ્થરની હતી, જ્યારે બીજી ઓરડીઓની ઇંટોની હતી. વિહારની આ નાની નાની ઓરડીઓનાં પ્રવેશદ્વાર એક બારણાં-



દેવની મોરીની મનોહર ખીણનું એક દૃશ્ય




ચિત્ર ૨ : ભોજરાજનો ટેકરો જેની નીચે સ્તૂપ દટાયેલો હતો



ચિત્ર ૩ : ટેકરો ખોદ્યા પછી નીકળતા આવતા સ્તૂપનું દૃશ્ય

વાળાં હતાં. એ બારણાં ચણીઆરાંવાળાં હોવાની કલ્પના થઈ શકે એ પ્રકારના ઘસારા પથ્થરો તેમજ ઈંટો પર પડેલા દેખાય છે. વિહારનું છાપરું એક ઢાળવાળું કે બે ઢાળવાળુ હશે એ બાબત ચેક્કસ પુરાવા નથી, પરંતુ તેને છાવા માટે બે કાણાવાળાં લંબચોરસ નળિયાંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એમ ઉપલબ્ધ પુરાવાઓ દર્શાવે છે.

આ વિહારની બહાર ચારે તરફ ફરતો ઓટલો હતો, જેનો ઘણો ભાગ નાશ પામ્યો છે. સંભવ છે કે આ ઓટલો કદાચ પાછળથી બનાવ્યો હોય. વિહારના બહારના ભાગ પર ઓછામાં ઓછા બે વખત ફેરફારો થયાનાં એંધાણ મળે છે વિહારમાં ચડવા-ઊતરવાની સગવડ-



ચિત્ર નં. ૧ : મહાવિહારના ખોદકામનું દૃશ્ય · દેવની મોરી (સ્તૂપ ઉપરથી લીધેલો ફોટોગ્રાફ)

માટે તેમજ વ્યાખ્યાન માટે કરેલાં વિવિધ બાંધકામો સચવાયાં છે.

વિહારની પૂર્વમાં કેટલાંક ઇંટાવાળાં ખેતરો છે. તેમાં કેવી ઈમારતોના અવશેષો છે એ અનુમાનનો વિષય છે, પરંતુ તે પૈકી એકમાંથી બૌદ્ધોના દેવ જંભલની પ્રતિમા મળી હતી તે પરથી આ વસાહતો પણ બૌદ્ધોની હતી એમ તો ફલિત થાય છે.

આ બૌદ્ધવિહાર અહીં બંધાયો ત્યાર બાદ તેમની પૂજાની મુખ્ય આવશ્યકતા પણ પૂર્ણ થઈ. ભગવાન બુદ્ધ મૂર્તિપૂજામાં માનતા ન હતા. તેમના પરિનિર્વાણ સમયે થએલા વાર્તાલાપથી સ્પષ્ટ જણાય છે કે તેમણે પોતાના શરીરાવશેષ પર માત્ર સ્તૂપ બનાવવાનો અનુરોધ કર્યો હતો. તેમના નિર્વાણ બાદ તેમના અવશેષ માટે તત્કાલીન રાજ્યોમાં ખૂબ હરીફાઈ જાગી હતી અને પરિસ્થિતિ તલવારો ખખડવા સુધી વધી હતી. અંતે દ્રોણ નામના સાધુએ આ તકરાર શાંત પાડીને તેમના અવશેષોની વહેંચણી કરી નાખી. એમ જુદેજુદે સ્થળે ગએલા બુદ્ધાવશેષો પર સ્તૂપો બંધાયા બાદ બૌદ્ધ સંપ્રદાયમાં સ્તૂપો પૂજાર્હ ગણાયા અને તેથી વિહાર પાસે સ્તૂપો બાંધવાની અને સ્તૂપો પાસે વિહારો બાંધવાની એમ વિવિધ પરિસ્થિતિને અનુકૂળ પ્રવૃત્તિઓ વિકસી.

દેવની મોરીમાં પહેલાં વિહાર હતો અને તેને આશ્રયે પછી સ્તૂપ બંધાયો(ચિત્ર ૨) એ 'મહાસ્તૂપ' કહેવાતો. તેનું બાંધકામ સંપૂર્ણ ઇંટેરી છે. ઈ. સ. ૨૦૫માં સાધુ અગ્નિવર્મા અને સુદર્શન નામના બૌદ્ધ સાધુઓએ મૂળ વિહારની ઉત્તરે તે બંધાવ્યો હતો. તેનો પાયો પીળી માટી, રોડાં, કાંકરા વગેરેથી મજબૂત બનાવ્યો હતો. આજે તે તદ્દન ભગ્નાવશેષ થઇ ગએલો હોવાથી તેની બહારની રચના કેવી હતી તે દર્શાવતા ઘણા પુરાવાઓ નષ્ટ થયા છે. તેથી તે માત્ર એક પ્રદક્ષિણામાર્ગ અને પીઠિકાવાળી રચના હતી કે તેની પર બે પીઠિકાઓ હતી એ વગેરે ઘણી હકીકતો સ્પષ્ટ થતી નથી. આજની પરિસ્થિતિમાં તેની નીચેની પીઠિકા, પ્રદક્ષિણામાર્ગ અને તેની ઉપર ગોખ,કુંભીવાળી બીજી પીઠિકાનો કેટલોક ભાગ સરળતાથી સમજાય છે, બાકીનો ઘણો ભાગ તૂટી ગએલો હોઇને સ્તૂપની બહારની રચનાના ઘણા સૂક્ષ્મ સવાલો અનુત્તર રહે છે (ચિ.૩) પણ સ્તૂપનો ભાગ સુશોભિત કરવામાં કોઈ કચાશ રખાઈ ન હતી, એમ તેના અવશેષો તથા ત્યાંથી મળી આવેલાં વિવિધ સુશોભનો દર્શાવે છે. આ તમામ પુરાવાઓને બળે નીચેની હકીકતો દર્શાવી શકાય એમ છે.

મહાસ્તૂપની નીચેની પીઠિકાના મધ્ય ભાગે નાની થાંભલીઓ હતી. તેના કુંભી, સ્તંભ ને શરાં સુડોળ હોઇ, શરાં તો ખૂબ સુશોભિત છે. એ સુશોભનો ગાંધાર અને પાશ્ચાત્ય શૈલીની યાદ આપે છે. સ્તૂપની દરેક બાજુએ આવી થાંભલીઓ હતી તે પૈકી દક્ષિણ બાજુએ દશ થાંભલી હોવાના પુરાવા છે. પશ્ચિમ પર પણ આવા પુરાવા છે, પરંતુ સ્તૂપના ખૂણા તૂટી ગયા છે. જો તૂટેલા ખૂણા પર બે બાજુ પરથી જોઇ શકાય એવી થાંભલીની કલ્પના કરવામાં આવે તો સ્તૂપની નીચેની પીઠિકા બાર થાંભલીવાળી હતી એમ કહી શકાય. આ મનોરમ શરાંવાળી કુંભીઓ ભીંતને વિભક્ત કરીને તેજછાયાને બળે સ્તૂપને વધુ રમણીય બનાવતી. અને પ્રથમ પીઠિકાની કેવાલ તો સ્તૂપના સૌંદર્યમાં ખૂબ વધારો કરતી. આ કેવાલને સુશોભિત કરવા માટે ત્રણ પ્રકારનાં સુશોભનો વાપર્યાં છે.




ચિત્ર નં. ૪ સુશોભિત ઈંટો

સૌથી નીચેનું સુશોભન નાના ચોરસોનું છે. આ ચોરસોમાં એક કોતરેલો અને એક કોતર્યા વગરનો હોઈ વિશાળ પાયા પર આ તદ્દન સાદો જણાતો ઘાટ સુંદર લાગે છે. આ સમતલ ઘાટ પર સુશોભનોનો બીજો ઘાટ વેલભાતનો છે. મોટાં પાંદડાં અને વચ્ચે ગોળા વાળી આ મનોરમ વેલનું ઉદ્ભવસ્થાન પણ પાશ્ચાત્ય હોવાનું અનુમાન થઈ શકે એમ છે. પ્રથમ સુશોભન કરતાં તે સહેજ આગળ આવતું સુશોભન છે. તેની ઉપર ત્રીજું સુશોભન ટોડલાનું છે. હારબંધ મૂકેલા આ ટોડલાઓ પ્રથમ બન્ને સુશોભનો કરતાં વધારે આગળ આવીને સુશોભિત કેવાલને ઐક્ય બક્ષે છે. આ ત્રણે સુશોભનો ઇંટોમાં બનાવેલાં છે માત્ર ગણતરી ખાતર કહીએ તો આ ત્રણ સુશોભનોની પટ્ટી લાંબી મૂકવામાં આવે તો તે૧૦૩૨ ફૂટ એટલે કે આશરે દોઢ ફર્લાંગ લાંબી થાય!

આ સુશોભનોની ઉપર ગોળાકારે કેવાલ વળીને પ્રદક્ષિણાપથ સાથે સમતલ થાય છે. પ્રદક્ષિણાપથ પ્રથમ પીઠિકાની ઉપર છે. આ પથ પર જવા માટેનાં પગથિયાં મળ્યાં નથી, પરંતુ પૂર્વ બાજુએ મળતા કેટલાક પુરાવા પરથી એ તરફ પગથિયાં હોવાનું અનુમાન થઈ શકે એમ છે.

ચિત્ર : ૫ – ચૈત્યગવાક્ષ સુશોભન



ચિત્ર : ૬ – ઈંટ પરનું સુશોભન



ચિત્ર : ૭ – ઈંટ પરનું સુશોભન





ચિત્ર ૮–સ્તૂપમાંથી મળી આવેલી બુદ્ધમૂર્તિ: અર્ધું ખોદકામ થએલી સ્થિતિમાં; જમણી બાજુ: સ્તૂપમાંની બુદ્ધમૂર્તિ–જેની નીચે અવશેષોનું પાત્ર હતું.



જો પ્રથમ પીઠિકા સુંદર હતી તો બીજી પીઠિકા સુંદરતમ હતી. તેનો મોટો ભાગ તૂટી ગયો છે તેથી તેના સૌંદર્યનો પૂરતો ખયાલ આપતા અવશેષો રહ્યા નથી. પરંતુ પ્રદક્ષિણાપથ પર ધસી પડેલી અને ક્વચિત મૂળ સ્થળે ટકી રહેલી વસ્તુઓને બળે કેટલોક ખયાલ મળી શકે.

આ પીઠિકાના કુંભાની ઉપર દરેક બાજુએ સ્તૂપના કટિભાગ પર ગોખ મૂકવામાં આવ્યો હતો. આ ગોખને સુંદર કુંભી, (ચિત્ર ૪) સ્તંભો અને કમાનો વડે શણગારીને તેની અંદર બુદ્ધની ધ્યાનસ્થ પ્રતિમા પધરાવવામાં આવી હોવાનું સાધારણ અનુમાન થાય એમ છે.

આ મનોહર ગોખની આજુબાજુની જગ્યામાં પ્રથમ પીઠિકા જેવી થાંભલીઓ અને તેની વચ્ચે ચૈત્ય ગવાક્ષોનાં સુશોભનોની અંદર બૌદ્ધ પ્રતિમાઓ સ્થાપવામાં આવી હતી. તદુપરાંત કેટલાક ગવાક્ષોની મધ્યે ગોળાકાર સુશોભનો હતાં (ચિ. ૫). જ્યારે બીજા ગવાક્ષોમાં ગણ કે ગ્રાસ ગણાય એવાં મુખો હતાં. આ સુશોભનોમાં વધારો કરવા માટે ચોરસ સુશોભિત ઈંટો વપરાતી, તેની પર સાદા ચોરસ શંખ, ગ્રાસ, (ચિ. ૬) પાન (ચિત્ર ૭) વગેરેની આકૃતિઓ કંડારેલી છે.

આખા યે સ્તૂપનો આ ભાગ સૌથી વધુ રમણીય હતો. સ્તૂપની પ્રદક્ષિણા ફરતાં ફરતાં ઉપાસકો તેમજ શ્રમણોની નજર જ્ઞાન, અનુકમ્પા અને કારુણ્યના પ્રભાવનિધિ એવા સમ્યકસંબુદ્ધ ભગવાનનાં ચરણ-કમળ પર રહે અને તેમના પર સમ્યકસંબુદ્ધ શાક્યમુનિની દૃષ્ટિ પડે એ રીતે માટીની બનાવેલી બુદ્ધની ધ્યાનસ્થ, મુદિત ને કરુણામય મુખારવિંદવાળી મૂર્તિઓ ત્યાં ગોઠવી હતી. (ચિત્ર ૮)

માટીની આ પ્રતિમાઓ બનાવી અહીંના કલાકારોએ ઉચ્ચ કલાનાં સોપાન સિદ્ધ કર્યાં છે. બે ફૂટ જેટલી ઊંચાઈની આ ધ્યાનસ્થ પ્રતિમાઓ દૂરથી એકસરખી દેખાતી હોવા છતાં સૂક્ષ્મ અવલોકન તેમાં રહેલું વસ્ત્રો, આસનો તેમજ દેહયષ્ઠિનું વૈવિધ્ય પુરવાર કરે છે. ઈ. સ. ૨૦૫માં તૈયાર થએલી આ મૂર્તિઓની શોધ થતાં, બૌદ્ધમૂર્તિના વિકાસ માટે રજૂ થએલા ઘણા વિચારો પુનર્વિચારણા માગી લેતા થયા છે.

પ્રદક્ષિણાપથની ઉપરનો આ મનોહર ભાગ આખા યે સ્તૂપનો કદાચ સર્વોત્કૃષ્ટ ભાગ હશે. તેની ઉપરનો ભાગ પુષ્કળ ખંડિત થઈ ગયો હોઈ તેનું મૂળ સ્વરૂપ સમજાય એવું રહ્યું નથી.

આ મહાસ્તૂપની રચનાનો ત્રીજો ભાગ તેની ઉપરનો અર્ધગોળ અંડ છે. એ બહારથી વર્તુલાકાર દેખાય છે. પરંતુ તેનો ઘણો ભાગ તૂટી ગએલો હોવાથી તેની મૂળ પહોળાઇ કેટલી હતી તથા તેનો દેખાવ કેવો હતો એ હકીકતો સ્પષ્ટ થતી નથી. પરંતુ જેમ બીજા સ્તૂપોમાં આ ભાગ ગોળાકાર હોય છે તેવો એ હતો એટલું કહી શકાય. આ ભાગની બહારની રચના અને ઘાટની બાબત વધુ પુરાવાઓ રહ્યા નથી તેથી બીજા સ્તૂપો સાથે તેની સરખામણી કરવાનું કામ થોડું મુશ્કેલ છે. સ્તૂપની ઉપરની હર્મિકા અને છત્રયષ્ટિ તદ્દન નાશ પામી ગઈ હતી. તેના કોઈ અવશેષો બચ્યા હોવાના પુરાવાઓનો સામાન્ય અભાવ છે.

સ્તૂપની બહારના આકારો વધુ છિન્નભિન્ન થયા હોઇ તેને માટે અનુમાનો, કલ્પના વગેરેને અવકાશ રહે છે, પરતુ તેની અદરની રચના અણીશુદ્ધ સ્થિતિમાં સચવાએલી મળી આવી છે. સ્તૂપના અંડના કેન્દ્રપર એક ચોરસ રચના કરીને તેની આજુબાજુ વલયો રચવામાં આવતાં. આ વલયોની બાજુઓ પહોળી અને એક બાજુ અણીઆળી બનાવીને તેને પીપળાના પાનનો ઘાટ આપવામાં આવતો આખી યે રચના જુદી દિશામાં ફરતી રહે એમ જુદાજુદા થરો ગોઠવાતા.

આવાં પીપળાના પાનના ઘાટવાળાં વલયોની વચ્ચે આ સ્તૂપ બાંધવાને માટેના કારણભૂત દાબડો મૂકવામાં આવ્યો હતો (ચિત્ર ૯) આ દાબડાને માટીના ઘડાની વચ્ચે મૂકીને ઈંટોરી ફરાંબંદી પર મૂક્યો હતો. પારેવા–પથ્થરનો, સાત ઇંચ વ્યાસ ને પાંચ ઈંચ ઊંચાઇનો આ દાબડો સંઘાડા પર ઉતારીને બનાવેલો છે. તેનું ઢાંકણું, ઢાંકણાની ટોચ પરનો ગોળો અને દાબડાનો મુખ્ય ભાગ જુદાજુદા બનાવ્યા છે.




જેના ઉપર આ મહાસ્તૂપ બાંધવામાં આવ્યો હતો
તે ભગવાન બુદ્ધના દેહાવશેષ ધારણ કરતો દાબડો.


આખા યે ઢાંકણા પર, બહાર, બાજુ પર અને અંદરના ભાગ પર ઈ.સ.ની શરૂઆતની સદીઓમાં વપરાતી બ્રાહ્મીલિપિમાં, પાલીભાષામાં 'નિદાસૂત્ર' અથવા પ્રતિત્યસમુત્પાદનો બૌદ્ધ ધર્મમાં વિખ્યાત સિદ્ધાંત કોતરેલો છે. આ સૂત્ર બીજા સ્તૂપોમાંથી પણ મળી આવ્યું છે અને ધાર્મિક દૃષ્ટિએ એ અત્યંત મહત્ત્વનું છે. તેમાં બાર નિદાનોની ઉત્પત્તિ અને નિરોધની હકીકતો દર્શાવી છે. આ ધાર્મિક લેખ ઐતિહાસિક દૃષ્ટિએ પ્રમાણમાં ઓછો ઉપયોગી છે.


પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો લેખ તો દાબડાની ઉપર છે. એ લેખ પ્રથમ આછા અક્ષરોએ લખવામાં આવ્યો હશે અને ત્યાર બાદ તેની ઉપર ઉઠાવદાર સુંદર અક્ષરો દેખાય એ રીતે કોતરકામ કરવામાં આવ્યું હશે. એ આખો લેખ નીચે પ્રમાણે પ્રાથમિક વાચનામાં લાગે છે. તેનો વધુ અભ્યાસ થતાં એ વાચના સંપૂર્ણ થશે.


नमस्सर्वज्ञाय ॥ ज्ञानानुकम्पाकारुण्यप्रभावनिधये नमः सम्यक्संबुद्ध अर्घ्याय परवादितमोनुदे ॥ सप्तविंशत्यधिके कथिक नृपाणां समागतेब्दशते



← શામળાજીની નજીક આવેલો મેશ્વો નદીનો પટ અને ભોજરાજાનો ટેકરો (ચિત્રમાં તીર વડે દર્શાવ્યો છે તે). આ બધો વિસ્તાર મેશ્વોબંધ બંધાઈ ગયા પછી પાણીમાં ડૂબી જશે.

૧


૨


૩




↑ દેહાવશેષના દાબડાનાં ક્રમવાર ચાર દર્શન: (૧) દાબડાનું પ્રથમ દર્શન (૨) આસપાસનાં આવરણો દૂર કર્યાં પછી દેખાએલો ભગ્ન ઘટ અને તેમાં મૂકેલો દાબડો (૩) દાબડાની અંદર રાખેલું તામ્રપાત્ર અને (૪) એ પાત્રની અંદર રાખેલી સામગ્રી; જેમાં કાપડની બે નાની કોથળીઓ, લાકડાના ટુકડા ને ભગવાન બુદ્ધના દેહાવશેષ સાચવતી એક નાની શીશી છે.

भद्रपदपंचमदिने नृपतौश्रीरुद्रसेनेच कृतमवनिकेतुभूतम्म-
हाविहाराश्रये महास्तूपं सत्वानेकानुग्रह निरताभ्यां शाक्य-
भिक्षुभ्यां

साध्वग्निवर्म्म नाम्ना सुदर्शनेनच विमुक्तरंध्रेण कार्म्मान्ति-
केच पाशान्तिकपल्लौ शाक्यभिक्षुकावत्र दशबलशरीर-
निलयश्शुभशैलमयस्स्वयं वराहेण

कुट्टिमकतोकृतोयं समुद्गकस्सेनपुत्रेण ।। महासेनभिक्षुर-
स्यच कारयिता विश्रृतः समुद्गस्य

सुगतप्रसादकामोवृद्ध्यर्थेन्धर्म्मसंङ्याभ्यां ।।

આ લેખની ભાષા સંસ્કૃત હોઈ તેમાં કેટલાક દેશ્ય જણાતા પ્રયોગો પણ છે. લેખ અનુષ્ટુપ તથા આર્યા જેવા છંદોમાં હોઈને તેના તમામ અર્થો બેસાડવાનું કામ હજી ચાલે છે. એટલે આ લેખ પરથી ફલિત થતા રસપ્રદ મુદ્દાઓ જ અત્રે ઉતાર્યા છે.

આ લેખ સર્વજ્ઞને નમસ્કાર કરીને શરૂ થાય છે. ત્યાર બાદ બીજા શ્લોકમાં જ્ઞાન, અનુકમ્પા અને કારુણ્યપ્રભાવનિધિને નમસ્કાર કરવામાં આવ્યા છે. ત્રીજામાં પરપવાદરૂપી તમસને દૂર કરવાની ભાવના છે. ત્યાર પછીનો શ્લોક કથિક રાજાઓના ૧૨૭મા વર્ષમાં નૃપતિ રુદ્રસેન રાજ્ય કરતા હતા ત્યારે ભાદ્રપદના પાંચમા દિને અવનીકેતુ જેવા મહાસ્તૂપની મહાવિહારના આશ્રયે થએલી રચનાની વાત છે. આ સ્તૂપ બનાવનાર બૌદ્ધ સાધુઓ અગ્નિવર્મા અને સુદર્શનનાં નામ છે. પછી, 'દશબલના શરીરનું આ પથ્થરનું નિવાસસ્થાન સેનપુત્ર વરાહે કુટ્ટિમકમાં મૂક્યું' એ આશયનું લખાણ છે. આ પથ્થરનો દાબડો મહાસેન નામના ભિક્ષુએ બનાવડાવ્યો.

સ્તૂપ માટેની આ માહિતી ઉપરાંત આજુબાજુનાં ગામોનાં નામો પણ પ્રાપ્ત થાય છે. આ ગામોનાં નામો કર્મા અને પાશાન્તિકપલ્લિ હતાં. લેખનો 'કર્માન્તિક' શબ્દ એક જ ગણવો કે ગામનું નામ કર્મા ગણવું એ ભાષાશાસ્ત્ર અને સ્થળ-નામનો વિશેષ અભ્યાસ છે. પ્રસ્તુત નામ હાલના 'શામળાજી'નું જૂનું નામ હોવા બાબત કોઈ શંકા નથી. ત્યાં હજુ 'કરમાણુ' નામનું તળાવ છે. તેને વૈષ્ણવ ભક્ત કરમાબાઈ સાથે સાંકળી લઇને કરમાબાઇના તળાવ તરીકે લોકો ઓળખાવે છે. પરંતુ આ લેખથી એ તળાવ 'કરમા' ગામનું તળાવ એ અર્થ સ્પષ્ટ કરે છે અને ગામનું નામ 'કર્મા' હોવાનો અભિપ્રાય દૃઢ કરે છે.

પાશાન્તિકપલ્લી એ હાલ સ્થળ-નામ તરીકે મળતું નથી, પરંતુ દેવની મોરીની આજુબાજુ આ સ્થળ હોવું જોઇએ. આજનું દેવની મોરી એ પાશાન્તિકપલ્લી હોવાનો પૂરતો સંભવ છે.

આમ, પથ્થરના દાબડાનો લેખ ખૂબ મહત્ત્વનો છે. ગુજરાતના ક્ષત્રપ રાજાઓ 'કથિકો' કહેવાતા અને તેમના નામનો પણ સંવત્સર ચાલતો એ તદ્દન નવી માહિતી છે. શક સંવતના ગૂંચવાડાભરેલા પ્રશ્નમાં આ એક નવો પ્રકાશ છે.

પથ્થરના દાબડાની અંદર એક મણકો, ધાતુઓના થોડા કકડા અને બાકીનો ભૂકો હતો. તેની વૈજ્ઞાનિક પરીક્ષા ચાલે છે. આ પદાર્થોમાં વચ્ચે તાંબાની નાની દાબડી હતી. દાબડી ઘણી જ કટાએલી હતી. તેનો એક્સ-રે ફોટો પાડી, રાસાયણિક ક્રિયાઓથી તેના મોં પરનો કાટ દૂર કરી તેને ઉઘાડતાં તેમાંથી એક નાની શીશી અને કપડાની બે નાની થેલીઓ, લાકડાના ટુકડા અને ભૂકો વગેરે નીકળ્યાં. આ પૈકી શીશીમાં દશબલના શરીરના કાળા રંગના અવશેષ ભરેલા છે.

'દશબલ' એ બૌદ્ધ પ્રણાલિકામાં બુદ્ધનું વિશેષણ છે. એટલે આ દાબડામાં બુદ્ધના શરીરાવશેષો સાચવીને તેની ઉપર ઇ. સ. ૨૦૫માં કલાના ઉત્તમ નમૂના રૂપ સ્તૂપ બાંધવામાં આવ્યો હતો. આ સ્તૂપ આ રીતે જોતાં શારીરસ્તૂપ છે અને તેથી ખૂબ મહત્ત્વનો છે.

અહીં સ્તૂપ ઉપરાંત એક ચૈત્ય અને ચાર માનવતાના સ્તૂપો પણ હતા. ચૈત્ય ઘણો તૂટી ગયો છે. માનતાના સ્તૂપો પણ ઘણા ખંડિત થએલા હોઈ તેની વધુ વિગતો મળતી નથી, પરંતુ સ્તૂપની ઉત્તર અને પૂર્વમાં કેટલાંક વિશિષ્ટ બાંધકામો છે.

સ્તૂપની ઉત્તરે પથ્થર અને ઇંટોથી બાંધેલી એક મોટી ભીંત હતી. તે ભીંત આ આખી યે બૌદ્ધ વસાહતનું મેશ્વોની રેલથી રક્ષણ કરતી હતી. તે સ્તૂપની ઉત્તરે શરૂ થઈ છેક નૈર્ઋત્ય ખૂણા સુધી પહોંચતી.

સ્તૂપની પૂર્વમાં એક મોટો પડથાર છે. તેમાં અનેક સ્થંભછિદ્રો હોઈ તે સ્તૂપનાં દર્શને આવનાર ભક્તોએ ધ્વજા રોપવા માટે ખોદ્યાં હોવાનું અનુમાન થઇ શકે છે. સ્તૂપથી એ થોડો ત્રાંસો જાય છે. પરંતુ મૂળ જમીનની નીચે એ બંધાયો હોવાથી લોકોની નજરે તે ચડતો નહિ હોય અને તેથી તેનો ત્રાંસ સ્તૂપના સૌંદર્યનો બાધક નહિ હોય.

બૌદ્ધ વસાહતોના ઉત્ખનનમાંથી મળેલા આ અવશેષો ઉપરાંત અહીં શૈવ, શક્તિ અને વૈષ્ણવ મંદિરો હતાં. આ મંદિરોમાંની બેનમૂન શિલ્પકલાના નમૂના રૂપ મૂર્તિઓ અહીંથી લઇ જવામાં આવેલી હોઈ આજે તો આ સ્થળે એકાદ શિવલિંગ કે ઇંટોના પડથાર માત્ર રહ્યા છે. આવી પરિસ્થિતિમાં આ મંદિરોનો વધુ અભ્યાસ શક્ય નથી. પરંતુ શૈવ મંદિરોનું સ્થાન પર્વતના પડખામાં કે વાંઘાં પાસે હોઈ તે શૈવોનો જંગલો અને એકાંત સ્થાનોનો પ્રેમ દર્શાવે છે.

આ ઈમારતો ઉપરાંત અહીં ખેતીને માટે તેમજ બીજી જરૂરિયાત માટે જોઈતા પાણીનો સંચય કરવા માટેનાં વિશિષ્ટ તળાવોનાં ભગ્નાવશેષો મળે છે. આ તળાવો તે જમાનાની ઈજનેરી કલાનો સારો ખયાલ આપીને અહીંના પ્રાચીન યુગના કલાકારોની કલાના સાથેસાથે જીવન-નિર્વાહ માટે મહત્ત્વનાં જલાશયો પ્રત્યે તત્કાલીન લોકો પૂરતું ધ્યાન આપતા હોવાનું પુરવાર કરે છે અને ક્ષત્રપ યુગની કલાકારીગરીના સુંદર નમૂનાઓ પૂરા પાડે છે.

અનુસંધાન] **મૂંઝવણ** [પૃ. ૯૯થી

બારે ઊપડતી હતી. આવેશ આવ્યો નહોતો, એટલે એ બારી પાસે આવીને ઊભી રહી. ત્યાં અચાનક હવાનો ઝપાટો આવ્યો. બારી બંધ થઇને એની આંગળીઓ કચડાઈ. 'ઓ રે!' કહીને એણે આંગળીઓ કાઢી લીધી. પણ એના હૈયાનું શું? એનું હૈયું પણ એવા કશાક ભીડાએલા દ્વારમાં કચડાતું હતું અને એ તો નિઃસહાય હતી. આવેશ બચાવી શકે એમ હતો, પણ એને ક્યાં એની પડી હતી?...

ભાવના રડુંરડું થઈ ગઈ. ત્યાં આવેશ આવ્યો. ભાવનાએ જાતને સંભાળી લીધી. આવેશને જમવા બેસાડી તે ટૅક્સી લઈ આવી. સામાન ટૅક્સીમાં ગોઠવાઈ ગયો. આવેશ જમીને તૈયાર થયો. બૂટ પહેરવા માટે એ ખુરશી પર બેઠો. ભાવના હીંચકાનો સળિયો પકડીને ઊભી રહી. ત્યાં બૂટની દોરી બાંધતાં આવેશ મોં નીચું રાખીને બોલ્યો: 'ભાવના, તું મારી સાથે ના આવે? મને એકલા કેવી રીતે ગમશે?'

એ બોલમાં થડકાર હતો, ભાવના માટેનો ભારોભાર સ્નેહ હતો. ભાવના એ બોલને પારખી ગઈ. હવે એને કોઈ પ્રમાણની જરૂર નહોતી. એણે બહાર ઊભેલી ટૅક્સીને પાછી મોકલી દીધી અને બીજી ટ્રેઈનમાં ઊપડવા માટેની તૈયારી કરવા માંડી.

રોહિત પંડ્યા

ભાવના અને આવેશના સાયુજ્યમાં મૂંઝવણ

ભાવનાએ પડખું ફેરવ્યું. જોયું તો આવેશ નિરાંતે ઊંઘતો દેખાયો. એને આવેશ પર ચીડ ચડી. એ બે કલાકથી ઊંઘવા માટે ફાંફાં મારતી હતી. એની આંખો કાચની આંખોની જેમ સાવ કોરી અને બહેરી થઈ ગઈ હતી. પોપચાંને દાબીને એ જાણે કશુંક પૂરી રાખવા મથતી, પણ એ 'કશુંક' છટકી જતું ને આંખો પાછી ખુલ્લી થઇ છતને તાકયા કરતી. આવેશ કાલે ઑફિસના કામે દિલ્હી જવાનો છે; પંદરેક દિવસ રોકાવું પડશે; એ વિચારે એને હલબલાવી મૂકી હતી.

'કોઈ સામાન્ય માણસને તો આ વેવલાઇ જ લાગે. અરે, સામાન્ય માણસની શી વાત? કદાચ આવેશ જ એને વેવલાઇ ગણે તો? એને મન આ પ્રસંગનું કાંઈ જ મહત્ત્વ નહિ હોય? કેવો નિરાંતે ઊંઘે છે! આજે ઑફિસમાં જઈ આવ્યો, આવીને ફરવા જવાની વાત કાઢી. મેં ના પાડી તો એકલો ફરી આવ્યો! મિત્રો સાથે કેવો હસીહસીને, લળીલળીને બોલતો હતો! મારી ઉદાસીનતાને અવગણીને એ તો નિત્યની જેમ જ વર્ત્યો! મને પૂછ્યું સરખું ય નહિ કે કેમ ઉદાસ જણાય છે. આટલું પૂછ્યું હોત તો પણ બધું કહી દીધું હોત. તો આટલી મૂંઝવણ ના હોત.'

અત્યારે એ પુષ્કળ પીડાઈ રહી હતી. એને એક વખત તો એમ થઈ આવ્યું કે આવેશને ઉઠાડીને અંતરમાં વળ ખાતી લાગણીઓને પટકી નાખું. ભલે એ મને વેવલી ગણે. પણ પાછો આવેશને સુખેથી સોડ તાણીને સૂતેલો જોઇને મન પાછું હટી ગયું. એ છતને તાકતી પથારીમાં પડી જ રહી...

માંડમાંડ રાત વીતી. ઊઠીને એ કામે વળગી. પણ એનાં ગાત્રોમાં એક પ્રકારની શિથિલતા આવી ગઈ હતી. પગ ભાંગી ગયા હતા. મન ગૂંગળામણ અનુભવતું હતું. હૈયામાં કશોક ફફડાટ હતો. એનું મન વાગોળની જેમ કોઇક અંધારિયો ખૂણો શોધવા ફાંફાં મારતું હતું. રાત્રે સતત ત્રણચાર કલાક ઊંઘ ન આવતાં જે પ્રકારની લાગણીઓ એણે અનુભવી હતી એ જ લાગણીઓથી એ અત્યારે પીડાઈ રહી હતી.

બંબામાં કાકડી નાખીને એ છજ્જામાં આવીને ઊભી રહી. એના મનના જેવું જ આકાશ ધૂંધળું, વાદળાંઓથી ઢંકાએલું દૃષ્ટિગોચર થયું. હજુ બજાર ખૂલ્યું નહોતું. નીચે રસ્તા ઉપર એક માણસ પીઠ ઉપર તાજા જન્મેલા પાડા જેવી મશક લઇને જતો હતો. સામે દુકાન ઉપર સૂતેલો એક ઓઘરાળો માણસ ઊઠયો અને ભાવનાને ટીકીટીકીને જોવા લાગ્યો. એને ચીડ ચડી. ધૂંધળા અને ગ્લાનિપ્રેરક વાતાવરણે એને સખત કંટાળો આપ્યો. એ અંદર આવતી રહી. આવેશ ઊંઘતો હતો. હવાનો એક સખત ઝપાટો આવ્યો... જાણે પહાડ જેવડું એક મોજું ઊછળ્યું અને ભાવના પટકાઈ. એનાં હાડકાં ખોખરાં થઈ ગયાં. એની શક્તિ હણાઈ ગઈ. એણે હોઠ ભીડીને રુદન ખાળવાનો પ્રયત્ન કર્યો, છતાં એક ડુસ્કું તો નીકળી જ ગયું. આવેશે પડખું ફેરવ્યું ભાવના મોં ફેરવીને ઊભી રહી ગઈ. આવેશ પાસે આવ્યો અને ધીમેથી પૂછ્યુ 'રડે છે શું?' ભાવના કશું જ બોલી નહિ. 'તું કાલની મૂડમાં નથી. બોલ, શી વાત છે?' ભાવના દ્વિધામાં પડી ગઇ. થોડી ક્ષણો ગડમથલમાં ગઇ અને ભાવના બધું જ કહેવા તત્પર થઇ ગઈ. ત્યાં તો આવેશ 'ભલે, ના કહેવું હોય તો ના કહીશ' કહીને બાથરૂમ તરફ ચાલવા માંડયો. ભાવનાને એના ખમીસનો કૉલર પકડીને ઊભો રાખીને બધું કહી દેવાની ઇચ્છા થઈ આવી. પણ આવેશની ઉદાસીન વૃત્તિએ એને રોકી. કેમ આવેશે કોઇ દબાણ ના કર્યું? 'ના તારે કહેવું જ પડશે' એવું કહ્યું હોત તો? અરે, કાનપટ્ટી પકડીને કહ્યું હોત કે 'બોલે છે કે નહિ' તો પણ કહી દીધું હોત. પણ એ તો કાંઈ જ બોલ્યો નહિ! ત્યારે હું શું કરવા વેવલી થઇને કહેવા જાઉં?' એ પણ કઈ જ બોલી નહિ અને રસોડામાં જઇને ચાની તપેલી સ્ટવ પર ચડાવી.

આજે આવેશ દિલ્હી જવાનો–એના દાંપત્યજીવનમાં વિખૂટા પડવાની પ્રથમ જ વેળા... અને તેથી જ ભાવનાનું મન ઉદ્વિગ્ન હતું.

એ ખૂબ લાગણીશીલ હતી. વળી આળા હૈયાની ભાવનાને લગ્નજીવનની રસરંગની છોળોએ એવા તો ભીંજવી નાખી હતી કે આવેશથી અળગા પડવાનું એને કારી ઘા સમાન લાગતું હતું. આવેશ જેવો ઊઠતો કે ભાવનાને ગુડમૉર્નિંગના એક ચુંબનથી અભિષેક કરતો. પછી બંને સાથે છજ્જામાં બેસીને ચા પીતાં. જમીને આવેશ ઑફિસમાં જતો ત્યારે ભાવના એને નાકા સુધી વળાવી આવતી. સાંજે આવેશના આવવાને ટાણે ભાવના છજ્જામાં જ ઊભી રહેતી. આવેશ આવતો ને બંને ફરવા જતાં. ઘેર પાછાં ફરીને ભાવના રસોઈ કરતી, આવેશ એની પાસે જ રસોડામાં બેસતો અને અડપલાં કર્યા કરતો. અને આમ જ આ દંપતી લગ્નજીવનનું માધુર્ય લૂટતાં લૂટતાં દિવસ પૂરો કરતાં.

પણ બે દિવસથી આખો ય કાર્યક્રમ ભાંગી પડ્યો હતો. જાણે આવેશ બદલાઈ ગયો હોય એમ ખોવાએલો ખોવાએલો એનું કામ કર્યા કરતો, અને તેથી જ ભાવનાએ આવેશ સાથે દિલ્હી જવાની વાત કરવાની હિંમત ના કરી. બાકી એનું મન તો સાથે જવા માટે કયારનું ય ફૂદકા મારતું હતું. 'પણ આવેશ કેવો મીંઢો છે! કંઈ જ બોલતો નથી! એ જ્યાં સુધી મને સાથે લઈ જવા માટે કહે નહિ ત્યાં સુધી હું શા માટે બોલું?' એમ કરીને એણે બધી ય વાતો હૈયામાં જ દાબી રાખી. પણ તેથી તો એ મૂંઝવણના તીણા નહોરદાર પંજામાં વધારે ને વધારે ભીડાતી જતી હતી. અત્યારે ભાખરીની સાથે એનું મન પણ શેકાઇ રહ્યું હતું. સામે લોઢી ઉપર ભાખરીમાંથી ધૂણી નીકળી, પણ એ બળી જાય તે પહેલાં એણે એને ફેરવી નાખી. એણે માંડ બે ભાખરી બનાવી ત્યાં તો દેવતા ઠંડો પડી ગયો. એણે લોઢી ઉતારીને દેવતા સંકોર્યો. આજે એને થોડી થોડી વારે સગડીનો દેવતા સંકોરવો પડતો હતો. દેવતા સંકોરીને એણે લોઢી ચઢાવીને વણવાની શરૂઆત કરી ત્યાં આવેશનો અવાજ આવ્યો: 'બજારમાંથી કંઈ લાવવું છે?'

ભાવનાએ સહેજ અટકીને કહ્યું, 'તારા માટે બ્રેડ-બટર ને ગ્લુકોઝ બિસ્કિટનું એક પૅકેટ લેતો આવજે.' આવેશ 'સારું' કહીને બારણાની બહાર પહોંચે તે પહેલાં ભાવનાએ ઉમેર્યું 'અને ન્હાવાનો સાબુ.'


આવેશ ગયો. ભાવનાએ ઝડપથી ભાખરી-શાક બનાવી નાખ્યાં. હવે આવેશ આવે ત્યારે જમવાનું હતું. સમય હતો. એટલે એણે સામાન તૈયાર કરવા માંડયો. ઉશીકું, એક નાની ગોદડી, ધાબળો અને શેતરંજી બાંધીને બેડિંગ તૈયાર કર્યું. સૂટકેસમાં ત્રણ જોડ કપડાં, એક નાઈટગાઉન, ટૂથપેસ્ટ, ઊલિયું, હેમિંગ્વેની નૉવેલ, રબરની સ્લિપર, અને એને સોપારી ખાવાનો ખાસ શોખ હતો એટલે સૂડી સોપારી—આમ એકેએક વસ્તુ યાદ કરીકરીને એણે સૂટકેસમાં ગોઠવી.

એણે ઘડિયાળ સામે નજર કરી. અગિયાર થયા હતા. ટ્રેઈન સાડા

આત્મકથાનક :૧૫

જીવનપટનાં સ્મૃતિચિત્રો

ચિત્રકળાના અભ્યાસ માટેની લગની
સંગીત અને નાટકના સંસ્કારો



લેખક-આલેખક
રવિશંકર રાવળ


૬૩ ચિત્રશિક્ષક ભગવાનલાલભાઈ

ચિત્રવર્ગમાં ભગવાનલાલ માસ્તર મુંબાઈની 'સ્કૂલ ઑફ આર્ટ'ની વાતો કરતા. એમનું અંગ્રેજી અદ્ધરિયું એટલે અમને 'સ્કૂલોપાર્ટ' સંભળાતું. એ વળી કવિતાઓ ને સંગીતમાં ભજનો રચવાના શોખીન હતા. થીઓસોફિસ્ટોના સંબંધમાં પણ આવ્યા હતા. પહેલાં તે દરબારી ઇજનેર ખાતામાં ડ્રાફ્ટ્સમૅન તરીકે નોકરીમાં જોડાએલા. એવામાં દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણીએ પોતાના પુત્રોના શિક્ષણ માટે કૈલાસબાગમાં એક શાળા કરી તેમાં ડ્રૉઇંગ શિક્ષકની જરૂર પડી, એટલે તેમને બે વર્ષની સ્કૉલરશિપ આપી મુંબાઇ મોકલેલા. ત્યાં તે થર્ડ ગ્રેઇડ પાસ કરી, શિક્ષક વર્ગમાં બીજું વર્ષ કરી પાછા આવી ગયા. શરૂઆતમાં તેમને કૈલાસબાગમાં રાખેલા, પણ પછી મુંબાઈ સરકારે ડ્રૉઇંગનો વિષય શાળામાં રાખવાનું ફરમાન કાઢ્યું ત્યારે તેમને કેળવણી ખાતામાં અપનાવી લીધેલા. અંગ્રેજી ભણેલા નહિ, પણ મુંબાઇ જઇ આવવાથી તેમના પોશાકમાં મુંબાઈની વ્યવસ્થિત છટા આવી હતી. દક્ષિણી ચકરી પાઘડી અને લાલ પુણેરી સપાટ તે પહેરતા. અંગ્રેજી ભણતર નહિ તેથી બીજા શિક્ષકોમાં તે ભળી શકતા નહિ.

મુંબાઇથી એ ત્યાંના પ્રાર્થનાસમાજમાંથી ભજન-મંડળનો પ્રકાર લઇ આવ્યા હતા તેથી પોતાના કણબીવાડના નિવાસ નજીક ઠાકરદ્વારામાં ભજન-મંડળની સ્થાપના કરી રાત્રે ભજન કરાવતા. તેમાં કોઇ સંપ્રદાયનું સ્વરૂપ નહોતું. થીઓસોફીના કારણે તેઓ હેડમાસ્તર જમશેદજી ઊનવાળાના પરિચયમાં આવ્યા હતા, તેમજ થીઓસોફીના પરમ ભક્ત ગોપાળજીભાઇ ઠક્કર તેમના મિત્ર થયા હતા. તેમણે તેમના ભજન-કાર્યમાં સાથ આપ્યો અને ધીમેધીમે એ ભજનમંડળમાં શિક્ષિત વર્ગ પણ હાજરી આપતો થયો. ડ્રૉઇંગ માસ્તરને પ્રિય થએલા કેટલાક વિદ્યાર્થીઓ પણ નિયમિતપણે ત્યાં જતા. તેમાં રોજ રાત્રે જવાનું તો મારા ઘરની રીત પ્રમાણે મારા માટે અશક્ય હતું, પણ મેં અઠવાડિયામાં એક વાર તો જવાનું રાખ્યું. પહેલી વાર ગયો ત્યારથી જ મારા મન પર તેની સારી છાપ પડી.

ઠરાવેલે સમયે માણસો ભરાવા માંડે એટલે કોઈ એક ભાવિક જન ઊભો થઈને ભીંત પરની ખીંટીઓ પરથી તુલસીમાળાઓનો ઝૂમખો ઉતારીને દરેક આવનારને એકએક આપી દે. વખત થતાં માસ્તર એક પહેરણ અને સાદી ટોપી પહેરીને આવે; મુખ્ય આસન પર ગોઠવાય; ગોપાળજીભાઇ પણ આવી જાય. 'શાંતાકારમ્ ભુજગ શયનમ્'ના શ્લોકથી સૌ સાથે ધીમી ગતિએ પ્રાર્થના શરૂ કરે. પછી ભોળાનાથ સારાભાઇનું 'પ્રભુ સર્વશક્તિમાન, કરુણા કૃપાનિધાન' પદ ગવાય. વચ્ચે 'બાલશ્રી ગોવર્ધનનાથ કી જે' કરીને વિરામ આવે તે વખતે ગોપાળજીભાઈ અમૃતલાલ પઢિયારનું 'સંસારમાં સ્વર્ગ' વાંચે. ત્યાર બાદ તરત ધૂનો ઊપડે. મને આ ધૂનોનો જબરો કંટાળો લાગતો. 'હરેરામ' વગેરે થઇ રહે એટલે 'કોને શરણે જાઉં કૃપાળુ'વાળું પ્રાર્થનાસમાજનું ગીત ગવાય. છેવટ 'સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ' ગવાય અને તે પૂરું થયે 'ગોવર્ધનનાથ કી જે' બોલાવી સૌ વિખરાય.

આ મંડળમાં બધા વર્ગના પ્રૌઢ પુરુષો ને સ્ત્રીઓનો મોટો સમુદાય એકઠો થતો. વર્ષો પછી તો નીચેના ચોકમાં પણ માણસો



બેસી જતાં. હું બહુ રાત્રિઓ સુધી એમાં હાજરી આપી શક્યો નહોતો પણ કેટલાક મિત્રો વર્ષો સુધી આ મંડળના અંગભૂત સેવકો બન રહ્યા હતા. તેમાં એક ભાઈશ્રી હરિદત્ત પાઠક હતા જે આજ પણ તે દિવસોની સ્મૃતિ સાથે ધોળકામાં નિવૃત્તિનિવાસ કરી રહ્યા છે.

૬૪ ડ્રૉઇંગનો આગળ અભ્યાસ

રવિવારના વર્ગમાં ઘણી વાર વિદ્યાર્થીઓની મંદ ગતિ પર માસ્તર અફસોસ બતાવતા. ઘેર આવેલી લૉંગમૅન્સ કંપનીની ફ્રીહૅન્ડ છાપો (જેમાં યુરોપી આકૃતિઓ જ હતી તે) પરથી સવા કે દોઢ ગણી મોટી નકલો કરી લાવવાનું અમને આપતા. તેમાં લગભગ માપથી બિંદુઓ મૂકી છોકરાઓ દોઢી કે બમણી નકલો કરી લાવતા. એ રીતથી કોઈના હાથનો વળાંક કે રેખાની સ્થિરતા સુધરતાં નહોતાં અને મોટા ભાગનાં કામોમાં બે બાજુની સમાનતા કે સુરેખતા જોવામાં આવતી નહિ.

એ ઉપરાંત રંગોના દસબાર નકશા હતા. તે પ્રમાણે જુદાજુદા રંગોનાં મિશ્રણો તથા કાળી શાહીના ચડઊતર રંગપટો વગેરે કસાવી લીધા પછી માસ્તરે અમારી પાસે એમાંના એક પટ પરનું લીલું પાન ચિતરાવ્યું; અને એ બધા પૂરા થયા એટલે બગીચામાંથી અનેક જાતનાં પાંદડાં લાવી, જૂની જાડી ચોપડીઓમાં દાબી સપાટ કરીને તે પરથી નકલો અને રંગ કરવાનું સોંપ્યું. આ કામ કોઈથી બન્યું નહિ, પણ મેં એકલાએ એવાં દસબાર જુદીજુદી તરેહનાં પાનનાં ચિત્રો કરી રજૂ કર્યાં ત્યારે માસ્તરે ખૂબ હર્ષથી સૌને મારું દૃષ્ટાંત આપ્યું. પાંદડાની નસો દોરતાં હું પીછીની જાડી, ઝીણી કે ઓછીવત્તી શેડવાળી રેખાઓમાં પાવરધો થઈ શક્યો હતો.

વર્ગમાં માસ્તર પોતાના સંગીત અને કાવ્યરચનાના શૉખની વાતો કરતા. શૉખ અને ધૂન કેવી સાધના માગે છે તેની વાત કરતાં તેમણે કહેલું કે તેમને વિવિધ રાગ સાંભળવાનો શૉખ હતો એટલે ગિરગામની ગણિકાઓનાં ગીત મેડા પર ચાલતાં હોય ત્યારે નીચે પગથિયા આગળ કલાકો સુધી બેસીને પોતાના ગળામાં રાગ બેસાડતા. વર્ગમાં અમારું ચિત્રકામ ચાલતું હોય ત્યારે તે આંગળીથી ટેબલ પર ટપાકા દેતા કંઈ ગણગણતા જ હોય, અથવા ભજન કે ગીત રચી રહ્યા હોય.

અમારા ડ્રૉઇંગ ક્લાસમાં મૅટ્રિકના કુંભાર જ્ઞાતિના એક વિદ્યાર્થી કરસનદાસ ભગત હતા. સૌને બહુ નમ્રતાથી વંદન કરે. બહુ ઓછું બોલે.

કામ પૂરું સમજે નહિ તો પણ મૂંગામૂંગા મહેનત કરે. એક વાર રવિવારનો ઓરડો ઊઘડ્યો કે તરત અમે સૌ અંદર પેસીને કામ કરવા બેસી ગયા. એટલામાં નોકર ચૂનો વાળવા આવ્યો, અમે અમારી જગ્યાઓ પરથી ઊઠી બાંક પર જતા રહ્યા, પણ કરસન ભગત તો કામ કરતા બેસી જ રહ્યા. આમ બેધ્યાન બનેલા એમને એકલાને ક્લાસ વચ્ચે બેઠેલા જોઈ માસ્તર પણ હસી પડ્યા અને નટ કેદાર રાગમાં બોલ્યા : 'ભગત ભાગીને સામે જાઓ...' ને પછી ભ...ગ...ત...ભા...ગી...ને સા...મે... જા...ઓ...એમ આલાપ કર્યો, તેથી સૌ હસી પડ્યા ત્યારે ભગતને ભાન આવ્યું. એ કરસન ભગત પછીથી નાગપુર ઍગ્રિકલ્ચરલ કૉલેજની ડિગ્રી લઈ આવેલા અને કો'ક રાજ્યની નોકરીમા રહેલા.

હું એકબે વાર ઠાકરદ્વારાનાં ભજનોમાં ગએલો તે માસ્તર સાહેબના ધ્યાન બહાર નહોતું. વર્ગમાં પણ તે ઘણી વાર મારા પ્રત્યે મીઠી નજરે જોતા. જેમજેમ વિદ્યાર્થીઓ ખડતા ગયા તેમતેમ અમારો સંપર્ક વધતો ગયો. એક વર્ષને અંતે તો માંડ પાંચસાત જણ રહ્યા. તેમાં મારી સાથે છગન સોની, નારણદાસ ચોધારી, સીનોર અને બીજા બેચાર હતા. તે સૌનાં નામ આજે યાદ નથી. થોડી સંખ્યા જોઈ માસ્તર સાહેબે હવે અમને રવિવારે બપોરે ઘર આગળ બોલાવવા માંડ્યા. સવારના ભાગમાં એમણે વિદ્યાર્થીઓ માટે ભજનનો કાર્યક્રમ ગોઠવ્યો હતો, એટલે ચિત્રના વિદ્યાર્થીઓને તો બહુ વહેલેથી જવું પડતું અને ભજનમાં સૌ સાથે બેસવું પડતું. એ વખતે શહેરમાં 'કાઠિયાવાડી નાટકમંડળી'નો સુપ્રસિદ્ધ ખેલ 'કૃષ્ણચરિત્ર' ચાલતો. એ કંપનીના માલિક વિશ્વનાથ ભટ્ટ કરીને પ્રશ્નોરા બ્રાહ્મણ હતા, એટલે પ્રશ્નોરા વિદ્યાર્થીઓને એ નાટકનાં ગીતો સુરાવટથી ગાતાં આવડતાં. તેમાં મારા શાળામિત્ર ભાઈશ્રી હરિદત્ત પાઠક સુંદર હલકથી ગાઈ શકતા.

૬૫ તસવીરકાર નરોત્તમ બાવાજી


આ સમય દરમિયાન મને એક ધંધાદારી તસવીરકારનો પરિચય થઈ ગયો. મારા કાકા રેલવેની ઑફિસમાં હતા, તેમની સાથેના સ્ટાફમાં એક નરોત્તમ બાવા કરીને હતા. તે ફોટોગ્રાફી અને તસવીર-પેઇન્ટિંગ જાણે છે એવા ખબર મને તેમણે આપ્યા અને એક વાર તેમને અમારે ઘેર પણ તેડી લાવ્યા. તેમને મેં મારાં સ્કૂલનાં ચિત્રો બતાવ્યાં ત્યારે તેમણે કહ્યું, 'આમાં શો શક્કરવાર વળવાનો છે? છબીઓ ચીતરવા માટે શેડિંગ (કાળી છાંય)નું કામ પહેલાં કરવું જોઈએ. મારી પાસે આવતો જજે, હું બતાવીશ.' હું તો બીજી સવારે એક-દોઢ માઈલ ચાલીને તેમને ઘેર—ક્યાંના ક્યાં ગામના સીમાડે સ્મશાનની સડકે એક જૂના મેડીબંધ વંડામાં તે રહેતા હતા ત્યાં—પહોંચ્યો.

હું ગયો ત્યારે તે નાહીધોઈ પૂજા કરતા હતા. તેમનાં વૃદ્ધ માતાપિતા જીવતા હતાં. તેમનાં વહુ બધું કામ કરતાં. ઘરમાં કોઈ બાળક નહોતું. તેમણે મને હેતથી આવકાર્યો, પૂજાની પ્રસાદી આપી અને ચિત્રના ઓરડામાં લઈ ગયા. ત્યાં કૅનવાસ પર ચીતરેલી મોટીમોટી છબીઓ, ઊંચેનીચે, કોઈ અરધી કરેલી કોઈ પૂરી થએલી, જોઈ. સોનેરી કસબવાળી પાઘડીઓ, સાચી લાગે એવી મોંની ચામડીના રંગ, બધું જોઈ હું તો કોઈ સોનાની ખાણ મળી હોય એમ આશ્ચર્યમૂઢ થઈ ગયો.

તે ફોટોગ્રાફી પણ જાણતા હતા અને અગાશીમાં સૂર્યપ્રકાશમાં નેગેટિવ કાચ સાથે પી.ઓ.પી. કાગળો મૂકીને છાપો પણ ઉતારતા હતા. અધૂરાં પેઇન્ટિંગો પાસે પડેલું તૈલરંગોથી ભરેલું પાટિયું, પીંછીઓ, એ બધાંનો ઉપયોગ થતો જોવાનું મને ત્યાં મળ્યું. પછી તો રવિવાર સિવાય હું બને તેટલા દિવસો વહેલી સવારમાં એમને ત્યાં પહોંચી જતો.

તે મુંબઈ ગયા ત્યારે મારા માટે મોટા કાગળો, ક્રેયૉનની ડબ્બી ને એક બે 'સ્ટમ્પ' (ક્રેયૉનના ઘસારાને કાગળ પર ઘૂંટવાનું સાધન) લેતા આવ્યા હતા. તે પોતાની બધી તસવીરો મૂળ ફોટોગ્રાફ ઉપર ચોરસ ખાનાં આંકીને પછી તેના પ્રમાણમાં કૅનવાસ પર મોટાં ખાનાં પાડીને કરતા અને એ બધું પહેલેથી છેવટ સુધી મને પાસે બેસી જોવા દેતા. એમને ત્યાં ફોટો પડાવનાર ઘરાકો આવે ત્યારે નીચેના ફળિયામાં કાળાધોળા રંગે ચીતરેલો પડદો ભીંત પર રાખી, તેની આગળ ફર્નિચર ગોઠવી ફોટો લેતા. પણ તે કામમાં તો મોટા કૅમેરા અને કિંમતી સાધનો વપરાતાં જોઈ મેં એ વખતે તેમાં રસ લીધો નહિ. જ્યાં અમારા માટે પાઈ પૈસા કે આનાનો હિસાબ થતો હોય ત્યાં આવી ખર્ચાળ કળાનો વિચાર જ ક્યાંથી સંભવે?

એ નરોત્તમ બાવાજીએ મને તસવીરના ધંધાની તરકીબ બતાવી એટલે હું તે પર લાગ્યો, અને ઘર આગળ સારા ફોટા મળે કે તે પર ચોરસ ખાનાં આંકી તેના પરથી મોટી છબીઓ બનાવવા પાછળ પડ્યો. છબીઓમાં ભાવનગરના મહારાજા ચીતરવાની ખાસ હોંશ થતી, કારણ કે તેમાં છોગાં, માળા, ફૂમતાં વગેરે આકર્ષક વસ્તુઓ હતી. એવી એક છબી બનાવી, મોટા તકતામાં મઢી મેં ઘરની ભીંત પર રાખી હતી. જોકે ફોટા પરનાં નાનાં ખાનાં પ્રમાણે તસવીરના કાગળ પર મોટા ચોરસોનાં બિંદુઓ મૂકી કામ કરવામાં સમય બહુ જતો. આ પદ્ધતિએ મારી જેમ અનેકની ચિત્રશક્તિઓનું ઘણો વખત રૂંધન કર્યું હશે.



ફોટો પડાવનાર ઘરાકો આવે ત્યારે નરોત્તમદાસ નીચેના ફળિયામાં કાળાધોળા રંગે ચીતરેલો પડદો ભીંત પર ટાંગી, તેની આગળ ફર્નિચર ગોઠવી ફોટોગ્રાફ લેતા.

અમારા ડહેલામાં એક મિત્રને ઘેર વીરમગામથી દલપતરામ લીલાધર દવે ન.મનો એક વિદ્યાર્થી આવેલો. તેને પણ તેના ડ્રૉઇંગ માસ્તર પાસેથી ખાનાં પાડી ચિત્રો કરવાની દીક્ષા મળી હતી. પણ તેણે તો ઘણું વ્યવસ્થિત કામ કર્યું હતું.



જુસબ ઘડિયાળી

છબીઓને બદલે તેણે સારાં સારાં જાનવરો પ્રાણીઓ વગેરે 'વેર ફૉસ્ટર'ની ડ્રૉઈંગબુકોમાંથી પેન્સિલકામમાં ઉતાર્યાં હતાં. તેના કામની સફાઈ અને ચીવટથી હું ખૂબ મુગ્ધ થયો. રંગકામ માટે તે રંગીન પેન્સિલો વાપરતો. તેણે જ્યારે મારા દેખતાં રવિવર્માનું લક્ષ્મીનું ચિત્ર કંપાસથી બિંદુએ બિંદુ માપીને મોટા કદમાં તૈયાર કર્યું ત્યારે તો મને એક નવો ચીલો મળ્યો એવું લાગ્યું. એ જોઈ મેં પણ હવે ફોટોગ્રાફો છોડી રવિવર્માની છબીઓ શોધવા માંડી. એ વિદ્યાર્થી ઝાઝું જીવ્યો નહિ અને એ કાળે તેને કોઈ ઉત્તેજન આપત કે નહિ તે શંકા પણ હતી, નહિ તો તેનામાં એ ઉંમરે સાધનાબળ ઘણું હતું.

૬૬ નાટકકંપનીઓ

આમ ચિત્રકળાના મારા શોખને ધીમેધીમે આકાર મળી રહ્યો હતો તેમાં મારા મોટાભાઈનું ઘણું ઉત્તેજન હતું. તેઓ પણ ચિત્રની કોઈ કોઈ તરકીબો માટે પ્રયત્નશીલ રહેતા. પણ અકાળ લગ્નજીવનના કારણે એમને અભ્યાસમાં જ એકાગ્ર થવાની ફરજ પડી અને એમના બીજા છંદ છૂટતા ગયા. માત્ર નાટક અને નાટકની ખૂબીઓ, રચના અને પ્રસંગોનો તેમનો નાદ ચાલુ રહ્યો. શહેરમાં આવતી નાટકકંપનીઓના ખેલ જોવા તે વડીલો પાસેથી પિટ ક્લાસની ટિકિટના પૈસા લઇને પણ પહોંચી જતા. મને તે બાબત જરા ય રંજ થતો નહિ. તેમણે વાઘજી આશારામની 'મોરબી નાટકકંપની' કે ત્રંબકની 'વાંકાનેર નાટકકંપની'નો કોઈ ખેલ ભાગ્યે જ જોયા વિના છોડયો હશે. એ કાળે નરસિંહ મહેતાના પાત્રમાં નાના ત્રંબકે નામ કર્યું હતું અને લોકો ઠામોઠામ તેનાં જ ગાયનો ગાતા. પણ 'કાઠિયાવાડી નાટકકંપની'એ આવી કૃષ્ણચરિત્રનો ખેલ પાડી તેને ભુલાવ્યું. તેમાં કૃષ્ણનું પાત્ર ભજવનાર ગોપાળ કામણ કરી ગયો. એ નાટકમાં બચુભાઈ મૂળાણીએ પહેલી વાર દેશી દશ્યોવાળા પડદા કર્યા હતા. મારા મોટાભાઇએ મને તે ખેલ બતાવ્યો. ઘરનાં તો કોઈ નાટકનું નામ લેવાય કે છંછેડાતા, પણ મોટાભાઈ ને હું એક થઈ જતા ત્યારે પિટ ક્લાસની ટિકિટ લેવા ચારચાર આના મળતા.

શહેરમાં બીજે કયાં ય પણ કળાહુન્નરનો નાદ વધારે એવાં સ્થાનો નહોતાં. શહેરમાં એકબે દુકાનો અમારા માટે મ્યૂઝિયમ કે અજાયબીઓ અને નવીનતાનું કેન્દ્ર બની હતી. એક હતી જુસબ ઘડિયાળીની દુકાન. તે ઘડિયાળો વેચવાનું અને દુરસ્ત કરવાનું કામ તો કરતા, પણ સાથે ઘડિયાળનાં યંત્રોની મદદથી મોટી છબીઓમાં આંખોના ડોળા બેસાડી આમતેમ ફરતા બતાવતા. કોઈ વાર કોઇ પૂતળું પણ યંત્રોથી ચેષ્ટા કરતું મૂકતા. એક વાઘ ત્યાં ડોકું હલાવ્યા કરતો. જતાંઆવતાં અમે તેની દુકાન પાસે થોભી તેની ઝાંખી કર્યા વગર રહેતા નહિ. એ જુસબની દુકાનમાં જોએલી છબીઓની આંખો ચલાવવાની તરકીબ પરથી અમે ઘેર હાથે ચીતરેલી છબીમાં આંખનો ગાળો કાપી, પાછળ રાખેલી પટ્ટીમાં ડોળા ચીતરી, હાથના ચલનથી તેમ કરી બતાવતા.

બીજી દુકાન હતી છત્રીના કૂવા નજીક બેચરની દુકાન. તેની દુકાને અવનવી છબીઓ, રમકડાં, બત્તીઓ વગેરે કોઈ ઠેકાણે ન હોય તેવાં જોવા મળતાં. પૂનાનાં ચિત્રો, રવિવર્માનાં ચિત્રો, ચિત્ર પોસ્ટકાર્ડો, એવું બધું ત્યાં જ હોય. બે-ચાર મહિને તે મુંબાઇ જઈ આવે ત્યારે છેલ્લામાં છેલ્લી કંઈક નવીનતા લાવીને પોતાની દુકાનમાં તેણે રજૂ કરી જ હોય ભાવનગરમાં પહેલી કિટસન લાઇટ તેની દુકાનમાં દેખાઇ હતી. રવિવર્માનાં ચિત્રો તો તેની દુકાન પર લટકતાં જ હોય. ત્યારે મોટાંમોટાં ઘરોમાં સારી છબીઓ ભીંત પર મૂકવાનો રિવાજ હતો. અમને બાળકોને ત્યાં જવાનો અધિકાર નહોતો, પણ તે બધાંનું ખરીદ કરવાનુ સ્થાન બેચરની દુકાન હતી. આમ બધું સહજ સંજોગો પ્રમાણે જીવનમાં પ્રવેશતું હતું, એવામાં અમારાં મોટાં માએ કુટુંબજીવનમાં નહિ ધારેલો એક નવો પલટો આણ્યો. (ચાલુ)

વિજ્ઞાનવાર્તા

● ગરમ વસ્ત્રો ચડી ન જાય અને વધુ સારી રીતે ધોઇ શકાય તે માટેની એક પ્રક્રિયા 'ઇન્ટર ફેશિયલ પોલિમરાઇઝેશન' (આઈ. એફ. પી) નામે ઓળખાય છે. આઈ.એફ.પી , ઊનના બારીક તાર ઉપર અતિ સૂક્ષ્મ પ્રમાણમાં રેઝિનનો પાસ આપવાની એક અજોડ રીત છે. ઊનના તાર ઢીલા પડે, ચૂંથાઈ જાય કે પોચા પડી જાય તેવા તેના વલણને રેઝિન ઘટાડી નાખે છે. એ કપડાં ચડી જતાં નથી.

● હમણાં થોડા વખત પર એક બ્રિટિશ અખબારમાં આખું પાનું ભરીને એક જાહેરખબર આવેલી. ફળફળાદિના પૅક ડબ્બા વેચતી કંપનીની એ જાહેરાતની વિશિષ્ટતા એ હતી કે જે ફળ વિશે એમણે જાહેરાત આપેલી, બરાબર એની જ સોડમ પણ એ પાના પરથી આવતી હતી!

● આકાશમાં તરતા મૂકેલા સેટેલાઈટ જ્યારે માત્ર સૂર્યપ્રકાશમાં હોય ત્યારે જ ભારે શક્તિશાળી દૂરબિનયુક્ત કૅમેરા વડે એના ફોટોગ્રાફો લઇ શકાતા હતા. પણ અમેરિકન નિષ્ણાતોએ ડિસ્કવરર સેટેલાઈટમાં બત્તી મૂકી, અને પૃથ્વી પરથી જ્યારે સૂચન મળે ત્યારે એ બત્તી આપમેળે પેટે યા બુઝાઇ જાય એવી રચના કરી. પછી એ બત્તીના પ્રકાશમાં, જ્યારે સેટેલાઈટ પૃથ્વીના પડછાયાની અંદરના ભાગમા ફરતો હોય ત્યારે પણ એનો ફોટોગ્રાફ લેવાનો હમણા સફળ પ્રયોગ કર્યો હતો.

● પૂલ જેવાં મોટાં કામ માટે વપરાતા પોલાદના બાંધકામને કાટ સામે કાયમી રક્ષણ મળે એવો જસતનો ખાસ ઢોળ શોધી કઢાયો છે. અત્યારે આવા બાંધકામને વારંવાર રંગવાં પડે છે અને ખાસ કાળજી લેવી પડે છે. પણ હવે આ પદ્ધતિ મુજબ લોખંડને બાંધકામના ઉપયોગમાં લેતાં પહેલાં એની સપાટી સાફ કરી એના ઉપર જસતનું ખાસ પદ્ધતિ દ્વારા પડ ચડાવવામાં આવે છે. પ્રયોગોથી સાબિત થયું છે કે એનાથી પોલાદને કાટ સામે કાયમી રક્ષણ મળે છે.

બે પ્રાસંગિક કાવ્યો

લેખક
મુકુન્દરાય
વિજયશંકર
પારાશર્ય



સર પ્રભાશંકર પટ્ટણી
યુવાન વયે

સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (ઈ. સ. ૧૮૬૨ થી ૧૯૩૮) અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિવાળા વિદ્યાવ્યાસંગી કુટુંબમાં જન્મ્યા હતા. 'કેશવકૃતિ'ના કર્તા કેશવલાલ હરિરામ એ પ્રભાશંકરના કાકા થાય. સંસ્થાન ભાવનગરના દીવાન, પછીથી એ સંસ્થાનના ઍડમિનિસ્ટ્રેટર, વાઈસરૉયની કારોબારી સમિતિના સભ્ય, ઇન્ડિયાકાઉન્સિલના સભ્ય ને લીગ ઑફ નેશન્સમાં હિંદનું પ્રતિનિધિત્વ ધરાવનાર તથા ભારતના રાજકારણમાં બ્રિટિશ સરકારની જાણ સાથે પૂજ્ય ગાંધીજીના મિત્ર રહેનાર સર પ્રભાશંકર અનવરત કાર્યરત રહેવા છતાં તેમનો આજન્મ વિદ્યાપ્રેમ એકધારો છેવટ સુધી જળવાઈ રહ્યો હતો. પોતે કામમાંથી પરવારે ત્યારે જો કોઈ મળવા ન આવ્યું હોય તો અચૂક કોઇ ગ્રંથના પરિશીલનમાં જ બેઠા હોય. એમની વિશાળ લાયબ્રેરીનું લગભગ દરેક પુસ્તક,જાતે વાંચીને કરેલી લાલભૂરી લીટીઓ વડે,એમના વિદ્યાનુરાગની સાક્ષી પૂરે છે. અત્યંત વ્યવસાયમાં કાવ્યો લખવાનો સમય તો ન હતો, પણ કોઈ ચિત્તવિક્ષેપક પ્રસંગ બને અને એ વખતે કે તે પછી તરત જો સહેજ નવરાશ મળે તો એ પ્રસંગજન્ય વિચાર કે ભાવને તે પદ્યમાં લખી નાખતા : કોરો કાગળ ન હોય તો જે હાથમાં હોય તે પુસ્તકના પાનાની કે વર્તમાનપત્રની કોરી જગ્યાએ લખી નાખતા. આ રીતે એમણે લખેલાં અનેક કાવ્યો પાછળના પ્રસંગોમાંથી બે પ્રસંગો અહીં આપ્યા છે.

ભાવનગરના મહારાજા ભાવસિંહજી યુવરાજપદે હતા ત્યારે, ઈ.સ. ૧૮૯૦થી૧૮૯૩સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણવા રહેલા. તે વેળા એમની સાથે હરેફરે ને તેમનું કામકાજ કરે તેવા 'કમ્પૅનિયન' (સાથી)તરીકે પ્રભાશંકર નીમાયા હતા. હિંદના દેશી રાજાઓ આપખુદ, ઉડાઉ, વ્યસની અને મૂર્ખ નીવડે છે તેવા ભાવનગરના ભાવી નરેશ ન બને એ શુભ આશયથી શિસ્તપાલનના અતિ આગ્રહી ને કડક શ્રી ગણપતરામ ત્રવાડી જેવા એમના ટ્યૂટર નીમાયા હતા. ભાવસિંહજી પાસેથી સખ્તાઈથી કામ લેવામાં આવતું. તે બાબતમાં એટલે સુધી કહેવાતું કે પોતાના પિતા મહારાજા તખ્તસિંહજી પર ભાવસિંહજી કાગળ લખે તો તે કાગળ ખુલ્લો રાખીને ટ્યૂટરને સોંપવો પડે, ટ્યૂટર તે કાગળ અવકાશે જોઈ સુધારીને પાછો આપે, ને તે રીતે નવેસરથી લખીને ભાવસિંહજી ફરી એ કાગળ ટ્યૂટરને આપે ત્યાર પછી, ટ્યૂટરની સંમતિથી એ કાગળ ટપાલમાં જાય. અંગત ખર્ચ માટે રાતી પાઈ સરખી ભાવસિંહજીને આપવામાં ન આવતી. આવી સ્થિતિમાં બીજાની મુશ્કેલી શી છે તે આપમેળે સમજીને તે દૂર કરવાની વૃત્તિશક્તિવાળા પ્રભાશંકર એમના સાથી હતા, તેથી ભાવસિંહજીને તે 'પોતાના' લાગવા માંડ્યા.



મહારાજા ભાવસિંહજી

પોતા પર જે કડકાઇથી કામ લેવામાં આવતું તેની વાત પ્રભાશંકરભાઈ પાસે કરતાં નવયુવાન ભાવસિંહજીની આંખમાં ઝળઝળિયાં ભરાઇ આવતાં. થોડા દિવસોમાં જ પ્રભાશંકર વગર ભાવસિંહજીને ન ચાલે તેવી સ્થિતિ આવી. આ વાત ઉપરીઓને પસંદ ન પડી.

પણ તે પછી તુરતમાં જ ભાવસિંહજીને કોલ્હાપુરના યુવરાજના ટ્યૂટર, મૈસુરના રેસિડેન્ટ એસ. એમ. ફ્રેઝર નીચે ભણવા માટે ધારવાડ રહેવાનું થયું. મિ. ફ્રેઝર રાજકુમારોના ટ્યૂટર તરીકે ખૂબ આદર પામેલા. વાઈસરૉયો, ગવર્નરો વગેરે એમના પ્રત્યે માનથી જોતા અને એમની સૂચનાઓનો બને તેટલો અમલ કરતા તથા દેશી રજવાડાં પાસે કરાવતા. એ ફ્રેઝર સાહેબને પ્રભાશંકરની રહેણીકરણી, વિદ્વત્તા અને કાર્યકુશળતા ખૂબ ગમી ગયાં. આ કારણે પ્રભાશંકરને નોકરીમાંથી રજા દેવાનું તો ન બન્યું. પણ તેમને નાનીમોટી બધી બાબતમાં પરેશાન કરવાનું શરૂ થઇ ગયું. ભાવસિંહજી પ્રભાશંકરને માનથી રાખતા, ફ્રેઝર સાહેબ સાથે ફરવા લઇ જતા ને એકાન્તમાં ગોષ્ઠિ કરતા; છતાં આ સ્થિતિ પ્રભાશંકરને રુચતી ન હતી. એક વખત પ્રભાશંકરના મોરબીના બાળમિત્ર હરિલાલ ઝીણાનો તેમના પર પત્ર આવ્યો. એ મિત્રો પરસ્પર પત્રવ્યવહાર પદ્યમાં કરતા. પત્રમાં શ્રી હરિલાલે પૂછેલું :

> 'રાજાઓની નિકટ વસવું, સર્વ સમ્માન ખોવું,
> રંગે ભોગે રમણ કરતાં અન્તરે ગુપ્ત રોવું;
> 'હાજી હા'નાં કપટવચને લોક થોકે નમે છે,
> શું એવી હે સુહૃદ! તુજને જિંદગાની ગમે છે?'

આના ઉત્તરમાં પ્રભાશંકરે લખ્યું :

> 'જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,
> ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકુરોની,
> થંડાં વારિ નદી સર તણાં પી નિરાંતે ભમે છે,
> સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.'

આ પછી થોડા વખતમાં મિ. ફ્રેઝરના વાલીપણા નીચે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદની મુસાફરીએ નીકળ્યા. સલૂનમાં એક વખત ઠામવાસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું અને હજૂર ખાનગી ખાતાના તત્કાલ ઉપરીએ પોતાના સાગરીતો સાથે તેનો દોષ પ્રભાશંકર પર નાખી ઉમેર્યું : 'યુવરાજને બગાડનાર તથા ગેરવ્યવસ્થા ઊભી કરનાર આ પ્રભાશંકર જ છે.' કાઢવાની ખટપટ હતી જ, તેમાં આવું થવાથી પ્રભાશંકરે રાજીનામું લખી ભાવસિંહજીને બતાવી કહ્યું : 'હું આ દઇને જાઉં છું.'

ભાવસિંહજીને ખેદ થયો. તેણે બહુ સમજાવ્યા પણ માન્યા નહિ, ત્યારે ભાવસિંહજીએ મિ. ફ્રેઝરને કહ્યું : 'પ્રભાશંકરને સમજાવીને રોકો.'

ફ્રેઝરે પ્રભાશંકરને કહ્યું : 'હું દીવાન વિઠ્ઠલદાસને લખું. તમને જરાયે મુશ્કેલી નહિ રહે.'

પ્રભાશંકરે કહ્યું : 'મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તો યે દોષિત ઠરાવનાર નીચે મારે નોકરી કરવી નથી.' કહી પ્રભાશંકરે વિગત સમજાવી.

ફ્રેઝરે કહ્યું : 'જો એમ છે, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ ને આગળ આવો તેવી મારી ઉમેદ છે, એટલે હું, ચાલો, તમને મુંબાઈના ગવર્નર જે મારા મિત્ર છે તેના પર ભલામણપત્ર આપું; નહિ તો તમે કહો તેના પર ભલામણપત્ર આપું.'

પ્રભાશંકરે કહ્યું: 'આભાર.'

'કેમ, પ્રભાશંકર?' ફ્રેઝરે પૂછ્યું: 'તો તમે કરશો શું?'

'ભાવનગરની નોકરીમાં ન હોત તો જે કરત તે કરીશ.'

અને ફ્રેઝરે હર્ષના આવેશમાં આવી પ્રભાશંકરના બે હાથ પકડી હલાવી કહ્યું: 'વ્હાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.'

ને તે રાત્રે મિ. ફ્રેઝરે એક પત્રમાં લખ્યું: 'આજે મેં એક સ્વમાની, પોતાની શક્તિનો જાણનાર, ડાહ્યો માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં ક્યારેક જ જોવા મળે છે. એ છે ભાવનગરના મિ. પ્રભાશંકર, જે, મને ખાતરી છે કે ખૂબ આગળ આવશે.'

અને એ પછી આઠ વર્ષે વાઈસરૉય લૉર્ડ કર્ઝને પોતાના સેક્રેટરીને પૂછેલું, 'કોણ છે આ પ્રભાશંકર, કે જે બ્રિટન અને હિંદના ઇતિહાસ તથા રાજકારણને ઊંડું સમજે છે, અને દેશી રાજ્યોની સલામતીસાથે હિંદની પ્રજાની આબાદીની વાત આટલી હિંમતથી સરકારને સ્પષ્ટ કહે છે?'

તેના આઇરિશ સેક્રેટરી મિ. ગોબે કહ્યું: 'એ છે ભાવનગરના મિ. પટ્ટણી, કે જેને વિષે મિ. ફ્રેઝરે મારા મિત્રને આઠ વર્ષ પર લખેલું.'

એ રાજીનામું આપી પ્રભાશંકર છૂટા થયા ને કવિતા લખી:

> 'ઉચ્છિષ્ટાન્ન ન ખાઇએ, ન રહીએ કો બંધને કોઇને,
> છોડી માનસનીરને ન વસીએ સ્વર્ગે ભલે હોયને;
> સ્નેહી સાથ સુનમ્ર ધૂર્ત બકને જેનું ન માથું નમે,
> ગંગાનું ય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.
>
> ધોળા બે ય સમાન ધૂર્ત બગલા ને રાજહંસો ભલે,
> ચાલે બે ય સમાન ધીમી ગતિથી, નીતિજ્ઞ પેઠે ભલે;
> મત્સ્યોથી ઉદરો ભરાય બકનાં, ખાબોચિયાંમાં રમે,
> ગંગાનું ય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.'

એ વાત પછીનો લગભગ દશબાર વર્ષનો આ પ્રસંગ છે.

પ્રભાશંકર પાસે વડિલોપાર્જિત કંઇ ધન હતું નહિ. તેમનાં લગ્ન મોરબીના રાજવૈદ્ય વિશ્વનાથનાં પુત્રી રમાબહેન વેરે થએલાં. હજુર સેક્રેટરીના હોદ્દા પરથી પ્રભાશંકર દીવાનપદે આવ્યા પછી થોડા વખતમાં, એક વાર ડિસ્ટ્રિક્ટમાં ગએલા ત્યારે પાછળથી, તેમના બંગલામાં ચોરી થઇ અને રમાબહેનની ઘરેણાંની પેટી ચોરાઈ ગઈ. રમાબહેન ઘણાં ઉદ્વિગ્ન થઇ ગયાં. પોલીસ-તપાસ શરૂ થઇ. ને પ્રભાશંકરભાઈના બંગલામાં કામ કરનાર એક નોકર પર શંકા જવાથી પોલીસ તેને લઇ ગઈ. તે નોકરની સ્ત્રી પણ રમાબહેન પાસે કામ કરતી.

વળતે દિવસ સવારે પ્રભાશંકરભાઇ ડિસ્ટ્રિક્ટમાંથી પાછા આવ્યા, ને ઘોડાગાડીમાંથી ઊતરે તે પહેલાં જ પેલી બાઇએ આવી પગ પકડી રોવું શરૂ કર્યું. પ્રભાશંકરભાઈએ કારણ પૂછતાં જણાવ્યું કે બંગલામાં ચોરી થવાથી, શંકા પરથી પોલીસ તેના ધણીને લઈ ગયા છે ને માર મારે છે. આમ કહી તેને છોડાવવા અરજી કરી.

ત્યાં તો રમાબહેન પણ આવી ગયાં. તેમણે જણાવ્યું કે 'પોલીસને જો કામ કરવા ન દઇએ તો કદાચ ઘરેણાં પાછાં ન આવે.'

પ્રભાશંકરભાઇએ કહ્યું: 'જેમ તમને મારી, તેમ આ બાઇને તેના પતિની ચિંતા રહેજ ને? આપણા કારણે તેને દુઃખ ન પડે તે આપણે જોવું જોઇએ.' આમ કહી પ્રભાશંકરભાઇએ એજ વખતે, પકડેલા માણસ ને છૂટો કરી તુરત અનંતવાડી (પોતાને બંગલે) પહોંચતો કરવા પોલીસ-ઉપરી ઉપર ચિઠ્ઠી લખી અને પોતે આવેલા તે ગાડીના ગાડીવાનને જ તે ચિઠ્ઠી આપી ગાડીમાં રવાના કર્યો, ને પોતે માણસની રાહ જોતા પહેર્યે કપડે ત્યાં પોર્ચમાં જ બેઠા.

પોલીસ-ઉપરી પેલા માણસને લઈ આવ્યા. પ્રભાશંકરભાઇએ તેમને કહ્યું: 'બંગલામાં ચોરી થઇ છે ને પોતાનાં ઘરેણાં ગયાં તેથી શ્રીમતી પટ્ટણીને દુઃખ થાય છે. તમે ચોરી શોધી કાઢવા મહેનત કરો છો, પણ મારે જણાવવું છે કે અમને કોઇના પર વહેમ નથી. બીજું: મારા ઘરમાં રહેનાર કોઇ માણસ ચોર હોય જ નહિ. આ ઘરમાં કામ કરનાર માણસ કોઇ નોકર નથી પણ મારા હાથપગ છે. હાથપગ કોઈ દિવસ ચોર ન હોય. એટલે તમે આને અત્યારે છૂટો કરી દો. ઘરેણાં ન જડે તો કંઇ નહિ. મને મારો માણસ પાછો મળી જવો જોઇએ.'

'હા જી.' કહી પોલીસ-અધિકારીએ આજ્ઞા માથે ચડાવી.

પ્રભાશંકરભાઈએ પેલા માણસને કહ્યું: 'તમે ઘરમાં હતા છતાં ચોરી થઇ તેથી પોલીસને વહેમ આવ્યો; પણ મને વહેમ નથી. તમે બન્ને જણાં મારા ઘરનાં જ માણસો છો; તો જેમ કામ કરતાં'તાં તેમ જ કરજો. મારે તો ઊલટું તમને વધારે જવાબદારી સોંપવી છે.' કહી પોતાનાં કપડાં ઉતારી પાકીટ સહિત એ જ વખતે સાચવવા આપ્યાં.

આઠ દિવસ પછી એક દિવસ સવારે પ્રભાશંકરભાઈ તથા રમાબહેન બહાર બાગમાં બેઠાં હતાં ત્યાં પેલો માણસ પેલી ઘરેણાંની પેટી લાવી તેમના પગમાં મૂકી રોઈ પડચો ને કહ્યું: 'તમે તો દયાળુ છો, પણ મારાથી આ ખમાતું નથી. મને પાછો પોલીસને સોંપી દો ને સજા કરો.'

પ્રભાશંકરભાઇએ કહ્યું: 'ભગવાન દયાળુ છે. એ કોઇને સજા નથી કરતા, પણ દરેકને સારા થવાની તક આપ્યા કરે છે. તમે એ તકનો લાભ લઈ લો.' પ્રભાશંકરભાઈએ તે માણસને એ વખતે રૂપિયા એક સો તથા તેની સ્ત્રીને ત્રણ કપડાં ઇનામમાં આપ્યાં. આ પછી વર્ષો સુધી એ બન્ને માણસો અનંતવાડીમાં કામ કરતાં રહ્યાં.

આ પ્રસંગે પોતે ચિઠ્ઠી લખી ગાડીવાનને રવાના કર્યા પછી પોર્ચમાં સાવ એકલા બેસી પેલા માણસની રાહ જોતા હતા ત્યારે પ્રભાશંકરભાઇએ કાગળની કાપલી પર નીચેની લીટી લખી નાખી:

> 'જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,
> ને જે મોહે હૃદય જનનાં પાપ માટે તણાય,
> તે પૈસો કે વિભવ અમને સ્વપ્નમાં યે હશો મા,
> એવાં હોયે સુકૃત કદી તો સ્ફુરો યે થશો મા.'



ટિકિટસંગ્રહ: ઇથિયોપિયાએ બહાર પાડેલી પોતાનાં વિશિષ્ટ અને વિવિધ પક્ષીઓની રંગીન ટિકિટોનો સમૂહ.

શતરંજ


લેખક - સુરેશ મોદી

હાથીવાળી અંતની પરિસ્થિતિઓ


રાજા અને હાથી વિરુદ્ધ રાજા અને પ્યાદાં :

અહીં પરિસ્થિતિ ઊંટ ને ઘોડા કરતાં ઘણી જ જુદી પડી જાય છે. જો હાથી પ્યાદાં મારી શકે તેમ હોય તો એનો પક્ષ જીતી શકે છે.

હાથી વિરુદ્ધ એક પ્યાદાવાળી સ્થિતિ મોટે ભાગે હાથીવાળા પક્ષની જીતમાં પરિણમે છે. પણ કયારેક જો પ્યાદું અને તેનો રાજા ૪થી પંક્તિ ઉપર હોય અને સામા પક્ષનો રાજા બહુ દૂર હોય તો રમત ડ્રૉમાં પરિણમે. જો બે બાજુબાજુની પંક્તિ ઉપરનાં બે પ્યાદાં ૬ઠ્ઠી પંક્તિ સુધી પહોંચેલાં હોય તો રાજાની મદદ વિના વજીર થઈ શકે અને તેથી હાથી વિરુદ્ધ જીતી શકે. દા. ત.



અહીં 1..., R–N1; 2 P–N7, R–N1; 3 P–R7. પણ જો પ્યાદાં એટલાં આગળ ન વધ્યાં હોય ને સામા પક્ષનો રાજા તેમને રોકી શકે તેમ હોય તો હાથીવાળો પક્ષ જીતી શકે.




અહીં 1 R–R4, K–N4; 2 K–B2, K–R4; 3 K–K3, P–R6; 4 K–B2, K–R5; 5 R–N4 (waiting move), K–N4; 6 K–N3 K–R4; 7 R×P, P–R7; 8 R–R4ch; પછી 9 R×P રમીને એ જીતે છે.

રાજા વિરુદ્ધ ત્રણ પ્યાદાં હોય તો પ્યાદાંવાળા પક્ષને ડ્રૉ કે જીતની આશા રહે છે. પણ ચાર કે વધુ પ્યાદાંથી લગભગ જીતી શકાય.


રાજા, હાથી અને પ્યાદા વિરુદ્ધ રાજા અને હાથી

અહીં એક કાયદો એ છે કે પ્યાદું જે ખાનાં ઉપર જઈને વજીર થતું હોય તે ખાનાં ઉપર સામા પક્ષનો રાજા પહોંચી શકે તેમ હોય તો રમત ડ્રૉ થાય, નહિ તો પ્યાદાવાળો પક્ષ જીતે.



1 P–K5, R–QR3; 2 P–K6, R–R8! [અહીં કાળો 2..., R–N3 રમે તો સફેદ જીતી શકે છે. જુઓ, 3 K–B6, (4 R–R8 mate ધમકી આપે છે) K–Q1; 4 R–R8+, K–B2; 5 K–B7 wins.] 3 K–B6, R–B8+; 4 K–K5, R–K8 ch; 5 K–Q6, R–Q8ch; વગેરે.

રાજા, હાથી અને પ્યાદાથી રાજા ને હાથી સામે જીતવા માટે આવશ્યક સ્થિતિ જે Lucena Position તરીકે ઓળખાય છે તે નીચે પ્રમાણે છે:



1..., R–R6; 2 R–B4! R–R8(કાળો હાથી હાથીની પંક્તિ છોડી શકે નહિ, કારણ કે તેમ કરવાથી સફેદ હાથી KR1 ઉપર આવે અને પછી તેનો રાજા R7 કે R8 ઉપર આવીને પ્યાદાને વજીર થવા જગ્યા આપે. સફેદ રાજાને બીજી તરફથી કાળો રાજા બહાર નીકળતો અટકાવે છે.) 3 R–K4ch., K–Q2; 4 K–B7, R–B8ch; 5 K–N6, R–N8 ch; 6 K–B6, R–B8ch; 7 K–N5, R–N8ch; 8 R–N4 હવે પ્યાદું વજીર બનશે અને જીતશે.

આમાં અપવાદ એ કે હાથીની પંક્તિનું પ્યાદું આ રીતે જીતી શકે નહિ કારણ કે ત્યાં સફેદ રાજાને કેદ કરી રાખવા માટે રાજા અથવા હાથી બેમાંથી એક જ જોઈએ હાથી ઘોડાની પંક્તિ પર હોવાથી રમત ડ્રૉમાં લઈ જઈ શકે છે.


આ સ્થિતિ હાથીવાળી અંતની પરિસ્થિતિમાં સૌથી અગત્યની હોઈ અભ્યાસ માગી લે છે. હાથી રમતમાં બહુ પાછળથી કામમાં આવતા હોવાથી લગભગ અંત સુધી જીવતા રહે છે, જ્યારે નાનાં મહોરાં શરૂઆતમાં ને મધ્યમાં વધુ કામમાં આવે છે અને સામસામા પક્ષે મારામારી કરીને ખલાસ થઈ જાય છે.

જ્યારે બન્ને પક્ષે વધુ પ્યાદાં હોય ત્યારે એક પ્યાદાથી જીતી શકાય છે કે નહિ તેનો આધાર પ્યાદાની રચના અને હાથી તથા રાજાની પરિસ્થિતિ ઉપર વધુ અવલંબે છે.

અહીં એક વાત યાદ રાખવી ઉપયોગી થશે. હાથીને આપણા passed pawnના રક્ષણ માટે તેની પાછળ રાખવો. બાજુમાંથી કાયમી રક્ષણ થઈ શકે નહિ. જ્યારે આગળથી રક્ષણ કરતાં હાથીની સ્વતંત્રતા ઉપર પ્યાદાની દર ચાલે કાપ મુકાતો જાય છે. જ્યારે હાથી પાછળ હોય તો તેને ફરવા માટે વધુ ને વધુ જગ્યા મળતી રહે છે. આવી જ રીતે સામા પક્ષના passed pawn ઉપર હુમલો કરવા માટે પણ ઉત્તમ જગ્યા તેની પાછળ જ છે. માટે હમેશાં યાદ રાખો—'Rooks belong behind passed pawn,' અર્થાત્ હાથીની જગ્યા passed pawnની પાછળ જ છે.

હાથી વિરુદ્ધ ઊંટ કે ઘોડો

જો બન્ને પક્ષે એક પણ પ્યાદું ન હોય તો મોટે ભાગે આવી સ્થિતિ ડ્રૉમાં જ પરિણમે. પણ બન્ને પક્ષે સરખાં પ્યાદાં હોય તો હાથીવાળો પક્ષ કેવી રીતે જીતે છે તેનો એક દાખલો આપણે જોઈએ:



(અનુસંધાન પૃષ્ઠ ૧૨૮મે)

અમેરિકાની આધુનિક ચિત્રકળા


અમેરિકાના કલાક્ષેત્રે જોવા મળતાં વૈવિધ્યનું પ્રતિબિમ્બ વૉશિંગ્ટન ડી.સી. ખાતે કોર્કોરાન આર્ટ ગૅલેરીમાં યોજાયેલા 'સમકાલીન અમેરિકી તૈલરંગી ચિત્રો'ના ૨૭મા દ્વિવાર્ષિક પ્રદર્શનમાં હમણાં જોવા મળ્યું. અમૂર્ત (ઍબ્સ્ટ્રૅક્ટ) કૃતિઓમાં પણ વખતોવખત હવે પ્રકૃતિ તરફ પાછા વળવાનું વલણ જોવા મળે છે. એમ લાગે છે કે અમેરિકનો તેમની આસપાસની દુનિયાથી કદી બહુ દૂર જતા નથી.

પ્રદર્શનમાં રજૂ થએલી મૂર્ત શૈલીની કૃતિઓ પણ તેમની મનોવૈજ્ઞાનિક સૂચકતામાં તો અમૂર્ત શૈલીની કૃતિઓ જેટલી જ ઘણી વાર પ્રાગતિક જણાતી હતી. ભાવકને લાગણી જાગે, તેની કલ્પના સળવળે, તે ચિંતનમાં ડૂબે અને પોતીકાં તારતમ્યો તારવે એવી આ કૃતિઓના આલેખકોની દૃષ્ટિ રહી છે.

એમાંની બે કૃતિઓ આ સાથે આપી છે: (૧) અમૂર્ત (ઍબ્સ્ટ્રૅક્ટ) કલાની કૃતિ 'મલ્ટિપલ ઈમેઇજિઝ'ના કલાકાર વિલ બાર્નેટ છે. (૨) વાસ્તવવાદી ચિત્રોમાં ઊંચું સ્થાન ધરાવતું જૉન કોચનું 'પિન્ક ડ્રેસિંગ ગાઉન' દર્પણ સમી ચોકસાઈ ધરાવતું હોવા છતાં એ ચિત્ર કેવળ એક 'જીવન ખંડ' નથી બનતું. કલાકારે કરેલું ચોકસાઈપૂર્વકનું વિગતવાર આલેખન બતાવે છે કે વસ્તુઓના ભૌતિક દેખાવથી તે લગભગ મંત્રમુગ્ધ બની ગએલ છે.



ઉપર: દર્પણ સમી ચોકસાઈ ધરાવતું અમેરિકન ચિત્રકાર જૉન કોચનું વાસ્તવવાદી ચિત્ર 'પિન્ક ડ્રેસિંગ ગાઉન'. ડાબી બાજુ ઉપર: કલાકાર વિલ બાર્નેટની અમૂર્ત કલાની કૃતિ 'મલ્ટિપલ ઇમેઇજિઝ'. બંને ચિત્રકૃતિઓ સમકાલીન અમેરિકી કલાની દ્યોતક છે.



મલ્ટિપલ ઇમેઇજિઝ (વિલ બાર્નેટ)

ઇન્દિરા ગાંધીની આંખો



એ નામનું આ શિલ્પ બ્રિટિશ શિલ્પકાર મિસ ફ્રેડા બ્રિલિયન્ટે 'બ્રિટિશ સોસાએટી ઑવ પોર્ટ્રેટ સ્કલ્પ્ચર'ના વાર્ષિક પ્રદર્શનમાં રજૂ કરેલું તેણે બહુ ધ્યાન ખેંચેલું. વર્ષો પહેલાં શ્રી ઇન્દિરા ગાંધીને સામે બેસાડીને કરેલા 'શિલ્પ-સ્કેચ' પરથી લીલા બ્રૉન્ઝમાં ઢાળેલા આ શિલ્પમાં ભારતીય નારીની એટલી લક્ષણિકતા ઊતરી છે કે મિસ બ્રિલિયન્ટ એ કૃતિને પોતાની 'ભારતીય સ્ત્રીત્વને અંજલિ'રૂપ માને છે. (ઉપરના ચિત્રમાં મિસ બ્રિલિયન્ટ એ શિલ્પ સાથે.)



નદીકિનારે · લીનોકટ · વિનોદરાય પટેલ (એમનો પરિચય આવતા અંકમાં)

કંકાવટી

લેડી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ

ગુજરાતના અભ્યુદિત સમાજજીવનના સંસ્કારજનની સમાં વિદુષી અને ધીટ પીઢ



સામાજિક કાર્યકર લેડી વિદ્યાબહેનનો જન્મ ૧૮૭૬ની ૧લી જૂને અમદાવાદમાં થએલો. સ્ત્રીશિક્ષણના અભાવના એ કાળમાં તેઓ અનેક ઉપાલંભો સહીને બી.એ. થએલાં. ગુજરાતનાં એ પ્રથમ સ્ત્રી-ગ્રૅડયુએટ હતાં.

છપ્પનિયા દુકાળમાં એમણે સમાજ સેવાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને ત્યારથી એમણે ગુજરાતનાં સમાજજીવન, શિક્ષણ, સાહિત્ય, સંસારસુધારા ને નારીપ્રતિષ્ઠાનાં ક્ષેત્રોને પોતાના શાંત ને ઠાવકા સ્વભાવ તથા સંગીન કાર્યપદ્ધતિ ને દક્ષતાથી આજીવન સીંચ્યાં.

એમના પતિ સર રમણભાઇ મહીપતરામ નીલકંઠના નામથી પણ સૌ પરિચિત જ છે. એમના સાહિત્ય-સામયિક 'જ્ઞાનસુધા'ના સંપાદનમાં તથા 'હાસ્યમંદિર'ના લેખોમાં વિદ્યાબહેનનો પણ ફાળો છે. 'સુધાહાસિની'-ના અવતરણ તથા 'હિંદના સામાજિક જીવનમાં સ્ત્રીનું સ્થાન'ના એમણે કરેલા અનુવાદ ઉપરાંત 'નારીકુંજ' 'ગૃહદીપિકા' ને 'ફોરમ' એ વિદ્યાબહેનની અન્ય કૃતિઓ છે.

ગુજરાતીસાહિત્યપરિષદના વડોદરાઅધિવેશનનાં તેમજ અખિલ હિંદ મહિલા પરિષદ લખનૌ અધિવેશનનાં પ્રમુખ થવા ઉપરાંત, ગુજરાત વિદ્યાસભાનાં મંત્રી તરીકે સતત ૩૦ વર્ષ સુધી એમણે કામ કર્યું. ગુજરાત સાહિત્ય સભાનાં પણ તેઓ છેક સુધી પ્રમુખ હતાં. ઈ. ૧૯૫૮ની ૭મી ડિસેમ્બરે ૮૨ વર્ષની પાકટ વયે એમનું અવસાન થયું.

ભાંગેલા કાચની ઝીણી કરચો વાળવા કરતાં નીચોવેલું ભીનું ફ્લાનલ કપડું તે પર પાથરી જરા દબાવવું. કરચો ચોંટી આવશે. પછી તેને નિખારી નાખજો.

સહેજવાર માટે લીંબુને ગરમ પાણીમાં બોળી રાખશો તો એમાંથી વધુ રસ નીકળશે.

જાપાનમાં પુત્રીને લગ્નને દિવસે અપાતો ઉપદેશ

(૧) આજ સુધી તું મારી અને તારા પિતાની આજ્ઞા જેવી રીતે પાળતી રહી, તે જ પ્રમાણે હવે તારા સસરા ને સાસુની આજ્ઞાનું પાલન કરજે. (૨) પતિ સાથે હમેશાં નમ્રતા અને મોટું મન રાખજે. પતિની આજ્ઞાનું પાલન કરવું એ સ્ત્રીઓનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે. (૩) સાસરિયામાં હમેશાં વિનય ને સહનશીલતા રાખજે અને કાર્યકુશળ બનજે. (૪) સાસરિયાં સાથે અણબનાવ ન કરીશ, નહિ તો પતિનો પ્રેમ ખોઈશ. (૫) કદી ક્રોધ ન કરીશ. પતિ કંઈ અયોગ્ય કરે ત્યારે મૌન રાખજે, અને પતિ શાંત થાય ત્યારે નમ્રતાથી તેમને ખરી હકીકત સમજાવજે. (૬) બહુ વાતો ન કરીશ, જૂઠું ન બોલીશ ને પાડોશીની નિંદા ન કરીશ (૭) હાથ જોનાર જોષીને તારા ભાગ્યની હકીકત ન પૂછીશ. (૮) ગૃહકાર્ય કરકસરથી ચલાવજે અને સાવધાનીપૂર્વક બધી વ્યવસ્થા કરજે. (૯) તારા પિતાની ઉચ્ચ પદવીનો કે ગૃહસ્થાઇનો ઘમંડ ન રાખીશ. પતિ સમક્ષ પિતાની શ્રીમંતાઈનાં વખાણ ન કરીશ. (૧૦) હમેશાં સ્વચ્છતા અને લજ્જા જળવાય એવાં કપડાં પહેરજે. બહુ ભપકાદાર કે ફૅશનવાળાં કપડાં ન પહેરીશ.


(જન્મભૂમિ) —ધર્મિષ્ઠા સુરેન્દ્ર જનોડિયા



૧. ઊભો ટાંકો-આમળો ૨. સાદો-સાટિન ટાંકો ૩. ગાજનો ટાંકો ૪. નાનોમોટો ટાંકો ૫. ગાંઠનો ટાંકો

આ ઉપર ભરતકામ માટે એક નવો મોટો ખંડ આપ્યો છે, અને એમાં કયા કયા ટાંકા લેવા તેના ક્રમાંક મૂકીને તે અનુસારના માર્ગદર્શક ટાંકાનાં ક્રમસર આલેખન નીચેની પટ્ટીમાં આપ્યાં છે. આ આકૃતિને મોટી કરીને ઓશીકાના ગલેફ, ટેબલ ક્લૉથ, બ્લાઉઝ, ઝબલાં વગેરેમાં યોગ્યતા વિચારીને ઉપયોગમાં લઈ શકાય; અને ધીરજ હોય તો આ જ બુટ્ટાનું એકબીજાને અનુસંધાને પુનરાવર્તન કરીને મઝાની સળંગ કિનાર પણ કરી શકાય.

ખુરશી પસંદ કરતાં પહેલાં



આ સાથે બે પ્રકારની ખુરશીઓ દર્શાવી છે. ડાબી બાજુની પહેલી ખુરશીની સીધી પીઠ બરડાને એટલે ઊંચેથી ટેકવીને અક્કડ રાખે છે કે બેસનારને આગળ ઝૂકવું પડે. એની બેઠક પણ વધુપડતી નીચી અને લાંબી છે, એટલે એનું પાટિયું પગની પીંડીને વાગે છે અને ઢીંચણ નીચે પોલાણ રહે છે. બીજી ખુરશી જ સાચી ગણાય. એની પીઠ જરા ઢળતી અને બરડાના બરોબર મધ્ય ભાગે આવી રહે છે. બેઠક પણ પગની ઊંચાઇને બંધબેસે એવી અને ઢળતી હોવાથી તમે આરામથી ગોઠવાઈ જાઓ એવી છે.

રોગ અને દવા

માંદગીમાંથી મુક્ત થવાનો આધાર કેવળ દવા નથી. પણ આ દવા ઉપરાંત દર્દીની શ્રદ્ધા, સારવારની ચીવટ અને વૈદ્યની કુશળતા એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે દવાવાદની દોટ ચાલી રહી છે; કેમ જાણે દવાથી જ માંદગી ચાલી જવાની હોય એવી એમાં આંધળી સમજણ છે. પરંતુ દરદીએ તો જાગ્રત રહીને પોતાના રોગનાં કારણોની વિચારણા કરવી જોઇએ અને એ કારણોને જ દૂર કરવાં જોઇએ. ઉજાગરાથી કબજિયાત, ગૅસ ને શરદી થાય. વિશેષ ઠંડા ચીકણા ઘીવાળા પદાર્થોથી લીવર ખરાબ થાય. ચિંતા-આઘાતથી હૃદય રોગ કે બ્લડપ્રેશર થાય. આ બધાંમાં દવા કેટલી હદે ઉપયોગી થઈ શકશે? જો જીવનની રહેણીકરણીમાં જ આમૂલ વિચારણા કરીને પરિવર્તન કરવામાં ન આવે તો દવાથી ફાયદો મેળવવાની આશા વ્યર્થ છે. રોગને નોતરે એવો આહારવિહારચાલુ રાખીને દવા લેવાથી દવાઓ નુકસાન પણ કરે છે ને રોગને વિશેષ જીર્ણ-ઉગ્ર બનાવે છે.

'ચિકિત્સક' (જ. ૫.)

બાલુસાઈ

મેંદાને ઘીનું મોણ દઈ, ચપટી ખાવાનો સોડા મેળવી, દૂધથી કઠણ કણેક બાંધો. પછી નાના ગોળ લૂવા પાડી, એને અંગૂઠા વડે વચ્ચેથી દબાવી ખાડો કરી ઘીમાં તળો. લાલ થવા આવે ત્યારે કાઢીને, અગાઉથી તૈયાર કરી રાખેલી ચાસણીમાં બોળી દો ને થોડીથોડી ચાસણી અંદર ઊતરે એટલી વાર એમાં રહેવા દઇને પછી કાઢો. ઘટ્ટ ચાસણીના આછા થરથી ઢંકાએલું એનું બહારનું કડક તળાએલું પડ અને અંદરનો પોચો ભાગ એ બાલુસાઈની વિશિષ્ટતા છે.

સ્થળ કે નાણાંને અભાવે ટેબલ-ખુરશી જેવાં ચાલુ ઉપસ્કરો પણ ન વસાવી શકનારે મનમાં ઓછું આણવાની જરૂર નથી, પણ આનંદ અને ગૌરવપ્રદ સંતોષ લેવા જેવું છે કે પોતાના અંગત જીવનમાં મૂળથી જ કરકસરવાળા રહેલા આપણા રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ હજી યે ટેબલ ખુરશી વાપરતા નથી. પોતાનું બધું લેખન-વાચન તથા અન્ય કામકાજ ખાટલામાં જ બેસીને કરે છે. અને ખાટલો પણ ન વસાવી શકનારે તેથી યે વધુ ચડિયાતો દાખલો મહાત્મા ગાંધીજીનો લેવાનો છે, જે સાદીચટાઈ પર પાટિયાને કે તકિયાને અઢેલીને જ બધું કામકાજ કરતા.

બહેડાંને સંસ્કૃતમાં વાસન્ત પણ કહે છે. ફાગણ અને ચૈત્રમાં એ નવપલ્લવિત થાય છે એથી એનું 'વાસન્ત' નામ યથાર્થ છે. વળી વસંત ઋતુમાં કફના રોગ બહુ થાય છે. બહેડાં ઉત્તમ કફનાશક છે, એ દૃષ્ટિએ પણ વસંત ઋતુમાં એનું સ્મરણ સ્વાભાવિક છે.

નળ રાજાની વાર્તાથી જેઓ પરિચિત હશે તેઓ જાણતા હશે કે નળના શરીરમાં પ્રવેશેલો કલિ ત્યાંથી ભાગીને બહેડાંના ઝાડમાં સંતાયો હતો. આથી સંસ્કૃતમાં એને 'કલિદ્રુમ' પણ કહે છે. વળી બહેડાંને 'કર્ષફલ' પણ કહે છે. એક કર્ષ એટલે એક તોલો. બહેડાના ફળનું વજન લગભગ એક તોલા જેટલું હોય છે એથી એને 'કર્ષફલ' કહે છે. ખાવાના ઔષધ તરીકે બહેડાના ફળની છાલનો જ ઉપયોગ કરવાનો છે, ઠળિયામાં રહેલા બીજનો નહિ. બીજ વધુ ખાવાથી નશો ચડે છે. ડૉ. કે. આર. કીર્તિકરે એમના 'પૉઈઝનસ પ્લાન્ટ્સ ઑવ બામ્બે' નામક ગ્રંથમાં એની ઝેરી અસર વિષે લંબાણથી લખ્યું છે.

ગુણકર્મો

બહેડાનું ફળ પાકમાં મધુર, તૂરું, કફ અને પિત્તનો નાશ કરનાર, ઉષ્ણવીર્ય, સ્પર્શમાં ઠંડું, ભેદન, ઉધરસનો નાશ કરનાર, લૂખું (રુક્ષ), આંખ તથા કેશને માટે હિતકારી, કૃમિનો નાશ કરનાર તથા બસૂરાપણા (અવાજની વિકૃતિ)ને સુધારનાર છે.

ઉધરસ

ઉધરસ શબ્દ 'ઊર્ધ્વ રસ' પરથી ઊતરી આવ્યો છે. ઉધરસમાં પ્રકુપિત થએલો વાયુ રસને ઉપરની બાજુએ મોં વાટે બહાર કાઢે છે. રસમાંથી કફની ઉત્પત્તિ થાય છે. એ રસ અને કફના ગુણોમાં ઘણું સામ્ય છે. વળી કફને રહેવાની જગ્યા પણ રસ છે. ટૂંકામાં ઉધરસમાં મોં વાટે રસ કફ બહાર નીકળતા હોય છે. બહેડાંમાં રસ અને કફના વિરોધી ગુણો રહેલા છે. તે પોતાની રુક્ષતાથી કફની ચીકાશનો નાશ કરે છે, પોતાની તૂરાશથી કફની મધુરતાનો નાશ કરે છે, તેનાં ઉષ્ણવીર્ય દ્રવ્યો કાચા કફને પકવવાનું કામ કરે છે.

બહેડાંમાં ભેદનો ગુણ રહેલો છે. ભેદન-ગુણવાળાં દ્રવ્યો શરીરમાં સંચિત થએલા મલને તોડી-ઉખેડી બહાર કાઢવાનું કામ કરે છે. છાતીમાં ચોંટી રહેલા કાચા કફને પક્વ કરી, ઉખેડી સહેલાઈથી બહાર કાઢવાનું કામ બહેડાં કરે છે. કફ જો તદ્દન ઓછા પ્રમાણમાં હોય તો તો એને કાઢવાની યે જરૂર રહેતી નથી. બહેડાં પોતાના વિરોધી ગુણોથી શરીરમાં જ એનું શમન કરી નાખે છે.

ઉધરસમાં મોટે ભાગે કબજિયાત કારણભૂત હોય છે. એથી બહેડાંના ચૂર્ણ સાથે હરડેનું ચૂર્ણ મેળવીને ઉપયોગ કરવો. ½ તોલા બહેડાંના ચૂર્ણ સાથે હરડેનું ચૂર્ણ કોઠા અનુસાર મેળવી મધ સાથે લેવું. પરંતુ ક્ષયમાં તથા છાતીમાં ક્ષત પડવાથી આવતી ઉધરસમાં આ ઉપચાર કામનો નથી.

દમ

દમમાં પણ મોટે ભાગે કબજિયાત જોડાએલી હોય છે. વૈદ્યો મોટે ભાગે ઉપરના તથા નીચેના માર્ગોથી મળશુદ્ધિ કરાવી (ઉલટી તથા રેચ દ્વારા) દમના રોગમાં યશ મેળવતા હોય છે. બહેડાંને શાસ્ત્રકારોએ દમનું ઉત્તમ ઔષધ માન્યું છે. ઘણા ગ્રંથકારોએ દમ માટે બહેડાંનો પ્રયોગ સૂચવ્યો છે. 'અષ્ટાંગહૃદય'ના કર્તા વાગ્ભટ્ટે સર્વ પ્રકારના દમ અને ઉધરસમાં બહેડાંનો ઉપયોગ બતાવ્યો છે:

सर्वेषु श्वासकासेषु केवलं वा बिभीतकम्।

દમ-ખાંસી માટે વાગ્ભટ્ટ, ભાવમિશ્ર અને લોલિંબરાજ વગેરે ગ્રંથકર્તાઓએ બતાવેલો એક સરળ ઉત્તમ પ્રયોગ આ પ્રમાણે છે: બકરીના મૂત્રમાં બહેડાંને બાફવાં. બરાબર બફાઈ જાય એટલે છાલનો એક તોલો ભાગ મધ સાથે મેળવીને ખાઇ જવો. સવાર-સાંજ સેવન કરવું.

સ્વરભંગ અને કાકડા

અવાજ બેસી ગયો હોય એણે બહેડાંની છાલના ટુકડા કરી દિવસમાં વારંવાર સોપારીના ટુકડાની માફક ચૂસ્યા કરવા. અવારનવાર જેમને કાકડા સૂજી આવતા હોય એમણે બહેડાંની છાલને ઘીમાં જરાક સાંતળી એને ચૂસીને રસ ગળામાં ઉતારવો. ગળામાં દુખાવા જેવું લાગે એટલે થોડા દિવસ આ પ્રયોગ કરવો.

પેચોટી

લૌકિક ભાષામાં જેને પેચોટી (આંબોઇ) ખસી ગઇ એમ કહીએ છીએ, અને જેમાં કોઇ દેખીતા કારણ વગર પુષ્કળ ઝાડા થઈ જાય છે એમાં બહેડાંનો ઉપયોગ ઘણી વખત લાભ કરે છે. બહેડાંના એક તોલા અધકચરા ચૂર્ણને સોળ તોલા પાણીમાં ઉકાળી ચાર તોલા પાણી બાકી રહે એટલે ગાળીને ઠરી ગયા પછી ઉકાળો પીવા આપવો.

લાભશંકર ઠાકર

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'લાટ' · 'લાટો'

ઘાણીના ઊભા લાકડા માટે કે ગાડા, રેંટિયા વગેરેની ધરી માટે 'લાટ' શબ્દ વપરાય છે. સ્ત્રીલિંગમાં વપરાય ત્યારે એનો અર્થ એ છે; અને પુલ્લિંગમાં મોટા ઊંચા થાભલા માટે તેનો પ્રયોગ થાય છે. તે પથ્થર કે લોખંડનો પણ હોય. અશોકસ્તંભ જેવા સ્મારકસ્તંભ તે 'લાટ'.

ધિંગાણામાં વીરતા બતાવી ખપી જનારના સ્મારક તરીકે સૌરાષ્ટ્રમાં જેમ 'પાળિયા' ઊભા થતા, એવાં અથવા બીજાં સ્મારક માટે 'ખાંભી' ખોડાતી, તેમ 'લાટ' પણ ઊભા કરાતા.

સૌરાષ્ટ્રના પ્રાચીન શિલાલેખોમાં તેને માટે 'લષ્ટિ' કે 'શિલાલષ્ટિ' શબ્દ મળે છે. કચ્છના અંધાઉ ગામમાંથી ઈસવી સન ૧૩૧ના વર્ષની ક્ષત્રપ રાજા ચષ્ટનના સમયની ચાર 'લષ્ટિ' મળી છે. તે મદન નામના સજ્જને પોતનાં ગત બહેન, ભાઈ ને પત્નીનાં સ્મારક લેખે ઊભી કરેલી.

દ્વારકા પાસેના મૂલવાસરમાંથી મળેલી ઈ. સ. ૨૦૦ની 'શિલાલષ્ટિ' ઘણી મહત્ત્વની છે. તેમાં પોતાના મિત્ર ખાતર પ્રાણાર્પણ કરનાર કોઈ વણિકપુત્રના સ્મરણમાં તે ઊભી કર્યાનો લેખ છે. આમ તદ્દન સાધારણ જનતાની કોઈ વ્યક્તિના સ્વાર્પણ માટે પણ સ્મારકો ઊભાં કરવાની પરંપરા સૌરાષ્ટ્રમાં બે હજાર વર્ષ જેટલી પુરાણી તો છે જ. 'લષ્ટિ'નો પ્રાકૃત ઉચ્ચાર 'લટ્ટિ' અને પછી 'લાટ'. સાબુના કે સોના જેવી ધાતુના લાંબા ટુકડાને 'લાટો' કહે છે, તેમાં 'લાટ'નો જ અર્થવિસ્તાર છે.

હરિવલ્લભ ભાયાણી

નવા ગઝલ-સંગ્રહો

આસવ (હરીન્દ્ર દવે): આપણા એક શક્તિશાળી કવિના આ સંગ્રહમાં ગઝલો ને નઝમો ઉપરાંત ઉર્દૂ કવિતાના અનુવાદો પણ છે, પરંતુ ગઝલો પ્રમાણ અને ગુણવત્તા બંને દૃષ્ટિએ પ્રમુખસ્થાને છે. કવિની સરળ અને સાહજિક અભિવ્યક્તિ નોંધપાત્ર છે અને તેથી ગઝલના એક સામાન્ય શે'ર અને એક સારા શે'ર વચ્ચે ઘણો નાઝુક તફાવત હોય છે. શ્રી હરીન્દ્ર દવે એ તફાવતને સારી રીતે પારખી ગયા છે

'આ અંધકારમાં તને પુકારતો રહ્યો,
બીજું જડી શક્યું ન મને ચાંદનીનું નામ.'

કવિ ગઝલમાં જેટલા ખીલ્યા છે તેથી ઊલટું નઝમમાં કેમ બન્યું હશે? ઉર્દૂના અનુવાદોમાં યે ઉર્દૂના નોંધપાત્ર કવિઓ ફૈઝ એહમદ 'ફૈઝ', નૂન મીમ 'રાશિદ', 'મુનીર' નિયાઝી, મજીદ અમજદ વગેરેના રચનાઓ પ્રત્યે લક્ષ અપાયું હોત તો વધુ સર્થ થાત. છતાં મોઇમ એહસન 'જઝ્બી'ની વિખ્યાત કવિતા 'મોત'નો અનુવાદ ઘણી સારી રીતે થયો છે. આપણા ઘણા કવિઓએ ગઝલમાં ઉર્દૂ ફારસી શબ્દોનો છૂટથી ઉપયોગ કર્યો છે, બલ્કે ક્યાંકક્યાંક તો આખું વાતાવરણ પણ એ ભાષાઓથી જ ઊભું કર્યું છે. 'આસવ'માં પણ સાગર (સુરાપાત્ર), સાહિલ, હસીન, મલ્લાહ જેવા શબ્દો આવી ગયા છે. (સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩. પૃ. ૮૮, રૂ. ૧-૫૦.)

માનસર (બરકત વીરાણી 'બેફામ') ૧૮ વર્ષના ગાળામાં રચેલી ગઝલો, નઝમો, મુક્તકોથી સભર 'માનસર' કવિનો પ્રથમ સંગ્રહ છે. શે'ર કહેવાની એમની કલા પ્રશસ્ય છે:

''બેફામ' તો ય કેટલું થાકી જવું પડ્યું,
નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.'

આ અને આવા અસંખ્ય શે'રો ગુજરાતી ગઝલ સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો બની રહે છે. મૃત્યુ ને કબર અંગે તો ઘણા સારા શે'ર છે. મગર, સહર, તનહાઈ, ખુદકુશી, તામીર, જઝબાત અને વિસાલ જેવા શબ્દોથી ગઝલોને બચાવી શકાઈ ન હોત? એકંદરે 'માનસર' ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર ઉમેરો છે (પ્રકાશક ઉપર પ્રમાણે, પૃ. ૧૯૪. રૂ. ૬.)

સ્વપ્નમંદિર (કપિલ ઠક્કર 'મજનૂં') સ્વ. 'મજનૂં'ના આ સંગ્રહમાં ગઝલો ઉપરાંત મુખમ્મસ અને મુસબ્બબ તથા અંગ્રેજીમાં પણ બે રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગઝલ ઉપરાંત ફારસીનાં વિવિધ કાવ્યસ્વરૂપોનું ખેડાણ કરનાર કવિ તરીકે સ્વ. 'મજનૂં' નોંધપાત્ર ગણાય.

'આવી વસન્ત તો યે આ આમ્રવન રડે છે.
ઘેરા નિસાસ લેતો ઊનો પવન રડે છે.'

આવા સચોટ શે'ર કહી શકનાર કવિ સૂફીવાદ, ઈશ્કે હકીકીના રંગે રંગાએલા છે અને એમની કૃતિઓમાં એ રંગ ઝળકી ઊઠે છે. બાકી ઠેરઠેર ફારસી શબ્દો સામાન્ય વાચકને મૂંઝવણમાં મૂકી દે એવા છે. (પ્રકાશક: ભૂપેન્દ્ર ક. ઠક્કર, ૧૯૪૮ કૃષ્ણનગર, ભાવનગર. પૃ. ૮૦. રૂ. ૨-૦૦)

ફૂલ અને ફોરમ (મહેન્દ્ર 'સમીર') ગઝલો, નઝમો, મુક્તકો અને છૂટા શે'રોથી સભર 'ફૂલ અને ફોરમ' ભલે બહુ સારો નહિ તો પણ સામાન્ય સંગ્રહ તો નથી જ.

'ના કદી જાહોજલાલી કોઈની કાયમ રહી,
રણ બનીને ખુદ સમંદરને ય પથરાવું પડ્યું.'

જેવા વેધક શે'રોના ચમકારા મન ભરી દે છે. ગઝલ કરતાં કવિ મુક્તકમાં વધુ રંગ જમાવી જાય છે. 'ગૌહર', 'રુખસાર', 'મસ્લેહત' અને 'ચિલમન' જેવા ઉર્દૂ ફારસી શબ્દો ખૂંચે છે. (પ્રકાશક: મહેન્દ્રકુમાર છ. જોષી. ૨૬ ભારતીય સોસાયટી, ભાવનગર. પૃ. ૫૬ રૂ. ૧-૫૦).

ગુલઝારે શાયરી ('મરીઝ'): ગઝલ એ કેવળ સભારંજના પ્રકાર નથી એમ માનવાનાં કારણોમાં શ્રી મરીઝની ગઝલોના સમાવેશ થઈ જાય છે. ઉર્દૂ કવિ નૂન, મીમ, 'રાશિદ'ની જેમ શ્રી મરીઝને 'શાયરોના શાયર' કહેવામાં આવે તો જરા યે અતિશયોક્તિ નહિ ગણાય. સાહજિકતા, સરળતા અને સચોટતાની સાથે સાથે મૌલિકતા એ કાવની વિશિષ્ટતા છે. મક્તઅ સાંભળ્યા વિના પણ આ શે'રો મરીઝના છે એમ કહેવું પડે એ કવિની મોટી સફળતા છે. ગઝલની સાથેસાથે મુક્તક, રુબાઈ અને નઝમમાં પણ કવિ ખીલી ઊઠે છે. કવિની અન્ય ઘણી સારી ગઝલોને આ પુસ્તિકામાં કેમ સમાવી લેવામાં આવી નથી એની નવાઈ છે. (વિજયા પ્રકાશન, ૫૩ બાણગંગા રોડ, વાલ્કેશ્વર, મુંબઈ ૬. પૃ. ૩૨. રૂ. ૦-૭૫).

ગુલઝારે શાયરી ('શયદા') સ્વ. શયદાએ ગુજરાતી ગઝલને ખૂબ ખૂબ ખેડી છે. સાથે સાથે મુશાયરા-પ્રવૃત્તિને પણ લોકપ્રિય બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. બત્રીસ પાનાંની આ પુસ્તિકામાં કવિની પ્રતિનિધિ રચનાઓ નથી સમાવી શકાઈ. સાદગી, સરળ રજૂઆત અને ઇશ્કે હકીકી કવિના મુખ્ય ગુણો છે. સંગ્રહની છેલ્લી કૃતિ 'અમારા વિષે વિશ્વ આખું રમે છે' ફારસી કાવ્યસ્વરૂપ 'મુખમ્મસ' છે, છતાં એને વિદ્વાન પ્રસ્તાવનાલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેએ ગઝલ ગણી છે! સ્વ. 'શયદા' ગઝલને સામાન્ય જનતા સુધી પહોંચાડી ગયા છે એ એમની મોટી સિદ્ધિ છે. (વિજયા પ્રકાશન. પૃ. ૩૨. રૂ. ૦-૭૫)

ગુલઝારે શાયરી ('સગીર') શ્રી 'સગીર' ગુજરાતના એક પીઢ ગઝલકાર છે અને સ્વ. શયદા સાથે ગુજરાતીમાં ગઝલને લોકપ્રિય બનાવવામાં એમનો પણ ફાળો છે. ૧૯ ગઝલોની આ પુસ્તિકામાં ઘણીખરી ૧૨ અને ૧૪ શે'રો સુધી વિસ્તરેલી છે. ઉર્દૂમાં લાંબી ગઝલો માટે 'ફિરાક' જાણીતા છે. ગુજરાતીમાં લાંબી ગઝલો રચનાર તરીકે નોંધપાત્ર આ કવિના હાથે ઘણાં વર્ષોથી ગુજરાતી ગઝલનું સતત ખેડાણ થઈ રહ્યું છે. પરંપરાગત પ્રતીકો

આજનું સાહિત્ય

આજના સાહિત્યમાં પારેવાંની પાંખોના ફફડાટ સંભળાય છે, ચકલાંનાં ચીં ચીં સંભળાય છે, ક્વચિત કોયલના ટહુકાર સંભળાય છે, પણ ગરુડની ફાળ, રાજહંસનો વિવેક અને મયૂરની કેકાના ધ્વનિ દુર્લભ છે. આજે તો જીવનની સપાટી પર સાહિત્યકારો છબછબિયાં કરી રહ્યા છે.

સ્વરાજ્ય આવ્યા પછી પ્રાદેશિક ભાષા-સાહિત્યને ઉત્તેજન આપવાની નીતિ ઘડાઈ છે, સરકાર તરફથી શ્રેષ્ઠ સર્જનો માટે પારિતોષિકોની યોજના થએલી છે. સાહિત્યના ફેલાવા માટે ખર્ચ થાય છે, વહીવટમાં પ્રાદેશિક ભાષાને દાખલ કરવાની વેતરણ થઈ છે, પણ આ સવલતોથી ભાષા અને સાહિત્યની સ્થિતિ સુધરી છે ખરી? પારિતોષિકના પ્રલોભને નાનીમોટી બહુસંખ્ય રચનાઓ બહાર આવી છે, ફરમાસુ વિષયો ઉપર સંખ્યાબંધ કાવ્યો અને નાટકો રચાય છે. પણ ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળી રચનાઓ કેટલી? અને તે આ ઉત્તેજનો ન હોત તો પણ ન આવત? આંતરભારતી વ્યવહાર રૂપે એક ભાષાની શ્રેષ્ઠ કૃતિને બીજી ભાષામાં ભાષાંતર દ્વારા સુલભ કરી આપવાની સાહિત્ય અકાદમીની યોજના સાહિત્યનાં રસકસને ઉપકારક ગણાય. પણ હજુ એ યોજના દ્વારા પરભાષાનાં કેટલાં 'ક્લાસિક્સ' ગુજરાતી ભાષામાં સુલભ થયાં છે? સાહિત્યનું શિક્ષણ લેવાની પાત્રતા ગઈ પેઢીને મુકાબલે આજની પેઢીમાં કેટલી? ઉચ્ચાર, જોડણી અને વ્યાકરણની ભૂલો ન થાય તે વિષે ગઈ પેઢીના પ્રાથમિક શિક્ષકો જેટલી ચીવટ રાખતા તેટલી તકેદારી આજે કદાચ ઉચ્ચ શિક્ષણને ક્ષેત્રે પણ જોવા મળતી નથી, અને તેની વાત કરનારને 'વેદિયા', 'કાના માતરના માસ્તર' કે 'દૂધમાંથી નિરર્થક પોરા કાઢનાર બબૂચક'ની ગાળ ખાવી પડે છે! અંગ્રેજી ભાષાના ઉપયોગમાં જોડણીની ચીવટ રાખનાર અધ્યાપકો ગુજરાતીના ઉપયોગમાં એનાથી અર્ધી પણ દરકાર રાખતા હશે કે કેમ એ પ્રશ્ન છે. સમાજના વ્યવહારનું સાધન ભાષા છે. સાહિત્યમાં તેના આત્માનું પ્રતિબિંબ પડે છે. આ બંને અંગો જેટલાં સ્વચ્છ, કસાએલાં અને તેજસ્વી હશે તેટલી તેની સાંસ્કારિક ઈયત્તા ઊંચી. આ વાત આપણે માટે નવી નથી; પણ આજની પરિસ્થિતિમાં આપણે સ્વસ્થ ચિત્તે, કશા યે પૂર્વગ્રહ વિના આટલું વિચારીશું?: (૧) આજના સાહિત્યકારોની સાહિત્ય વિષે નિષ્ઠા નર્મદ, ગોવર્ધનરામ કે નાનાલાલ જેટલી છે? (૨) સાહિત્યક્ષેત્રે યદૃચ્છા વિહાર ને સ્વતંત્રતાને નામે પંગુતા ઢાંકવાનો પ્રયાસ તો નથી થતો ને? (૩) સાહિત્યની સમજદારી અને રુચિ કેળવાય તેવી કૃતિઓ તારવીને વારંવાર સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન થાય છે? (૪) રેડિયો પરના તેમજ ઈતર સાહિત્યિક સમારંભોએ સાહિત્યને વેગ આપવામાં કેટલો ફાળો આપ્યો છે? (૫) ઉત્સાહ અને આત્મપ્રદર્શનના પ્રમાણમાં નક્કર પરિણામ ઓછું આવે છે ખરું? આ અને આવા પ્રશ્નોના સમ્યક્‌વિચાર ઉપર ગુજરાતી ભાષા સાહિત્યનું ભાવિ અવલંબે છે.—સવ્યસાચી (ગુજરાત સમાચાર)

શમા, પરવાના, સાકી, સમાઈશ્ક વગેરે કવિ પોતાની રીતે પ્રયોજવામાં સફળ થાય છે. (વિજયા પ્રકાશન. પૃ. ૩૨ રૂ. ૦–૭૫)

ગુલઝારે શાયરી (બરકત વીરાણી 'બેફામ') સુંદર, દળદાર સંગ્રહ 'માનસર'ના કર્તા અને ચોટદાર ગઝલોની સાથેસાથે મીઠો કંઠ ધરાવતા શ્રી બેફામને મુશાયરામાં સાંભળવા એ પણ એક લ્હાવો છે. કવિની સરળતા ને પ્રવાહિતા પ્રશંસનીય છે. (વિજયા પ્રકાશન પૃ. ૩૨ રૂ. ૦–૭૫)

ગુલઝારે શાયરી (અમૃત 'ઘાયલ') આ પહેલા 'શૂળ અને શમણાં' અને 'રંગ' એમ કવિના બે સંગ્રહો પ્રકટ થઈ ચૂક્યા છે કચ્છના રેતાળ રણપ્રદેશમાંથી નીકળેલું મીઠું ઝરણું ગુજરાતી ગઝલની પ્યાસ છીપાવે એ આશ્ચર્ય અને આનંદની બીના છે. ગઝલના પરંપરાગત પ્રતીકો દ્વારા સચોટ રજૂઆત એ કવિની વિશિષ્ટતા છે, ને એમાં એમનો સોરઠી રણકો સારું આકર્ષણ જમાવે છે, ક્યારેક ખૂંચે છે પણ ખરો. (વિજયા પ્રકાશન પૃ. ૩૨. રૂ. ૦–૭૫)

ગુલઝારે શાયરી ('શૂન્ય' પાલનપુરી) 'શૂન્યનું સર્જન' અને 'શૂન્યનું વિસર્જન' નામે કવિના બે સંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. કવિનો પ્રતિનિધિ રંગ ગઝલ હોવા છતાં પુસ્તિકામાં માત્ર દસ જ ગઝલો લેવાઈ છે જે ઘણી ઓછી લાગે છે. નઝમમાં કવિ ગઝલ જેટલું આકર્ષણ જમાવી નથી શક્યા. સારા કવિ હોવાની સાથે તેઓ પણ ખૂબ મીઠો કંઠ ધરાવે છે. એકંદરે પુસ્તિકા વાંચી તૃપ્તિ નથી થતી. (વિજયા પ્રકાશન પૃ. ૩૨ રૂ. ૦–૭૫)

મધુવન (સંપાદક: હરીન્દ્ર દવે) ગુજરાતના નાનામોટા, પ્રખ્યાત–અજાણ્યા, જૂના નવા એમ કુલ ૮૩ શાયરોની ગઝલો: નઝમો ને મુક્તકોથી સભર આ સંગ્રહ ગુજરાતના ગઝલક્ષેત્રે એક યાદગાર પુસ્તક બની રહે છે. જોકે 'મધુવન'માં પ્રતિનિધિ શાયરો તો છે જ, પરંતુ નામાભિધાન સાથે જણાવ્યા પ્રમાણે 'પ્રતિનિધિ રચનાઓ' નથી સમાવી શકાઈ. છતાં સર્વશ્રી 'સાબિર', 'અમર' પાલનપુરી, અમીન આઝાદ, 'ઓજસ' પાલનપુરી, ગની દહીંવાલા, સ્વ. નઝીર ભાતરી, 'બેફામ', 'મરીઝ', યુસુફ બુકવાલા, રતિલાલ 'અનિલ', 'શૂન્ય', શેખાદમ આબુવાલા, સાકિન કેશવાણી, 'સૈફ' પાલનપુરી, હરીન્દ્ર દવે અને હેમન્ત દેસાઈની રચનાઓની મહેક 'મધુવન'માં પરખાઇ આવે છે. આટલા મોટા પાયા પર ગઝલ માટે કદાચ આ પહેલું જ પગલું છે. શ્રી હરીન્દ્ર દવે આ અંગે ખરેખર અભિનંદનને પાત્ર છે. (સ્વાતિ પ્રકાશન, પૃ ૨૯૦ રૂ. ૪–૫૦)

—'આદિલ' મન્સૂરી

ચેતન પ્રકાશનગૃહ (પ્રા.) લિમિટેડ

(રામજી મંદિર પોળ-વડોદરા)

નાં નવાં પ્રકાશનો

ધીરે વહે છે ડૉન: નૂતન રશિયાની કેટલીક સુંદર કલાકૃતિઓમાં માઇકેલ શોલોખોવની ત્રણ ભાગની નવલકથા 'ક્વાએટ ફ્લોઝ ધ ડૉન'નું સ્થાન અગ્રણી છે ઝારશાહીના જમાનામાં સ્મશાનવત્ શાંતિમાંથી ધીમે ધીમે યુદ્ધ, વિપ્લવ ને આંતરવિગ્રહમાં ઘસડાએલા રશિયાનું એમાં ચિત્રણ છે. સુરેશ જોષી, રમણલાલ પાઠક અને જયંત પાઠકે સાથે મળીને કરેલા આ અનુવાદના ત્રણ ભાગની અનુક્રમે ૬, ૪ અને ૬ (કુલ ૧૬) રૂપિયા કિંમત છે. **કરોળિયાનું જાળું:** વાસનામાં તરબોળ રહેતા જીવ મૃત્યુ બાદ પણ એમાંથી છૂટી નહિ શકતા હોવાનું વસ્તુ સમજાવતું આ મનનીય એકાંકી, મૂળ 'ઝ્યાં પૉલ સાર્ત્ર' કૃત 'ઈન કૅમેરા' ઉપરથી ચંદ્રવદન ચી. મહેતાએ તૈયાર કરેલું છે. રૂ. ૧. **નવી શૈલીની નવલિકાઓ:** ટૂંકી વાર્તાના સ્વરૂપ-વિકાસની દૃષ્ટિએ લક્ષણિક ગણી શકાય એવી જુદાજુદા દેશોની પંદર વાર્તાઓ. ટૂંકી વાર્તાના સ્વરૂપની ચર્ચા અને દરેક વાર્તાનો તથા તેના લેખકનો પરિચય આપતા વિસ્તૃત મુખબંધ સાથેનો આ સંગ્રહ શૈલીની વિવિધતા તથા નવા દૃષ્ટિકોણથી લખાએલી વાર્તાઓના નમૂનાઓને કારણે નવીન ભાત પાડે છે. સંપાદક: સુરેશ જોષી. રૂ. ૩–૫૦. **લાલ કરેણ:** કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની ઉત્કૃષ્ટ નાટ્યકૃતિ 'રક્ત કરબી'નો અનુવાદ: કરનાર ચંદ્રકાન્ત ક. ભટ્ટ–'ગૌતમ' રૂ. ૨–૦. **ભૂતાવળ:** ઘણાને મન 'આધુનિક નાટકોના પ્રણેતા' હેન્રિક ઈબ્સન કૃત વિખ્યાત નાટક 'ઘોસ્ટ્સ'નો ગુલાબદાસ બ્રોકરનો અનુવાદ. સાહિત્ય અકાદમી વતી ચેતન પ્રકાશને પ્રકટ કરેલા આ નાટકમાં સ્ત્રી-પુરુષના સંબંધોને ધીટ પ્રાગલ્ભ્યથી નિરૂપીને

રોગગ્રસ્ત પિતાના પુત્રમાં પણ ઊતરી આવતી રોગાવસ્થાનું ચિત્રણ છે. સમાજમાત્રને ઊંડી અસર કરતી એક મૂલગામી સમસ્યાને તે જે સ્પષ્ટ અને વાસ્તવિક દૃષ્ટિબિંદુથી રજૂ કરે છે એ માટે આ નાટક વિખ્યાત છે. રૂ. ૨-૫૦. **ગુજરાતી કવિતાનો આસ્વાદ** કરાવવાના પ્રયત્ન રૂપ આ પુસ્તકમાં બાવીસ જેટલી કાવ્યકૃતિઓનું રસદર્શન આપ્યું છે. લેખક: સુરેશ જોષી. રૂ. ૩; **અણુયુગના સમન્વયક નેહરુ**ની પ્રતિભાનું દર્શન કરાવતું નાનકડું પુસ્તક રૂ. ૩. **રાષ્ટ્રીય એકાત્મકતા**ના વિષય પર એક અભ્યસનીય અને મનનીય લેખની પુસ્તિકા. બંનેના લેખક: ભોગીલાલ ગાંધી. રૂ ૧ **આપણા યુગનો ભસ્માસુર:** અણુબૉંબના રોચક ને માહિતીપ્રદ કહાણી-લેખિકા: સુભદ્રા ગાંધી. રૂ. ૧. **રળિયામણો મારો દેશ:** વિકાસ ઘટકના ખેડૂતોનો ભારતપ્રવાસ-રૂ. ૩.

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.નાં નવાં પ્રકાશનો

સત્તાવનનો સાથી: ઈ.૧૮૫૭ના હિન્દના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં ગુજરાતે અને ખાસ તો વડોદરાના મહારાજા મલ્હારરાવ ગાયકવાડે આપેલા ફાળાની આસપાસ ગૂંથાએલી નવલકથા. તત્કાલીન વડોદરા રાજ્ય અને ગુજરાતની, તથા દેશની રાજકીય, સામાજિક અને ધાર્મિક વગેરે કેવી પરિસ્થિતિ હતી એ આપણને આ કથામાંથી સારી રીતે જાણવા મળે છે. લેખક: રમેશ જોષી. રૂ. ૫, **જીવન સૌરભ:** જીવનમાં ચારિત્ર્યની સુવાસ મહેકાવે એવા પ્રેરક વિચારો. લેખક: બબલભાઇ મહેતા. રૂ. ૧-૫૦. **સદાચાર:** અગાઉ 'કુમાર'માં જેનો વિસ્તૃત પરિચય આવી ગયો એ, વિદ્યાર્થીને નૈતિક માર્ગદર્શન આપતા પુસ્તકની નવી આવૃત્તિ. લેખક: સી. જે. વાલેસ. રૂ. ૧-૨૫. **સેવામૂર્તિ મોતીભાઈ અમીન:** ગુજરાતના એ શીલસંપન્ન સેવામૂર્તિનું જીવનચરિત્ર લેખક: ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલ. રૂ. ૧-૫૦. **રામાયણ નવનીત:** રામાયણની કથાનું રહસ્ય સમજાવતું મનનીય પુસ્તક પ્રવક્તા: ગુજરાતને કથામૃતથી મુગ્ધ કરનાર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી; સંપાદકો: ડૉ. કાંતિલાલ મ. શાહ અને નરેન્દ્ર કુમાર ચોકસી. રૂ. ૨. **વાર્તાવિહાર:** બાળવાર્તાના નવા કસબ અજમાવતી કુસુમબેન ઠાકોરની વાર્તાઓ. રૂ. ૨.

નવાં બાલગોવિંદ-પ્રકાશન

ગામડાના યાત્રી બબલભાઈ: ગાંધીજીના આદર્શોની પ્રેરણા લઇ ગુજરાતનાં ગામડાંઓમાં ફરતા રહેતા એ મૂક ગ્રામસેવકનું જીવનચરિત્ર, લેખક: સોમાભાઇ ભાવસાર. રૂ. ૨, **માનવતા સંસ્કારો:** માણસના રોજિંદા જીવનમાં ઉપયોગી અને અગત્યના બોધક વિચારો અને સૂચનો. લેખક: બબલભાઇ મહેતા. રૂ. ૩. **ખોવાયો ધરતીને આંગણે:** નીતિ, સત્ય અને શ્રદ્ધા ઉપર ઘડાએલા જીવનને નોંધપાત્ર જણાયા એવા નાનામોટા ૨૧ પ્રસંગોની વાર્તારૂપ ગૂંથણી. લેખક: હરીશ વ્યાસ. રૂ. ૨. **શિક્ષણ સોપાન:** (પુસ્તક પહેલું) અધ્યાપનમંદિરનાતાલીમાર્થીઓમાટેનું શિક્ષણવિષયક પુસ્તક, જેમાં માનસશાસ્ત્રના સિદ્ધાંતો ને શિક્ષણની પ્રક્રિયા તથા બુનિયાદી તાલીમની પદ્ધતિની વિશદ ચર્ચા આપી છે. લેખકો: ડૉ. મધુરીબેન હ. શાહ તથા બકુલચંદ્ર હા. શાહ. રૂ. ૨-૭૫. **સરળ ગુજરાતી મુદ્રાલેખન:** ગુજરાતી ટાઇપરાઇટિંગમાં 'ટચ મેથડ' સમજાવતા આ પુસ્તકમાં આ વિષયને સ્પર્શતી દરેક બાબતને સવિસ્તર સમજાવવામાં આવી હોઈ આ મૂલ્યવાન પ્રકાશન બન્યું છે. લેખકો: મિસ્ત્રી અને જાની. રૂ ૨-૫૦. પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસની કંપની, ગાંધીરોડ, અમદાવાદ-૧

સ્મૃતિ સાહિત્યમંદિરનાં

એક ડાળનાં પંખી: બંગાળના સામાજિક જીવનને સ્પર્શતી અને સંસારની અનેકવિધ સમસ્યાઓ સામેના માનવીના જંગની નિષ્ફળતા વ્યક્ત કરતી એક નવલકથા, લેખક: પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, રૂ. ૫-૫૦. **અગ્નિ અને આરતી:** આધુનિકયુવકયુવતીઓના સંસ્કાર લક્ષણો, નીતિમત્તાનું ધોરણ ઈત્યાદિનું ચિત્રણ કરતી કથા-લેખક: પ્રાણ પરદેશી રૂ. ૫-૨૫. **સનાતન સંગીત:** આપણી સંસ્કૃતિને અનુરૂપ એવા સુંદર, ભાવવાહી અને ઉમદા વિચારોનું આલેખન-લેખક: 'યોગેશ્વર', રૂ. ૩. **ઉરનાં અરમાન:** કુટુમ્બવત્સલતાના મમસ્પર્શી પ્રસંગોનું ચિત્રણ કરતી ધીરજબેન પારેખની નવી ઓગણીસ વાર્તાઓ, રૂ. ૪ ૫૦. **ત્યાગ અને તપસ્યા:** સ્ત્રીના વ્યક્તિત્વને ગૌરવવંતું બનાવવાના પ્રયાસ રૂપ નવલકથા. લેખિકા: પદ્મા ફડિયા રૂ. ૬. પ્રકાશક સ્મૃતિ સાહિત્યમંદિર, ઉમરગો ડણ, વિહાર, મુંબાઈ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

ગુર્જર નારી: લેખક ગુણિયલ દેસાઈ, અનુવાદક શિવશંકર શુક્લ. મુંબાઈના માળાઓમાં રહેતી મધ્યમ વર્ગની સ્ત્રીઓ અંગે મુંબાઈ વિશ્વવિદ્યાલયની એમ. એ.ની ઉપાધિ માટે સને ૧૯૪૫માં કરેલી વૈજ્ઞાનિક તપાસના પરિણામરૂપ મૂળ અંગ્રેજીમાં લખાએલો આ મહાનિબંધ, એ બહેનોના દાંપત્યજીવન, બાળલગ્ન, ધર્મ, મિલ્કત, હિંદુસમાજમાં સ્ત્રીઓનું સ્થાન વગેરે અંગેની પરિસ્થિતિઓનું દર્શન કરાવે છે. કિં. રૂા. ૨-૨૫. **ખોરાકનાં તત્ત્વો:** લે. બાપાલાલ ગ. વૈદ્ય. આપણાં ફળો, શાકો, ધાન્યો, કઠોળ, માખણ અને ઘી, મસાલા વગેરેનાં ગુણદોષ દર્શાવી આરોગ્યની દૃષ્ટિએ એના ઉપયોગ અંગે માર્ગદર્શન આપતા પુસ્તકની બીજી આવૃત્તિ. કિં. રૂા. ૪-૦૦. **अभिवन ऊझणूं:** સંપાદક શિવલાલ જેસલપુરા, અભિમન્યુ વિષયક સૌથી પ્રાચીન, દેહલકૃત ગુજરાતી આખ્યાનકાવ્ય, પ્રસ્તાવના અને શબ્દકોશ સહિત. કિં. રૂા. ૪-૦૦. **ડહાપણની વાતો:** લે. રમણલાલ સોની. મુખ્યત્વે ઈસપકથાઓમાંથી તારવેલી બોધક અને રસિક વાતો. કિં. રૂા. ૨-૦૦. **બાવલાનાં પરાક્રમો** સંપાદક હંસાબેન મહેતા. એક સુથારે બનાવેલો લાકડાનો ઢીંગલો બાવલો બોલે છે, ચાલે છે અને પરાક્રમો કરે છે, એ વર્ણવતી રમૂજી ઇટાલિયન વાર્તા 'પિનોકીઓનાં પરાક્રમો'ના આ લોકપ્રિય રૂપાંતરની ત્રીજી સચિત્ર આવૃત્તિ. કિં. રૂા. ૧-૫૦. **નહેરુચાચા ઝિંદાબાદ:** લે. કેશવલાલ મોતીલાલ વ્યાસ. પં. જવાહરલાલ નેહરુના જીવનપ્રસંગો અને સદ્ઉદ્ગારો રજૂ કરતું બાળકો માટેનું પુસ્તક. કિં. રૂા ૨ ૨૫. **માનવતાનાં મોતી:** લે. મનુભાઈ જોધાણી. નામ સૂચવે છે તેમ કેટલાંક પરગજુ પાત્રોની પ્રસંગકથાઓ. કિં. ૦-૫૦ ન. પૈ.. **ગરુડજીના કાકા** (કિં. ૫૦ ન. પૈ.) **'હ'માંથી ધુરંધર:** 'માણસે માણસે ફેર' એ નામની નવશિક્ષિત પ્રૌઢો તથા બાળકો માટેની શ્રેણીનાં ત્રીજા અને ચોથાં પુસ્તકો. બન્નેમાં નાનીમોટી વાર્તાઓ છે. કિં. ૬૦ ન. પૈ. બંનેના કર્તા 'જયભિખ્ખુ' **પ્રસંગકથાઓ (ભાગ બીજો):** લે. 'ધૂમકેતુ'-થોડું ભણેલા વાચકવર્ગને માટે કેટલાક અનુભવપ્રસંગો કિં. રૂા. ૧-૨૫. **'ત્રિ'.**

ઇલેક્ટ્રિક વેલ્ડિંગ માર્ગદર્શિકા: લેખક શ્રી માનશંકર ન. ભટ્ટ, પ્રકાશક: ભારત આયર્ન ઍન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ, રૂવાપરી રોડ, ભાવનગર, **જીવનની પારાશીશી:** સફળ જીવનની ચાવીરૂપ ગણાતા કેટલાક માર્ગસ્તંભો વિષે જગખ્યાત લેખક ડેલ કાર્નેગીના 'ડોન્ટ ગ્રો ઓલ્ડ, ગ્રો અપ' નામના પ્રસિદ્ધ પુસ્તકનું ભાષાંતર કર્તા: શ્રી વ્રજલાલ એન. પારેખ, પ્રકાશક: ભાયાણી બુક ડીપો, ૧૫૦ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨, રૂ. ૫-૭૫.

વિના અવરોધે, સહેલાઇથી ને ઓછા ખર્ચે
જમીન તેમજ પાણી પર ચાલતાં

જલસ્થલચર વાહનો


યુધિષ્ઠરનો રથ જમીનથી અદ્ધર ચાલતો હતો એવું કહેવાય છે. એ સમયની વાત તો કોણ જાણે, પણ આ યુગમાં એ કલ્પના અસંભવિત નથી; એટલું જ નહિ, હકીકત બની રહી છે. નવી દિલ્હીમાં ભરાએલા વિશ્વ-મેળામાં અમેરિકાએ એવી એક મોટરગાડી પ્રદર્શિત પણ કરી હતી એ ઘણાને યાદ હશે.


હૉવરક્રાફ્ટ, એર કાર, એરોમોટર, એરોમોબાઈલ કે હાઇડ્રોસ્કિમર વગેરે નામે ઓળખાતાં આવાં વાહનોના વિકાસ માટે ઈંગ્લંડ, અમેરિકા, ફ્રાંસ, જાપાન વગેરે દેશો સફળ પ્રયોગો કરી રહ્યા છે.

જમીન પર કે પાણી પર (ખરા શબ્દોમાં કહીએ તો જમીનથી કે પાણીની સપાટીથી અદ્ધર રહી) દોડતાં, પૈડાં વિનાનાં આ વાહનો 'એરકુશન' (હવાની ગાદી)ના સિદ્ધાંતને આધારે રચાઈ રહ્યાં છે. જમીન કે પાણીની સપાટી પર કોઈ સાધનને તળિયેથી ભારે દબાણપૂર્વક હવાને ફેંકવામાં આવે, તો એના ધક્કાથી એ સાધન અદ્ધર ઊંચકાવા લાગે છે. હવાનું આ દબાણ એકધારું જાળવી રાખવામાં આવે તો એટલો વખત જાણે એની તળે હવાની એક ગાદી જ રચાઈ જાય છે. ને એટલો વખત એ સાધન અદ્ધર જ તોળાઈ રહે.


આ અસર 'ગ્રાઉન્ડ ઇફેક્ટ'ને નામે પણ ઓળખાય છે. એરોપ્લેન અને હૅલિકૉપ્ટરને જમીન પરથી ઊંચકાવામાં હવાની આવી ગાદી જ સહાય કરે છે. એના પંખા હવાને જમીન તરફ ફેંકે છે અને એનો ધક્કો એ બંનેને અદ્ધર ઊંચકાવામાં સહાય કરે છે. આ ગ્રાઉન્ડ ઇફેક્ટ બહુ ઊંચાઈએ કામ ન લાગે, પણ જમીનથી અમુક થોડી ઊંચાઇએ જવા માટે કોઈ વાહન બનાવ્યું હોય તો એના તળિયા હેઠળ જ્યાં સુધી દબાણવાળી હવાની ગાદી બનાવી રાખવામાં આવે ત્યાં સુધી એ અદ્ધર ઊંચકાએલું રહી શકે. બીજી રીતે કહી શકીએ તો જમીન કે પાણી સાથેના ઘર્ષણ (ફ્રિકશન)ના અવરોધથી એ મુક્ત થઈ શકે. અને પછી તો એને આગળ ધકેલવામાં બહુ ઓછી શક્તિની જરૂર પડે. પરિણામે પૈડાં વિના પણ એ વાહન જમીન કે પાણીથી અદ્ધર રહી આગળ વધે. એમાં ન તો જમીન સાથેના સંપર્કથી આવતા આંચકા લાગે, કે ન તો કશો ખખડાટ-ભભડાટ થાય. વળી એ જમીન પર કે પાણી પર -બંને સ્થાને સરખું કામ આપે. રસ્તા કે પૂલની સગવડના અભાવે જ્યાં ન જઇ શકાય એવા સ્થળે પણ એ આસાનીથી જઈ શકે. નીચે પાકી સડક હોય, કે કાચો માર્ગ હોય, નદી હોય કે દરિયો, એને કંઈ રોકટોક નહિ.

અત્યાર સુધીમાં આ ક્ષેત્રે જે કંઈ પ્રગતિ થઈ છે એના પરથી એનું ઉત્પાદન પણ કરકસરભર્યું નીવડશે એમ લાગે છે. બે પ્રકારનાં એંજિનોની







કલાકે તેર નૉટ સુધીના વેગથી જતા હૉવરક્રાફટની નીચે તેમાંથી ફેંકાતી હવાના દબાણથી પાણીની સપાટી થોડી દબાય છે. એથી વધુ ગતિએ એવી અસર જણાતી નથી.




'વાઈકર્સ વી. એ. ૩.' પ્રથમ જાહેર વ્યવહારમાં મુકાએલું બ્રિટનનું આ હૉવરક્રાફ્ટ વૉલેસી અને હ્રાઈલ વચ્ચેના વીસેક માઈલના પટ પર દોડે છે. આ પટ પર આવતી રેતી અને ડી નદીના પટમા અન્ય કોઈ પદ્ધતિથી વાહન-વ્યવહાર ચાલી શકતો ન હોઈ લોકોને એ બે સ્થાન પર જવા પચાસેક માઇલનો ફેર લેવો પડે છે એ આથી બચી ગયો. અદ્ધર ઊંચકાવા માટે બે અને આગળ જવાના ધક્કા સારુ ચાલતા જંગી પંખા માટેના બે મળી કુલ ચાર ગેસ ટર્બાઈન એન્જિનો એમાં વપરાય છે. ૨૪ પૅસેન્જરોને લઈ પાણીની કે રેતીની સપાટીથી આઠેક ઈંચ ઊંચે રહી એ વીસેક મિનિટમાં ઉપર જણાવેલું અંતર કાપી નાખે છે. નીચે એ સાડા બાવન ફૂટ લાંબા અને પચ્ચીસ ફૂટ પહોળા વાઈકર્સનો ઉપરથી દેખાવ આપ્યો છે. વચ્ચેના માછલી જેવા આકારની મધ્યમાં પૅસેન્જરોને બેસવાની સગવડ છે.






એમાં જરૂર પડે છે. એ બંને યંત્રો ઓછા હૉર્સપાવરનાં પણ હોઈ શકે. વળી બંને ચલાવવામાં સરળ અને બનાવવામાં ઓછાં ખર્ચાળ છે. આમાંનું એક એંજિન બહારથી હવાને ખેંચીને એને વાહનને તળિયેથી દબાણપૂર્વક બહાર ફેંકે છે—જેના ધક્કાથી વાહન અદ્ધર ઊંચકાય છે. આ 'લિફ્ટ' મેળવવા માટે જુદાજુદા પ્રકારનાં યંત્રો પર પ્રયોગો થઈ રહ્યા છે અને ઓછી કિંમતે તથા બહોળી સંખ્યામાં એનું ઉત્પાદન શક્ય છે. બીજી બાજુ, ગાડીને આગળ ધકેલવા માટે પણ બહુ શક્તિશાળી એંજિનની જરૂર નથી. વળી, એ બનાવવું, ચલાવવું ને સાચવવું અટપટું, મુશ્કેલ કે ખર્ચાળ નથી. બંને એંજિનોમાં સાથે મળીને જેટલું બળતણ જોઇએ એના કરતાં યે આજની મોટરગાડીઓ કે બોટમાં વધારે બળતણ ખવાઈ જાય છે. કેમકે આ ચાલુ વાહનોમાં ઘર્ષણની સામે થવામાં જ ઘણી શક્તિની જરૂર પડે છે.



ફ્રાંસની ઊડતી રકાબી. ૨૮ હૉર્સ પાવરના એંજિનોથી ચાલતી આ ગાડી કલાકના ૧૧૦ માઈલ-નો વેગ લઈ શકે છે. ઉપર જવા માટે એમાંબે પંખા ગોઠવેલા છે.

આમ સૈદ્ધાંતિક રીતે બહુ સરળ લાગતા આ વાહનના વિકાસ અને ઉત્પાદનની પાછળ નિષ્ણાતો ઘણું ઊજળું ભાવિ જોઈ રહ્યા છે. જમીન અને પાણી બંને પર કામ લાગવાની એની સગવડ અતિશય ઉપયોગી તો છે જ, પણ સાથોસાથ બીજા પણ અનેક લાભ છે. જમીન પર દોડવા માટે હાલ તો એને એકસરખી સપાટીની જ માત્ર જરૂર રહે છે પછી એ પાકી સડક હોય કે ટેખાળવું ખેતર. માત્ર ખડકાળ જેવી ઊંચીનીચી જમીન ન જોઈએ. જોકે ભવિષ્યમાં એની આ મર્યાદાનો ઉકેલ પણ આવી જશે. પાણીમાં ચાલતી આગબોટોની ગતિનો પાણી જે મોટો અવરોધ કરે છે એનો ડર આવાં વાહનોને ન હોઈ એ પાણી પર પણ ઘણી સારી ગતિએ દોડી શકે છે, એટલે ભવિષ્યમાં આગબોટોની સરખામણીમાં તો આ વાહનો ઘણાં ચડિયાતાં સાબિત થઇ રહેશે. વળી પાણી પર ચાલવા માટે એને ઊંડાં જળની જરૂર ન હોઈ એ ગમે તેવી છીછરી નદી પર દોડી શકે છે, એટલું જ નહિ ક્યાંક પાણી સુકાઇ જઈ માત્ર કાદવ જ બચી રહ્યો હોય તો યે એ તો આગળ ધપી શકે. ભારત જેવા દેશની, ઋતુઋતુએ સપાટી બદલતી નદીઓ પર તો આવાં વાહનો

ઉપર જેનું ચિત્ર આપ્યું છે એ 'એસ. આર.-એન ૧'ની રચના સમજાવતા આ આલેખનો છે. આ વાહન ૩૦ ફૂટ લાંબું, ૨૪ ફૂટ પહોળું ને ૩૧/૨ ટન વજનનું છે અને પેસેન્જરો તથા માલસામાનની હેરફેરમાં કામ લાગે છે. એનાં કેટલાંક મુખ્ય અંગો તો પહેલા આલેખનમાં દર્શાવ્યાં છે. બીજામાં એનો આડ છેદ આપી ઉપરથી ખેંચાએલી હવા અંદર થઇને તળમાં (જુઓ નીચેનું ડાબી તરફનું આલેખન) થઇને કયે માર્ગે બહાર ફેંકાય છે એ સફેદ તીર દ્વારા દર્શાવ્યું છે. આગળ વધવા માટે આ વાહનમાં 'જેટ'ના ધક્કાની સહાય લેવામાં આવે છે. જમણી તરફના નીચેના આલેખનમાં વાહનનો ઉપરથી દેખાવ આપ્યો છે એમાં વચ્ચે હવા ખેંચવા માટેનો ચાર પાંખિયાનો મોટો પંખો દેખાય છે. એસ. આર.-એન ૧ ઇંગ્લિશ ચેનાલ પર ઇંગ્લંડથી ફ્રાંસ સુધીની સફળ સફર મારી ચૂકેલું છે.





હૉવરક્રાફ્ટની એક જુદી રચના. આમાં વાહનનાં બંને પડખાં પાણીની સપાટીની અંદર ડૂબેલાં જ રહે છે. એટલે અને એને આગળ ધકેલવા માટે અન્ય જળ-વાહનોની જેમ જ પંખા-પ્રૉપેલર જ વપરાતા હોઈ આ વાહન જમીન પર ન ચાલે. પણ અહીં હવાની ગાદીનો લાભ લેવાયો છે. એમાં પડખાંની દીવાલોની વચ્ચે આવતું હવાનું દબાણ પૂરેપૂરું કામમાં આવી જતાં મોટા કદનાં વાહનો માટે એ કરકસરભરી રચના છે. અલબત્ત, પાણીમાં ડૂબી રહેતાં પડખાંને પાણીનો અવરોધ લાગી એનો વેગ ઘટે છે પણ અન્ય જહાજોની સરખામણીમાં એ અવરોધ ઘણો ઓછો હોય છે. અદ્ધર ઊંચકાવાથી એને આગળ ચલાવવામાં ઘણી ઓછી શક્તિ ખર્ચાય છે. માલસામાનની હેરફેર માટે આવાં વાહનો ઘણાં સગવડભર્યાં નીવડશે.

ઘણા ઉપયોગી નીવડે. અહીંની નદીઓ તો અનેક ગામોને જોડતી વહે છે એ બધાં સ્થળોને પાકી સડકો કે રેલમાર્ગ દ્વારા સાંકળી લેવાં મુશ્કેલ પણ બને. ત્યાં આવું વાહન સડસડાટ આવજા કરી શકે. છતાં આ ક્ષેત્રે હજી કેટલાક પ્રશ્નો ઉકેલવાના બાકી તો છે જ. પ્રથમ તો હવાની ગાદીનો સિદ્ધાંત જ હજી સંપૂર્ણ ઉકેલવાનો છે. પણ નિષ્ણાતો એ બધું જ્ઞાન મેળવ્યા વિના થોડા જંપશે? છતાં જે કંઇ પ્રયોગો થયા છે ને આવાં વાહનો બન્યાં છે એની કામગીરી તેમજ એનો દેખાવ પણ સંતોષકારક ને સ્વીકાર્ય તો છે જ. આ પ્રગતિ પરથી સહેજે અનુમાન થઈ શકે છે કે વાહનોને ક્ષેત્રે નિષ્ણાતોએ એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.

આ સાથે એના કેટલાક નમૂના તથા એની કામગીરી ને રચના સમજાવતાં જે થોડાં ચિત્રો ને આલેખનો આપ્યાં છે, એના પરથી આવા વાહનો વિષેનો વધુ સારો ખયાલ મળશે.


જમીન ઉપર અને પાટા પર પણ હવાનું એકસરખું ભારે દબાણ સર્જીને પૈડાં વિનાની રેલગાડી દોડાવવાની કલ્પના પણ નિષ્ણાતો કરી રહ્યા છે. એથી પાટાનો અડધા ઉપરનો ખર્ચ બચશે. પાટા સાથેના ઘર્ષણથી મુક્ત રહી એ ગાડી કંઈ પણ ખડભડાટ કર્યા વિના ઘણા વેગે દોડશે.



કૌશલ(જાદુ)કળા-૫ · કપાએલી દોરી સાંધવી


જાદુના ખેલમાં 'ઇલમ કી લકડી'નું મહત્ત્વ ઘણું છે. થઇ રહેલા ચમત્કારો આ લાકડીના પ્રતાપથી થાય છે એવો રહસ્યમય ખયાલ પ્રેક્ષકોના મનમાં જગાડવા સાથે એ બીજાં ઘણાં અગત્યનાં કામોમાં મદદ કરે છે. એને હાથમાં લેવાને કે ટેબલ પર મૂકવાને બહાને ઘણી ચીજ વસ્તુઓની લે-મૂક પણ કરી લેવાય છે. આ લકડીની સહાયવાળી એક ચાલાકી જોઇએ:

જાદુગર એક દોરી લઈ એનો એકાદ આંટો વીંટી પ્રેક્ષકોને એ બતાવે છે. (આ૦ ૧) એ સળંગ દોરીને પ્રેક્ષકમાંથી કોઈને બોલાવીને એ કપાવી નાખે છે, અને પછી પેલી ઈલમકી લકડી ફેરવીને એને આખી કરી દે છે. કેટલાક દોરીને બદલે પ્રેક્ષકની પાઘડી માગી લે છે, પણ દોરીમાં સરળતા વધુ રહે છે. આ ખેલ ઘણો પ્રચલિત છે એટલે એની વિગતોમાં ન ઊતરતાં રહસ્ય જ જોઈએ:



આ સાથે ક્રમવાર આકૃતિઓ દ્વારા ખેલની બધી ચાલાકી દર્શાવી છે. હાથમાં એક દોરીનો ટુકડો લઈ એ પ્રમાણે કરતા જશો તો વધું સરળતાથી સમજાશે.

આકૃતિ ૧ પ્રમાણે દોરી પકડી પ્રેક્ષકોને બતાવવી ને જણાવવું કે 'ક્ષ' પાસેથી કાપીને એના બે ટુકડા કર્યા પછી તમે એને સાંધીને પાછી સળંગ દોરી બનાવી દેશો. હવે થોડી આડીટેડી વાતમાં પ્રેક્ષકોનું લક્ષ દોરી આકૃતિ ૨ પ્રમાણે ને પછી આ૦ ૩ પ્રમાણે દોરીને ગોઠવી દો.



આ માટે કંઈ પણ બહાના સાથે પ્રેક્ષકો તરફ સહેજ પીઠ ફેરવીને આ ચાલાકી પતાવી લેવી. આ૦ ૩ પ્રમાણે ગોઠવાએલી દોરી મૂળ આ૦ ૧ પ્રમાણે જ પ્રેક્ષકોને દેખાશે. (રહસ્ય તો તમારી મુઠ્ઠીમાં દબાએલું હશે.) હવે પ્રેક્ષકમાંથી કોઇની પાસે એ દોરી પર દર્શાવેલા સ્થાને કાપ મુકાવી દો. દોરી કપાઈ ગઈ લાગશે, હકીકતે આકૃતિ ૪અ પ્રમાણે એનો એક છેડો જ કપાયો છે; પણ લોકોને તમારી મુઠ્ઠીમાં આકૃતિ ૪બ પ્રમાણે દોરીના બે ટુકડા લટકતા લાગશે. હવે કાપનાર પાસે ઉપરના બે છેડાની ગાંઠ વળાવો (આ૦ ૫). અને પછી દોરીના બે છેડા પકડીને પ્રેક્ષકોને બતાવો એટલે દૂરથી તેમને એ ગાંઠ દોરીના બે ટુકડા વચ્ચે વાળેલી દેખાશે (આ૦ ૬). ખરી હકીકત શી છે એ તમે સમજો જ છો. બસ, હવે દોરીને એક છેડેથી પકડીને ડાબા હાથ પર વીંટવા માંડો (આ૦ ૭). એટલે પેલી ગાંઠ સરકતી સરકતી તમારા જમણા હાથમાં આવશે અને આખી દોરી ડાબા હાથ પર વીંટાઈ જશે. 'ઈલમ કી લકડી' લેવાને બહાને પેલી ગાંઠ વાળો દોરીનો ટુકડો ટેબલ પર મૂકી દો. લકડી ફેરવો ને વીંટેલી દોરી ઉખેળશો એટલે દોરી સળંગ ઉખળી આવશે.

નિરંજન ઠક્કર

ચન્દ્રવદન મહેતા

ટ્રૅજેડીનાં જૂજવાં રૂપ

રંગગઠરિયાં-૨૭

એક દિવસ રીટા અમને લાઇડન જતાં પહેલાં હાર-લેમ પાસે એક નાનું ગામડું છે ત્યાં લઈ ગઈ. એ ગામડાનું નામ સ્પાર્ડેન. અહીં એક નાનું મજાનું સ્મારક બતાવવા એ લઈ આવી હતી. પેલા નાના છોકરાની વાત: બંધમાં બાકોરું પડયું એટલે એમાંથી દડદડ વહેતું પાણી ગામમાં ફરી વળી તેને તારાજ ન કરી મૂકે તે માટે પેલો નાનો છોકરો એમાં આંગળી ભેરવી અને પછી પોતાની પૂંઠ દબાવી ઠૂંઠવાતો આખી રાત બેસી રહ્યો અને ગામલોકને બચાવી લીધું. વાત કાલ્પનિક, પણ મુલકમશહૂર, જગમશહૂર પણ કહેવાય એવી. કર્તાકારવતાઓએ એ વાતને બાળબચ્ચાઓનાં અને કિશોર-કિશોરીઓનાં મગજમાં ઊગતી વયમાં ઠસી જાય અને જિંદગી સુધી ભુલાય નહિ એટલા માટે એને ડોશીમાની વાતથી માંડી પાઠ્ય પુસ્તકોમાં, અભ્યાસક્રમમાં, કહાવત-કથાવટમાં એવી તો મ્હલાવી બહલાવી મઢી દીધેલી કે ખોટી છતાં સૌ ખરી જ માને અને દેશદાઝની અગનજ્યોત પ્રજ્જ્વળતી રહે. સૌકોઈ દેશમાં એ પ્રમાણે જ થાય.

સવારે લાઇડન.ત્યાં જમી રૉટરડામનું એક થીએટર અને મ્યૂઝિયમ જોવા જતા હતા. ૧૯૪૦માં સતત આગવર્ષાએ સાતઆઠ લાખની વસ્તીવાળા આ શહેરને બાળીને ખાખ કરી નાખ્યું હતું. કુદરત જો વિસુવિયસનું મોં ફાડી ચોગમ કિલોના કિલો સુધી આગના પ્રચંડ કોઠ ફોડી ધૂંઆધાર કરી નાખે, ધગધગતા અગનરસની નદીઓ વહેવડાવે, તો કુદરત સાથે સરાસરી કરનાર માણસ પણ એ દિશામાં ગાંજ્યો જાય એ કેમ બને? હિટલરે વેરેલા એ સર્વનાશનું કારણ નદી; એક નહિ બે નદી: જર્મનીમાંથી અહીં વહી આવતી આપણી હાઈન, અને બેલ્જિયમમાંથી આવતી માસ. એ બે નદીઓએ રૉટરડામ અને ડૉર્ડરેચ વચ્ચે જે પ્રકારની હાથગૂંથણી કરી છે એ જોતાં તો એમાંથી એ બેને કયાં છૂટી પાડવી એ એક ભારે કોયડો બની રહે છે. પરિણામે રૉટરડામ દુનિયામાં બીજા નંબરે આવતું મોટામાં મોટું બંદર બની રહે છે. નદીમુખે આવું બંદર હિટલરથી કેમ સહ્યું જાય? બહારથી આવતો શસ્ત્રસરંજામ અહીં જ ખડકાતો જાય, એટલે એણે એક જ દિવસમાં શહેર, બંદર અને ગોદીના ભુક્કા ઉડાવી દીધા! હાઇનની છાતી ઉપર જ મિ. ઝડકીને એ અવદશાનું સ્મારક ખડું કરી દીધું છે. એ પરથી આટલો માર પડતાં પણ ભોંય પડતો માનવ નિરાધાર નથી એનો મર્મસૂચક અને દર્દજનક ખયાલ આવે છે.



હાઈનની છાતી ઉપર રૉટરડામના વિનાશનું મર્મસૂચક અને દર્દજનક ઝડકિનનું શિલ્પ



વાન ડર નીઅરનું ચિત્ર 'સંધ્યાટાણે પવનચક્કીઓ'

ગ્રીસમાં નાટકના બીબામાં ભારોભાર ટ્રૅજેડી કંડારાએલી મળે છે. એમાં શાપ, દેવોની અવકૃપા, માનવ અને અમાનવ વચ્ચેનો સંઘર્ષ, દુઃખની પરંપરા, એમ જાતજાતનાં લક્ષણો છણાએલાં આજે આપણી સમક્ષ મોજૂદ છે. માનવી એમાં રીબાય છે, દુઃખોની સામે લડે છે, પડેઆથડે છે, સંતાપના અગ્નિમાં જળે છે, ને એવી જાતજાતની અનુભવપરંપરામાંથી પસાર થતાં એ વીરલો લોકોની દયા-અનુકંપા પણ પ્રાપ્ત કરે છે. ગ્રીક ટ્રૅજેડીને રાસેં અને કોરનીલે ફ્રાન્સમાં અપનાવી, શેક્સપીઅરે નવા ઘાટઠાઠ આપી ઈંગ્લંડમાં વિકસાવી, ઇબ્સન-સ્ટ્રાઇન્ડબર્ગથી ઇલિયટ કલોડેલ આખ-સાર્ત્ર સુધી સૌએ પોતપોતાની મતિ અનુસાર એને મઠારી; પણ આજે હવે અભ્યાસી વિવેચકો ટ્રૅજેડીના બંધનો અંત આવ્યાની વાત સ્વીકારે છે. 'સર્ચ ઑવ ટ્રૅજેડી' 'ક્વેસ્ટ ઑવ ટ્રૅજેડી', અને તાજેતરમાં 'ડેથ ઑવ ટ્રૅજેડી' આ છેલ્લા દાયકાનાં ત્રણ સંશોધન-પુસ્તકોનો એ જ એક સૂર છે, કે ઈશ્વરમાંથી શ્રદ્ધા ચળી જતાં, નાસ્તિકવાદ વધતાં, હવે નાટકના બીબામાં ટ્રૅજેડીનો પહેલાં જેવો ઘાટ ઘડાવો અશકય છે. બને; એ ખરું પણ હોય; પરંતુ શહેરોનાં શહેરોનો નાશ કરવો એ એકની ટ્રૅજેડી નહિ પણ અનેક સામાન્ય માણસોની ટ્રૅજેડી નહિ કહેવાય? અને એ જ ઘવાએલા ચીંથરેહાલ થએલા માણસો પાછી શહેરની નવેસરથી બાંધણી કરે છે, એ પણ એમની વીરતા ન કહેવાય?

'ડેથ ઑવ ટ્રૅજેડી'માં એનો લેખક જ્યૉર્જ સ્ટાઈનર પુસ્તક પૂરું કરતાં પોતાનો એક અનુભવ ટાંકે છે. તાજેતરમાં જ એ ભાઈ પોલૅન્ડના પ્રવાસે જતા હતા. એક ખંડિયેર જેવા સ્થાનમાંથી ટ્રેઈન પસાર થતી હતી ત્યારે સાથીદાર પ્રવાસીઓમાંના એક પોલૅન્ડવાસીએ એને કહ્યું: 'આ એ જ ટેકરી. અહીં એક મઠ હતો. જર્મનોએ જે રશિયન અફસરોને પકડેલા એમને અહીં કેદમાં રાખેલા. લડાઈના અંત ભાગમાં એટલેકે લગભગ ૧૯૪૪માં જર્મન લશ્કર પીછેકદમ કરતું મૉસ્કોથી પાછું ફરતું હતું ત્યારે આ કેદખાનામાં કોઇને કશો ખોરાક પહોંચતો નહિ. દર-

વાનોએ તો આસપાસનાં ગામડાંમાંથી લૂંટી લાવી ચલાવ્યું, પણ રખેવાળીમાં રાખેલા કૂતરાઓને કાંઇ ખાવાનું મળ્યું નહિ અને એ ભૂખ્યા ડાંસ થઇ ગયા. એટલે જર્મન રખેવાળોએ એ કૂતરા પેલા કેદીઓ ઉપર છૂટા મૂકી દીધા અને એમ કૂતરાઓનાં પેટ ભરાવ્યાં! કૂતરાઓ તો કેદી અફસરો ઉપર તૂટી જ પડચા અને એમાંના ઘણાને તો જીવતા જ ખાધા. આખરે પેલા રખેવાળોને પણ જ્યારે નાસવા વારો આવ્યો ત્યારે તેઓ બચેલા કેદીઓને એક ભોંયરામાં પૂરી, તાળું મારી નાઠા. એમાંથી ભૂખમરાથી પીડાતાં, એકબીજા પર ઘુરકતાં અને આખરે એકબીજાને મારી ખાતાં છેવટે બે જણા જીવતા રહ્યા હતા, ત્યારે સોવિયેટ લશ્કર કૂચ કરતું આવી ચડયું. એમણે ભોંયરું ખોલ્યું ત્યારે હાડકાંનાં મુડદાંઓ ઉપર ફક્ત બે રશિયન અફસરો માંડ જીવી રહ્યા હતા. એમની પાસેથી હકીકત સાંભળી એમને તરત પેટપૂરું ખાવાનું આપવામાં આવ્યું. પછી? પછી એમને રાતે ખૂણામાં લઈ જઈ ગોળીથી વીંધી નાખી એમનાં પણ મુડદાં પાડવામાં આવ્યાં! કારણ? રખે લશ્કરના બીજા માણસો જાણે કે એમના અફસરોના આવા હાલ થયા હતા એ દહેશતથી પેલા બેને મુડદાં ભેગા કરવામાં આવ્યા, અને પછી આખો મઠ તરત બાળી નાખવામાં આવ્યો. આ યે એક આ જમાનાની ટ્રૅજેડી. અને આવી તો કેટલી સર્જાતી હશે! ખરું, પણ એમાં શ્રદ્ધાની, ઇશ્વરના અસ્તિત્વની કે દૈવી કોપ કે શાપની વાત ગૂંથવામાં નથી આવી. ઉપરના જેવા તો કંઈક કથા-કિસ્સાઓ બન્યા જ કરે છે અને બન્યા કરશે એવું લાગે છે.

શું થાય? કંઈ નહિ થાય! સ્વિત્ઝરલૅન્ડ, જર્મની ઘૂમી અહીં સુધી ર્‌હાઇન દોડી આવી છે. એને પડખે જ, એની આસપાસની ભૂમિ ઉપર કેટલાં લોહી રેડાયાં હશે અને કરુણાજનક કિસ્સાઓ બન્યા હશે એનો અંદાજ કોણ કાઢી શકે? એ લોહી રેડાયાં, નદીમાં વહ્યાં અને અહીં થઇ સાગરમાં યે ભળ્યાં. એમાંથી કંઇક કવિઓએ ગીતો ગાયાં, ગાથાઓ ઘડી, રોમાંચક સંગીત સરજ્યું, એ પણ આ ર્‌હાઇને સાંભળ્યું; અને સાગરને મળવાના સ્થાનક ઉપર, નદીમુખ આગળ જ ઉપરથી અગનવર્ષા પણ ઝીલી. કોનો વાંક? માનવ માનવનો સંહાર કરતો જ આવ્યો છે. એમાં માનવનો વાંક કે એવાં ચોકઠાં ગોઠવનાર વિધાતાનો વાંક? ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર મોરારજી દેસાઇ કહે છે કે જો મહાભારતનું યુદ્ધ ન ખેલાયું હોત તો ભારતનો ઇતિહાસ વળી જુદો જ લખાયો હોત. બરાબર; અને એ યુદ્ધનો પ્રસંગ ન સાંપડચો હોત તો કદાચ કર્મયોગનું નિરૂપણ કરનારી ગીતા પણ કૃષ્ણે ન ગાઈ હોત. અને ગીતા વિનાનું ભારત તે વળી કેવુંક થાત! 'જો અને તો'ના આવા બુદ્ધિના સટ્ટાને અંત જ નથી. ઘટના બન્યે જાય છે, માણસ અટકાવવા ધારે તો યે બને છે; અને બનાવવા મથે તે બનતી પણ નથી. પણ એ બધાંમાંથી અંતે સાર એક જ મળે છે કે માણસ પડચો-પટકાયો ત્યાંથી પણ ઊભો થવા હામ ભીડે છે. ભસ્મીભૂત ભંગારમાંથી પણ નવું રૉટરડામ એક દાયકામાં ખડું કરી દીધું, જૂના ઘાની એકેએક નિશાની ભૂંસી નાખી. એ જ ર્‌હાઈનને ફરી શણગારી. અહીં જ અપરંપારના પહોળા રસ્તા બાંધી, ફરી ઈમારતો ચણી, જૂનવાણી ધરતી ઉપર તદ્દન નવી જ ઢબનું નૂતન શહેર સરજી ફરી વ્યવહાર શરૂ કરી દીધો છે.

અને એ થકી પણ અદકી અને સગવડ ભરેલી, કાચ લોખંડ અને લક્કડ, તાણ્યા તુણ્યા કાચ, અને સેળભેળમાંથી ઘટાવેલા પદાર્થોમાંથી આંખને ઠારે એવા ઘાટની નાટકશાળાઓ પણ એણે બાંધી. આ થકી યા આ સ્થાને નહિ જ બંધાય, એવું કહેનારા ત્યાં નથી. નાટકશાળાની તે વળી જરૂરત શી એવી ચર્ચા કરનારા તો ત્યાં નથી જ નથી. નાટકશાળામાં આટલી સગવડ વળી શાની હોવી જોઇએ, એવું પૂછનારા યે નથી. નાટકશાળા એટલે નાટકશાળા. એમાં શું શું હોવું જોઇએ એ વિષે આપણે વિચારી ગયા છીએ એટલે અહીં લંબાણ નહિ કરીએ.

આપણે રૉટરડામના શોબર્ગ થીએટરમાં 'હેન્રી ધ ફોર્થ'નું નાટક જોવા જઇને બેસીએ એ પહેલાં ત્યાંના બોયમેન્સ મ્યૂઝિયમમાં વૉન ડર નીરની યા ટીશ્યાં કે રેમ્બ્રાંની એકાદ ચિત્રકૃતિ કે રોદાં યા માઇલોલની થોડીક શિલ્પકૃતિઓ જોઈ લઇએ. વૉન ડર નીરનું 'સન્ધ્યા ટાણે પવનચક્કીઓ'નું ચિત્ર જુઓ તો ખરેખર આપણે ડૉન કિહોટેની મનોદશાવાળા ન હોઇએ તો પણ દૂરથી એ રાક્ષસો જેવી જ લાગે. એવાં બધાં ચિત્રો જોઈ નાટકશાળા તરફ વળીએ.

રૉટરડામનું રૉબર્ગ થીએટર એટલે આરામથી બેસી નાટક જોવા માટે બારસો ને સાઠ બેઠકો! ઉપરની ત્રીજી ગૅલેરીના દાદરા ચડવાની હિમ્મત નહોતી, એટલે ત્યાંની ત્રીજી બાલ્કનીની બારમી હાર, એટલે કે પહેલીથી ચુમ્માળીસમી હારમાં બેસીને કેવું દેખાય કે કેટલું સંભળાય એનો મને અનુભવ નથી; પરંતુ ત્યાં બેસનારાઓ પણ હતા અને શાંતિથી સાંભળતા હતા, એટલે માઇક્રોફોનના કૃત્રિમ સાધન વિના પણ ત્યાં અવાજ રેલાવી શકાતો હશે એ દેખીતું છે.

પારી(સ)માં થીએટર દ શાલિયો નામની એક જૂની ઈમારત છે ત્યાં 'થીએટર નૅશનલ પૉપ્યુલર' નામની સંસ્થાના સંચાલક, અજીબ પ્રોડયુસર અને નટ ઝયાં વિલરે, ફ્રાન્સના પ્રખ્યાત અભિનયકલાના ખાં ગણાતા ઝયાં લૂઈ બારો, ચાર્લ્સ ડલિન અને લૂઈ જોવે જેવા શિક્ષકો પાસે બેસી–શીખી, સાથે કામ કરી સારી ખ્યાતિ સંપાદન કરી છે. પોતે ફ્રેન્ચ, પણ ૧૯૪૫માં ઇલિયટનું 'મર્ડર ઈન ધ કૅથેડ્રલ' અંગ્રેજીમાંથી ફ્રેન્ચમાં ભજવી માનચાંદ મેળવ્યા ત્યારથી તો એની કીર્તિનો વાવટો આજ સુધી ઊંચે ને ઊંચે ફરકતો રહ્યો છે. પોતે ફ્રેન્ચ છતાં જર્મની, ચેકોસ્લોવાકિયા, ગ્રીસ, સ્વિત્ઝરલૅન્ડ, ઈટાલી, બેલ્જિયમ અને ઇંગ્લંડમાં એડિનબરઅ ફેસ્ટિવલમાં નાટકો કરી એણે ભારે નામના મેળવી છે. યુરોપ જાઓ તો પારી(સ) તો જવાના જ; તો ટી. એન. પી. (થીએટર નૅશનલ પોપ્યુલેર)માં જઈ વિલરને શેકહૅન્ડ કરી આવજો અને નાટકની ટિકિટ ખરીદજો. માણસ તો અચ્છો છે જ, પણ કામ અજબગજબનું કરી શકે છે. નટ-નાટકશાળા માટે એણે પોતે નિશ્ચિત આદર્શો વિચાર્યા છે, અને એ સિદ્ધ કરવા એ જહેમત કરે છે. નાટકમાંનું રહસ્ય, એનું તત્ત્વ, એનો નક્કર સંગીન મર્મ એ બહાર લાવે, રજૂ કરે, મૂળ વાતને બરાબર વળગી રહે, એને પ્રગટ કરે. અભિનય કરતાં પણ એ જ ધ્યેય ધ્યાનમાં રાખે. લોકમાનસને નાટકશાળા વગર ચાલે જ નહિ એવું કરી મૂકે. છાપું, નળમાં પાણી, રાંધવાનો ગૅસ યા વીજળિક શક્તિ, ઘરમાં સ્વચ્છતા એ બધાં જીવનમાં જેટલાં નિત્યોપયોગી છે એટલી જ મહત્ત્વની નાટકશાળા છે એવું એ મનાવે. ત્યાં ગયા વગર લોકને ચેન ન પડે એવું એણે કરી મૂક્યું છે. 'ના, ફક્ત મારાં જ નાટકો જોવા આવે એવું કહેવાનો મારો આશય છે જ નહિ; સારી રીતે ભજવાતી કોઈ પણ અચ્છી નાટકકૃતિઓ તેઓ જોતા થાય, એટલું જ હું માગું છું' એમ એ કહે છે.

ખરેખર, જબરો માણસ છે એ. એટલે કે એનામાં અખૂટ શક્તિ અને તાજગી છે. થીએટર દ શાલિયોમાં નાટક થાય, પછી ખવાય, નાચવું હોય તો નચાય, નાટક ન હોય ત્યારે નાટકનું પઠન થતું હોય તો એમાં હાજરી અપાય, કવિતાવાચન થાય, કંઈક રમવું હોય તો રમાય, ચર્ચા થાય અને વચ્ચેવચ્ચે 'સિનેમું' જોવું હોય તે પણ જોવાય! આ બધા માટે ટિકિટો સસ્તી, ખૂબ જ સસ્તી. કાળાંબજાર જેવું નામનિશાન નહિ. એ થાય છે એવું લાગે કે વિલરે તાબડતોબ એના ઉપાયો શોધી અમલમાં મૂકયા જ હોય. એને સરકારની મદદ, પોલીસની મદદ,

મિત્રોની મદદ અને પોતાનામાં કૌવત–કરામત, પછી શું જોઇએ?

પરદો ખૂલ્યો. રીટા ટ્રૅમવેલનો કેટલો આભાર માનું? એ સાથે ન હોત તો વિલર સાથે મને કોણ ભટકાવત? ઠાવકી, દેખાવડી, નાટકની શોખીન, ભણેલીગણેલી, એકાદ એજન્સીમાં એ રીટા કામ કરે. એ જ્યારેત્યારે મારી સાથે આવતી ત્યારે મારું મન એટલું કચવાએલું રહેતું હતું! પણ એ હસીને કહેતી, 'તમે શા માટે એટલી બધી ચિંતા કરો છો? કાલે સાંજે તો અમે પાછાં મળીશું જ.' એને એક બૉયફ્રેન્ડ; મારી સાથે નાટકમાં આવવાનું હોય ત્યારે રીટા એ ફ્રેન્ડને ના પાડે; એમ એમની જુદાઈ મને ગોઠવતી નહોતી. હું કહું, આપણે ત્રણ ટિકિટ લઈએ; તો એની પણ ના. આખરે એક દિવસ નાટક પછી અમે ત્રણે સાથે જમ્યાં. મેં ટ્રેઈન પકડી, ને એનો બૉયફ્રેન્ડ એને મુકામે મૂકવા યા ફરવા ગયો ત્યારે મારો જીવ હેઠો બેઠો. આપણે ત્યાં બે સખિ-જીવડાનો મેળ જામતાં એમને મળતાં અટકાવનારા, બેના લાગણી-વિકાસમાં ફાચર મારનારા, પ્રણયપંથમાં કાંટા પાથરનારા કૈંક માબાપો વડીલો અને મિત્રોનાં વર્તન જોઈ જોઇ હું આ પાઠ શીખ્યો હતો, કે ક્યાંક બે જીવડા આ દુખિયારા સંસારમાં ઘડીભર સુખી થતા હોય તો ભલે મળે; એમાં આપણે ક્યાં વચ્ચે અંતરાયરૂપ થવું?

હેન્રી ચોથા તરીકે હાથમાં તલવાર લઈ, રાજવી ઝભ્ભો પહેરી, ત્રિકોણ મુખડામાંની ચમકતી આંખો વિસ્ફારિત કરી વિલરે રંગભૂમિ સચેતન કરી ત્યારે મન એક ભારે આનંદની ઊર્મિથી સભર થઈ ગયું. આ તે નટ અને એનો અભિનય! આ ઇંગ્લંડનો રાજા હેન્રી નહિ; અને, એનો લેખક પણ શેક્સપીઅર નહિ. આ તો ૧૮૬૭માં જન્મી ૧૯૩૬માં અવસાન પામેલા પ્રખ્યાત નાટકકાર લ્યુઇજી પિરૅન્ડેલોની કૃતિ. ગમ્મત તો જુઓ, કે મૂળ નાટક ઈટાલિયનમાં, ભજવે છે મશહૂર નટ તે ફ્રેન્ચ, અને ભજવાય છે ડચ પ્રજાની સમક્ષ હૉલૅન્ડમાં; અને એ જોવા જનારાઓમાં એક તે ગુજરાતી! કઈ ભાષા છે એની કોઈ ઝગડપંચાત પણ નથી કરતું. ભારતમાં પિરૅન્ડેલોનું 'છ પાત્રો નાટકકારની શોધમાં' એ નાટક લોકપ્રિય થઈ ભજવાતું રહ્યું છે. એની આ કૃતિ પણ પંકાએલી છે.

સત્ય એટલે શું? લ્યો, સવાલ કાઢ્યો! જાણે હું એનો જવાબ જાણું છું; અને તમે વળી એનો જવાબ જાણે જાણતા હશો! પિરૅન્ડેલો કહે છે કે દરેક વ્યક્તિનું વ્યક્તિગત સત્ય; એ વળી એના સંજોગો પ્રમાણે નોખું નોખું; બે વ્યક્તિ વાચા દ્વારા એકબીજીને કંઈ જ કહી શકે નહિ! કહે, સમજે, એમ વ્યવહાર ચાલે છે; પણ વાચા એ છે નબળું માધ્યમ; એક કહે ત્યારે એના મનમાં શું હોય, અને બીજો પોતાની મતિ અનુસાર સમજે શું? જિંદગી જ જ્યાં એક અસત્ય માયાજાળ છે ત્યાં વળી સત્ય ક્યાં શોધવા જઈએ? છતાં માણસ પોતા તેમજ બીજા માટે પોતાની આસપાસ આ જ સત્ય છે એવી એક સૃષ્ટિ સરજવા વલખાં માર્યા જ કરે છે અને આખરે એમાં ફસાએલો રહે છે.

પણ પરદો ખૂલ્યો ત્યાર પછી આપણે આ શા લપલપાટમાં દાખલ થઈ ગયા! વીસ વર્ષનો હતો ત્યારે આ એક ઉમરાવ ઘોડા ઉપરથી ગબડી પડ્યો હતો, અને એ પછાડને પરિણામે એના મગજમાં એક એવો ભ્રમ ભરાઈ બેઠો હતો કે પોતે જર્મનીનો ૧૦૭૭ની સાલમાં થએલો રાજા ચોથો હેન્રી જ છે! આ માન્યતાને લઈ એણે એની આખી રહેણાક પણ એ પ્રકારની જ કરી નાખી હતી. એક કિલ્લામાં ઘોડેસવારો અને સાથીદારોને લઈ એ રહેતો. એ જેમ માનતો તેમ એની આસ-પાસના પણ એને હેન્રી ચોથો જ મનાવતા. આવા ભ્રમમાં જ એ જીવતો. એક દિવસ એની ઉમરાવજાદી ભત્રીજી એક નવા ડૉક્ટરને લઇને એને મળવા તેમજ એને તપાસાવવા ચડી આવે છે; અને ડૉક્ટર એને કહે છે કે તમે હેન્રી ચોથા થવાનો જાણી જોઈને ઢોંગ જ કરો છો; બાકી તમારું ડાગળું ખસી ગયું છે ને એથી આવું માનો છો એ વાત આખી ખોટી! 'ઢોંગ' શબ્દ સાંભળી રાજા ઉશ્કેરાયો, અને તરત પેલાને કટાર ભોંકી ઠાર કરી નાખ્યો. માણસ પોતાનો ઓળો ઊભો કરી, એ ઓળો જ સાચો એવું મનાવવાનો સતત પ્રયત્ન કરતો હોય છે; એમ પોતે હેન્રી નથી છતાં હેન્રી છે એ જ ભૂત જીવનભર એણે ચલાવ્યા કર્યું. એવી માન્યતામાં એ પોપની પાસે પણ જાય છે અને જાતજાતનાં કરતૂકો કરી બેસે છે. જગત જ ભ્રમ, તો જીવન પણ ભ્રમ જ છે, સકળ માયાનો ખેલ છે. ઝયાં વિલર ફક્ત પોતાની બે આંખ મારફત જ બનાવટી હેન્રીને સાચા હેન્રીના સ્વરૂપમાં છતો કરે છે. આંખ ઉપરાંત અત્યંત સુરીલો મીઠો અને સંવેદનશીલ એનો અવાજ શ્રોતા-ઓનાં જિગરને રસમાં તરબોળ કરી નાખે છે. આ સાદશક્તિથી જ મોટા ભાગના નટોએ પ્રેક્ષકોની દુનિયા સર કરી છે. નાટકની દૃષ્ટિએ આ કૃતિમાં શેક્સપીઅરની તોલે પહોંચે એવો સંઘર્ષ નથી. માનવીએ પોતાની આસપાસ ગૂંથેલી માયાજાળ, અને એમાં છેદ પડતાં માનવીના પ્રત્યાઘાતો,—બસ. પરંતુ વિલર્સ એ કૃતિને જે રીતે સજીવન બનાવે છે એમાં જ એનો કલાકિસબ છે.

(ચાલુ)

ટચૂકડા ટ્રાન્ઝિસ્ટરનું મહત્ત્વ

ચાંપ દબાવી કે જોઇતી વસ્તુઓ મળી જાય! એ કરામતની પાછળ કયું તત્ત્વ રહ્યું છે એનું કુતૂહલ થાય. એ પ્રશ્નનો જવાબ છે: વટાણાના કદનું ટ્રાન્ઝિસ્ટર. એમાં સંકેતવર્ધક (ઍમ્પ્લિફાયર) તરીકે સેવા આપતા ત્રણ બારીક તાર જોડેલા હોય છે. તે વીજાણુ સંકેતો ઝીલે છે, સ્પષ્ટ કરે છે અને વિસ્તૃત બનાવે છે. વાલ્વ (વૅક્યુમ ટ્યૂબ) જે કામ શૂન્યાવકાશમાં કરે છે તે ટ્રાન્ઝિસ્ટર ઘનરૂપમાં કરે છે. વળી વાલ્વ કરતાં તે ઘણી ઓછી જગ્યા રોકે છે, તેની પેઠે ગરમ થતા નથી; અને તેમાં બહુ જ ઓછી વીજળી વપરાય છે. દેખાવે સાદો છતાં એ ઘણો અટપટો છે.

ટ્રાન્ઝિસ્ટરનો સહુ પહેલો ધંધાદારી ઉપયોગ બહેરાઓ માટેનાં શ્રવણ સાધનોમાં થયો. એ પછી આજે તો તે એટલું વ્યાપી ગયું છે કે ટ્રાન્ઝિસ્ટરનાં ફોનોગ્રાફ, ટેઈપ રૅકોર્ડર, ઍમ્પ્લિફાયર, રમકડાં, માપ તથા કસોટીનાં સાધન, ફોટોગ્રાફિક સાધન, ફ્લ્યુલ કન્ટ્રોલ, વોલ્ટેજ રૅગ્યુલેટર્સ, આગ અને ચોર સામેના ઍલાર્મ, બારીઓ બારણાં અને અન્ય સાધનોનાં કન્ટ્રોલ્સ, વીજાણુનાં ગણતરીયંત્રો, તારથી માહિતી આપતાં બીબ્રયંત્રો ઇત્યાદિ અનેક રૂપમાં તેનો ઉપયોગ પ્રચલિત બન્યો છે. અવકાશમાં અને સમુદ્રતળિયે સંશોધન કરતા વૈજ્ઞાનિકો માટે તો એ આંખ અને કાન બની રહ્યું છે. ટેલિફોનમાં વધુ ઝડપી વ્યવહાર માટે દૂરના અંતરે સીધાં જોડાણોને સુગમ બનાવવા માટે તથા ઘોંઘાટનાં સ્થળોએ ઉપયોગમાં લેવા માટે અવાજ નાનોમોટો કરવાની સગવડવાળા ટ્રાન્ઝિસ્ટરયુક્ત ટેલિફોન-સેટ બનાવવામાં આવ્યા છે.

સંદેશ-વ્યવહાર, લશ્કર અને ઉદ્યોગમાં તેના ઉપયોગની વિરાટ શક્યતાઓ ખુલ્લી થઇ છે, ત્યારે અન્ય ક્ષેત્રોમાં–ખાસ કરીને ઔષધને ક્ષેત્રે પણ તેના કેટલાક રસપ્રદ ઉપયોગ થઇ રહ્યા છે. લોહીના પરિભ્રમણને હાનિ પહોંચે ત્યારે નબળા પડતા જતા હૃદયના ધબકારા વધારવા માટે પાંચ તોલાથી યે ઓછા વજનનું એક ટ્રાન્ઝિસ્ટર ઍમ્પ્લિફાયર યોજવામાં આવ્યું છે. સર્જનો તેને માનવદેહમાં સીવી લઈને હૃદયને પુનર્જીવન આપી શકે છે. અંધજનોના મગજમાં ટ્રાન્ઝિસ્ટરયુક્ત ઍમ્પ્લિ-ફાયર મૂકવામાં આવતાં તેમને પ્રકાશના ઝબકારાનો અનુભવ થાય છે।

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય'-૩૯

જેમાં 'વઘાર' એ ગુજરાતી રસોઈની અદ્વિતીય-વિશિષ્ટતા છે એ

મસાલા

સ્વાદ ખોરાક માટે રુચિ ઉપજાવે છે. ખોરાક જો સ્વાદિષ્ટ હોય તો જ તે ખાવાની રુચિ થવાથી માંડી એ ગળે ઊતરે અને પચે છે. સ્વાદવિહીન ખોરાક ખાવો ગમતો નથી.

ખોરાકમાં સ્વાદ ઉપજાવનાર મસાલા છે. આહારના મુખ્ય ત્રણ ઘટકો: પ્રોટીન, ચરબી ને ગળ્યા સિવાયના કાર્બોહાઇડ્રેટના બધા પદાર્થો. સ્વાદ વગરના કોક ખાદ્યોમાં કુદરતી સોડમ હોય છે; બાકી તેમને મનગમતા બનાવવા માટે રાંધતી વખતે મરીમસાલા નાખવા પડે છે.

સ્વાદમાં મોટો ભાગ એની સોડમ ભજવે છે. સ્વાદનું જ્ઞાન જીભની આંતરત્વચામાં પથરાએલા સ્વાદબોધક અંકુરો કે સ્વાદકલિકાઓ દ્વારા થાય છે. આ સ્વાદકલિકાઓ જીભની ધારો અને ટેરવા ઉપર પુષ્કળ સંખ્યામાં છે; જ્યારે જીભની પાછલી બાજુએ થોડી. પણ ખૂબીની વાત તો એ છે કે બધા વિવિધ સ્વાદો જીભની સપાટી ઉપર એક જ સ્થળે પરખાતા નથી પણ જીભના જુદાજુદા ભાગો ઉપર જુદીજુદી જાતના સ્વાદો પરખાય છે. જીભના ટેરવા ઉપર ગળ્યો અને ખાટો સ્વાદ પરખાય છે, જીભના બધા ભાગ ઉપર ખારા સ્વાદનું જ્ઞાન થાય છે. જ્યારે કડવો સ્વાદ જીભના છેક પાછલા ભાગમાં પરખાય છે.

સ્વાદકલિકાઓ દ્વારા મૂળ ચાર જાતના સ્વાદનું જ્ઞાન થાય છે: ખારો, ખાટો, ગળ્યો અને કડવો, આ પૈકી છેલ્લા બે સ્વાદ પારખવાની શક્તિ તો દરેક વ્યક્તિમાં તેજ હોય છે. આ મૂળ સ્વાદોના મિશ્રણમાંથી અને ગંધ દ્વારા પછી બીજા સ્વાદોનું જ્ઞાન થાય છે.

નાકના ઊંડાણમાં આવેલી ઘ્રાણેન્દ્રિયની ઉત્તેજનાથી સોડમ આવે છે. સોડમ ખરી રીતે ગંધ જ છે. સ્વાદ અને સોડમ વચ્ચે ગૂંચવાડો ઊપજવો સ્વાભાવિક છે. ડુંગળીનો સ્વાદ જીભ પારખતી નથી પણ તેના વાયુઓ ગળામાંથી નાક વાટે ગંધજ્ઞાનના તંતુઓમાં ભળતાં ગંધનું જે જ્ઞાન ઉપજાવે છે તેને જ આપણે ડુંગળીનો સ્વાદ આવ્યાનું કહીએ છીએ. ફળ ખાવામાં પણ તેના સ્વાદ માટે ગંધ જ અગત્યનો ભાગ ભજવે છે. ખરાબ સ્વાદનો ખોરાક ખરી રીતે ખરાબ વાસ મારતો જ હોય છે. આવી જ રીતે કોઈક બાબતમાં આપણે જેને ગંધ કહીએ છીએ તે ખરી રીતે સ્વાદ હોય છે! ક્લૉરોફૉર્મની હવા જીભના ઉપરની સ્વાદકલિકાઓને ઉત્તેજે છે. આથી આપણને તેનો મીઠો સ્વાદ લાગે છે. આને આપણે ખોટી રીતે મીઠી વાસથી ઓળખીએ છીએ. સખત સળેખમ તથા શરદીવાળાને બધી ચીજોનો સ્વાદ એકસરખો યા બધો ખોરાક સ્વાદવિહીન લાગે છે, કારણ કે તેના ગંધજ્ઞાનતંતુઓ કાર્ય કરતા નથી હોતા. ફળાઉ, મસાલેદાર, પુષ્પવિશિષ્ટ, ખુશબોદાર, લસણડુંગળી-વિશિષ્ટ, બકારીજનક અને દગ્ધ સ્વાદો એ ખરી રીતે સોડમ જ છે, જે ખોરાકને ભૂખ ઉઘાડનાર કે મારનાર બનાવે છે. જોકે ખરા સ્વાદોથી આમાં થોડુંક વધારાનું ઉમેરાય છે.

પ્રાચીન આયુર્વેદાચાર્યોએ આહાર અને ઔષધિદ્રવ્યના છ રસ વર્ણવ્યા છે. આ છ રસો આ પ્રમાણે છે: મધુર, અમ્લ, લવણ, કટુ (તીખો), તિક્ત (કડવો) અને કષાય (તૂરો). કડવો રસ કોઈને ય ગમે નહિ; પણ આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓએ એને અરુચિ દૂર કરી રુચિને વધારનાર કહ્યો છે. કષાય રસ જીભમાં સ્તબ્ધતા અને જડતા આણે છે, કંઠ અને મોઢાને સૂકવે છે. મહર્ષિ ચરકે રોજ છ યે રસોનું સેવન બલકારક (सर्वे रसाभ्यासो बलकराणाम्) તો એક રસનું સેવન દુર્બળતા આણનાર (एक रसाभ्यासो दौर्बल्यकराणाम्) લેખ્યું છે. ભાવાર્થ એટલો કે એમનો અતિયોગ કે હીનયોગ હાનિકારક છે, પણ સમ્યક સેવનથી શરીર પોષાય છે.

આમલી કે કોકમવાળી વઘાર કરેલી દાળમાં છ યે રસો અને શાકમાં ચાર રસનો સમાવેશ થાય છે. વઘાર એ ગુજરાતની રસોઈની અનુપમ વિશિષ્ટતા છે. પ્રો. કાન્તિલાલ પંડ્યા કહે છે કે "રસોઇમાં મસાલાના સરસ ઉપયોગનું ને ખરેખરું ગુજરાતી કહીએ એવું ઉદાહરણ એ આપણો વઘાર છે. બીજા માન્તો કે દેશોમાં આપણા વઘાર જેવું બીજું કૈં હજુ જાણીતું નથી. યોગ્ય વઘારથી દાળશાકના પચવામાં બહુ ફાયદો થાય છે; ને ખાસ કરીને પ્રોટીનોના પાચનની વિક્રિયાનો તે આબાદ ઉતાર છે. વળી તે જે સ્વાદ ને રસ ઉત્પન્ન કરે છે તે તો અનુપમ છે."

મસાલાના પદાર્થોમાં પાંદડાં, ફૂલો, બિયાં, છાલ અને મૂળિયાંનો સમાવેશ થાય છે. પણ રંગ જેમ કાપડના ટકાઉપણાનો સૂચક નથી તેમ મસાલેદાર સર્વ ખોરાક પોષણદાયક નથી હોતા; કેમકે મસાલાનું કોઇ આહારમૂલ્ય નથી; માત્ર ખોરાકને રુચિકર બનાવવાનું તે શ્રેષ્ઠ સાધન છે, જેની આહાર અને પોષણમાં મોટી કિંમત છે. તેમનાં સ્વાદ અને સોડમથી મોઢામાંથી લાળ છૂટે છે અને જીભ દ્વારા મગજને પહોંચેલા સંદેશાથી જઠરમાં પાચકરસ સ્રવે છે, જે ખોરાકના પાચનમાં અતિ ઉપયોગી છે. વળી કેટલાક મસાલા જંતુઘ્ન હોઇ આંતરડાંમાં થતા ખોરાકના કહોવાટની ક્રિયાને અટકાવે છે. ટૂંકામાં સોડમ અને સ્વાદથી ભૂખ ઉત્તેજાય છે અને સારી ભૂખથી ખોરાક સરળતાથી પચે છે.

સ્વાદ અને ગુણ પ્રમાણે મસાલાના દાહક ને અ-દાહક એમ બે ભાગ છે. ખોરાકમાં સ્વાદ અને લહેજત આણવા પૂરતો જ અ-દાહક સોડમયુક્ત મસાલાઓનો મિત ઉપયોગ કરવો જોઇએ. બાકી તીખી તમતમતી રસોઈથી ખોરાકનો કુદરતી સ્વાદ ભુલાવાથી માંડી આંતરત્વચામાં દાહ થઈ મોં અને હોજરીમાં ચાંદાં પડવા સુધીની સ્થિતિ સર્જાય છે. રોજિંદા આહારમાં તીખા મસાલાઓનો ઉપયોગ હાનિકર છે. સ્વાદ એ ટેવની બાબત છે. અ-દાહક મસાલાઓથી રસોઇ જોકે ફિક્કી બને છે પણ એની યે ટેવ પડ્યા પછી તે પણ સ્વાદિષ્ટ લાગે છે.

સ્વાદ પ્રમાણે મસાલાઓની વર્ગણી આ પ્રમાણે છે: મધુર–ગોળ અને ખાંડ; ખારા–મીઠું; ખાટા–આમલી કોકમ લીંબુનો રસ ને સરકો; તીખા–મરચાં આદુ અજમો મરી રાઈ તજ લવિંગ; કડવા–મેથી; તુરા–હળદર. એલાયચી તજ લવિંગ જીરું લીલા અને સુકા ધાણા તુલસી ફુદીનો જાયફળ જાવંત્રી લસણ-ડુંગળી વગેરેની સોડમયુક્ત મસાલાઓમાં ગણના થાય છે.

ગોળ ખાંડ ને મીઠું આ ત્રણ સામાન્ય વપરાશમાં આવતા મસાલા છે. ખોરાક સ્વાદિષ્ટ બનાવવા ઉપરાંત જીવનક્રિયા (મેટાબૉલિઝમ)માં એમની મહત્ત્વની કામગીરીઓ છે.

મીઠું

બધા મસાલામાં મીઠું અગ્રસ્થાને છે. તેના વિના રસોઈ ફિક્કી ને અસ્વાદિષ્ટ લાગે છે. એકલા તેનાથી રસોઈમાં સ્વાદ પુરાય છે, એટલે સ્વાદના બધા રસો તેમાં સમાતા હોવાથી અગર તેનાથી બીજા રસો વિના નભતું હોવાથી તેને સબરસનું ઉચિત નામ અપાયું છે.

મીઠાનું રાસાયણિક નામ છે સોડિયમ ક્લોરાઇડ. તે સોડિયમ

ધાતુ અને ક્લોરાઇન વાયુનું મિશ્રણ છે. કુદરતમાં વનસ્પતિ અને પ્રાણીઓના દેહમાં સર્વત્ર મીઠું વિસ્તૃત પથરાએલું છે. આપણા શરીરના રક્તજળ અને બીજા પ્રવાહીઓનું તે આવશ્યક ઘટક છે. એનાથી શરીરમાં પાણી અને જલીય દબાણનું નિયમન થાય છે. સમુદ્રજળનું અને માનવસમેત પ્રાણીઓના રક્તજળનું આયનિક (ionic) બંધારણ એકસરખું હોવાથી તથા પાણી અને મીઠા ઉપર આપણો આધાર હોવાથી પૃથ્વી પર પ્રથમ જીવન સમુદ્રમાં ઉદ્ભવ્યાની માન્યતા બંધાઈ છે. માનવી માંસાહારી મટી ખેતીના ઉત્પાદન ઉપર નભતો થયો ત્યારથી રસોઇની લહેજત ખાતર નહિ પણ જિંદગી અને આરોગ્યની જાળવણી માટે મીઠાનો ઉપયોગ સ્વીકારાયો હોવાનું મનાય છે.

પ્રાણીમાત્રમાં મીઠું ખાવાની કુદરતી પ્રબળ લાગણી હોય છે. અહિંસ્ર પ્રાણીઓ ધરતીનું મીઠું ચાટવા માટે લાંબાં અંતર કાપતાં હોવાનું કહેવામાં આવે છે, ને ગાયો ઓખર કરે છે તે પણ આ કારણે જ.*

મીઠું મુખ્યત્વે દરિયાના ખારા પાણીમાંથી મળે છે. તદુપરાંત ભૂગર્ભના ખારા પાણીમાંથી, ખારાઘોડામાં તેમજ રાજસ્થાનના ખારાપાણીના સાંભર સરોવરમાંથી મીઠું પકવાય છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં મંડી ખાતે સિંધવ મીઠાની ખાણ છે.

વડાગરું,ઘસિયું,સાંભર,સિંધવ,સંચળ વગેરે મીઠાની જાણીતી જાતો છે. મહર્ષિ ચરક આ બધી જાતોમાં સિંધવને શ્રેષ્ઠ ગણાવે છે (समधुरं सैन्धवं लवणोत्तमम् ॥ સૂત્રસ્થાન ૧૪૭–૨૯૫) અને બધા મીઠાના સામાન્ય ગુણ 'રુચિકર તથા અન્ન વગેરેને પચાવનાર' કહે છે.

આપણા શરીરના વજનના દર કિલોગ્રામ દીઠ અઢી ગ્રામ લેખે એટલે કે સાડાત્રણ મણની કાયામાં બે ઔંસ કરતાં થોડું વધારે મીઠું આવેલું છે. ખોરાક ખાવાથી મીઠાનું આ પ્રમાણ જળવાઈ રહે છે. વધારાનું મીઠું મુખ્યત્વે પેશાબ વાટે બહાર ફેંકાય છે. શક્તિના ઉત્પાદન કે પેશીઓની મરામતમાં મીઠાનો કોઈ ઉપયોગ નથી, એટલે બીજા ખોરાકની જેમ શરીરમાં તેનો વપરાશ નથી. પરસેવો, આંસુ અને આંતરડાંના સ્રાવો વાટે તેનો થોડો નિકાલ થાય છે, એટલે આહારમાં એના થોડા પ્રમાણની જ જરૂર છે. વધારે પ્રમાણમાં લેવાએલું મીઠું ગુરદાઓ બહાર ફેંકે છે.

મીઠાનું અતિ મહત્ત્વનું કામ શરીરના કોષોની આસપાસના પ્રવાહીનું યોગ્ય દબાણ કે સમતુલા જાળવવાનું છે. હૃદયની માંસપેશીઓથી માંડી મગજની પેશીઓ, અરે શરીરની બધી પેશીઓ મીઠાયુક્ત પ્રવાહીથી તરબોળ છે; અને તેમાં મીઠાનું યોગ્ય પ્રમાણ ન હોય તો તે આરોગ્યભરી કામગીરી ઉઠાવી શકતી નથી. કોષોના પાણીના નિયમનનું કામ કરનાર મીઠામાં ખોરાકના કે પીધેલા પાણીને આકર્ષવાનો ગુણ છે. કેટલાંક ખાદ્યોના પાચન અને શોષણમાં મીઠાની પ્રબળ અસરો પડે છે. રાંધતી વખતે રસોઈમાં મીઠું નાખવાથી ખાદ્યોના વિટામિન 'સી'નો થોડો નાશ થાય છે. યુરોપાદિ દેશોમાં પકાવેલી રસોઈમાં ઉપરથી મીઠું નાખવાનો રિવાજ છે. મીઠાવિહીન ચરબી પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટના પૂરતા આહાર ઉપર નભતા માણસને ખાવા માટે અરુચિ ઉત્પન્ન થઇ માંદગી આવી પડે છે. જો આ સ્થિતિ લાંબો વખત ચાલુ રહે તો જિંદગીની કામગીરીઓ અશક્ય થઈ પડે છે. અખતરાઓથી સાબિત થયું છે કે $\frac{1}{4}$ ઔંસ કરતાં પણ ઓછા મીઠાના આહારથી, ગરમ વાતાવરણમાં કામ કરતા રહી પરસેવો થવા છતાં ય માનવી તંદુરસ્ત રહી શકે છે. યોગ્ય ખારાશવાળા ખોરાકમાં ખાતી વખતે વધારે મીઠું નાખવાની રીત એ ટેવ કે મોજ કહી શકાય.

પ્રાયોગિક રીતે સાબિત થયું છે કે સરાસરી તંદુરસ્ત માણસને રોજ ૧$\frac{1}{2}$ ગ્રામ મીઠું જોઇએ. પણ આપણે આના કરતાં દસગણું વધારે એટલે ૧૦ થી ૧૨ ગ્રામ (૧ ગ્રામ $\frac{1}{12}$ તોલો) ખાઇએ છીએ. ગરમ પ્રદેશમાં શરીરની ગરમી પરસેવા વાટે દૂર થતી હોવાથી અને પરસેવામાં મીઠું પણ જતું હોવાથી તેમજ શાકાહારમાં પોટાશ્યમનું પ્રમાણ અધિક આવતું હોવાથી આપણે જરા વધારે મીઠું ખાવું જોઇએ છે.

એન્જિન અને બૉઇલરની નજીકમાં, કોલસાની ખાણો રસોડાં અને બીજાં ગરમ સ્થળોમાં કામ કરનારને પુષ્કળ પરસેવો થવા સાથે શરીરમાંનું મીઠું (સોડિયમ) પણ ઘટે છે. હચિન્સન લખે છે: 'સૂર્યતાપમાં ત્રણ કલાકની કસરતથી પરસેવામાં આખા દિવસની જરૂરતનું મીઠું વહી જાય છે. પુષ્કળ પરસેવા સાથે મીઠું વહી જવાથી માંસપેશીની અશક્તિ, થોડા શ્રમ પછી હાંફ, શિથિલતા, માનસિક ગૂંચવાડો અને સુસ્તીનાં લક્ષણો થાય છે. ગરમ ઋતુમાં પરસેવાથી અજાણી માંદગી આવે છે. આ ગંભીર હોઈ કદીક પ્રાણઘાતક પણ નીવડે છે. જંગલના ઋતુમાનમાં રખડપટ્ટીથી પરસેવો થઈ એ દ્વારા મીઠું વહી જવાથી ઊલટી ને શરીરની ફાટચૂસનાં લક્ષણો થઈ આવે છે. તે વેળા વધારે મીઠું ખાવાથી એ નિવારી કે મટાડી શકાય છે. આની આખરી માંદગીમાં નસ વાટે નૉર્મલ સેલાઇનનું (મીઠાના પ્રવાહીનું) પાણી ચડાવવું સલાહભરેલું છે. સામાન્યતઃ ખોરાકમાં જોઈએ તે કરતાં વધારે મીઠું ખવાતું હોવાથી સોડિયમ (મીઠું) ઘટવાની કોઇ શક્યતા નથી, પણ ગરમ વાતાવરણમાં કામ કે વ્યાયામ કરવાનાં હોય તો આ ઘટાડાની જરૂર રહે ખરી. કેટલાક માણસોના પરસેવામાં સોડિયમ જલદી નાશ પામે છે. ગરમ હવામાનમાં શ્રમભર્યું કામ કે વ્યાયામ કરતી વખતે પડતી સોડિયમની ખોટને ભરપાઈ કરવા માટે નૉર્મલ સેલાઈન (સવાશેર પાણીમાં ચમચીપુર મીઠું નાખી બનાવેલું પાણી) પીવું જોઇએ. પુષ્કળ ઝાડા કે ઊલટી વખતે શરીરમાંથી ૪૦ થી ૫૦ ટકા સોડિયમ જતું રહેવાને કારણે વૈદકીય ઉપચારમાં નૉર્મલ સેલાઈનના નસ વાટે ચડાવવામાં આવતા બાટલાઓથી ઘણા માહિતગાર હશે.

જરૂરિયાત કરતાં વધારે મીઠું ખાવાથી તેને દૂર કરવા માટે ગુરદાઓને વધારાનો બોજો ઉપાડવો પડે છે. આ ઉપરાંત સુસ્તી અને થાકનાં દુઃખદાયક લક્ષણો પણ પેદા થાય છે, ઉપરાંત ખાટા ઓડકારયુક્ત અજીર્ણ પણ ખરું. વધારેપડતું મીઠું ખાવા માંડ્યું કે પછી એની ટેવ પાડતાં વાર નથી લાગતી. વધારે મીઠાવાળો ગરમાગરમ ખોરાક ખાવાથી મોઢાની અંદર આંતરત્વચાનો દાહ ઊપજે છે. તરસ ને મીઠાને ઘનિષ્ઠ સંબંધ છે. ખોરાકમાં મીઠું ઘટાડવાથી પાણી ઓછું પીવું પડે છે. દારૂના પીણાને આ વધારે લાગુ પડે છે.

અમુક રોગોમાં મીઠાનો વપરાશ મર્યાદિત કરવાથી માંડી બંધ કરવો પડે છે. એક પ્રકારના અજીર્ણ (ઍસિડ ડિસ્પેપ્સિયા)માં મીઠાનો વપરાશ ઓછો કરવાનો છે. લોહીના ઊંચા દબાણ અને ગુરદાના રોગોમાં પણ મીઠાનો વપરાશ ઘટાડવો પડે છે. વાતરોગ (રૂમેટિઝમ) અને ફેફરામાં અલૂણા આહારથી લાભ થાય છે. શરીરમાં પાણી ભરાવાની હૃદયની રોગાવસ્થા વખતે મીઠા વગરના ખોરાકનું પથ્ય જાળવવાથી શરીરમાં પ્રવાહીનું પ્રમાણ ઘટી હૃદયનું લોહીના ભ્રમણનું કામ સારી રીતે થાય છે.

આરોગ્ય અને પોષણમાં સરખા ઉપયોગી મીઠાના વપરાશમાં વિવેક અને ડહાપણ જાળવવાં જોઇએ. આપણાં ઘણાંખરાં ખાદ્યોમાં કુદરતી રીતે થોડુંઘણું મીઠું હોવાથી રાંધતી વખતે બીજી બાબતોની જેમ મીઠાના વપરાશમાં પણ સંયમ જાળવવો જરૂરી છે.

*વિજ્ઞાનીઓ એક એવો પણ તુક્કો લગાવે છે કે ક્ષાર ચાટવાની આ સહજ વૃત્તિમાંથી જ ચુંબનની વૃત્તિ વિકસી છે!



પચ્ચીસ વર્ષ પહેલાં

ગુજરાતમાં ભરાએલી મહાસભાઓ (કૉંગ્રેસની બેઠકો) એક યા બીજી રીતે હમેશાં યાદગાર બની છે. અમદાવાદની ૧૯૨૧ની કૉંગ્રેસ જેટલી જ પ્રચંડ ને વિજયી મહાસભા આજથી પચ્ચીસ વર્ષ પર સૂરત જિલ્લામાં ભરાએલી. એને પડછે એ જ સૂરતમાં ભરાએલી ૧૯૦૭ની કૉંગ્રેસ તો ભારતના રાજકારણનું પરિવર્તનબિંદુ બની હતી. કૉંગ્રેસના ઇતિહાસમાં યાદગાર એ કૉંગ્રેસનો ટૂંક અહેવાલ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપેલો :

'હિંદુસ્તાન કોઇ રીતે એ સાલ વિસારે તેમ નથી. વર્ષો થયાં દેશે નહોતો અનુભવ્યો તેવો જબરો પ્રકંપ એ સાલે તેને અનુભવાવ્યો. પંજાબ એ પ્રકંપનું કેન્દ્ર હતું, અને ત્યાંના લેફ્ટેનન્ટ ગવર્નર સર ડેન્ઝિલ ઇબેટસનની પ્રત્યાઘાતી નીતિ તે માટે મુખ્ય જવાબદાર હતી. કૉલૉનિઝેશન બિલથી પ્રજાસમગ્રમાં પ્રકોપ સળગી ઊઠચો હતો અને તેનું સાચું નિદાન કરવાને બદલે સરકારે ૧૮૧૮ના બંગાળના ત્રીજા રેગ્યુલેશનની રૂએ ભદ્ર પુરુષો સામે ખટલા ઊભા કરીને અને સભાબંધીનો કાયદો અમલમાં મૂકીને તથા પંજાબના નરસિંહ લાલા લજપતરાયને દેશનિકાલ કરીને તેનું પ્રશમન શોધ્યું હતું. બંગાળના ભાગલા પડી ચૂકયા હતા ને તેના વિરોધનો જવાબ દમનથી અપાતો હતો. જ્યાં એ દમન લાઈલાજ નીવડતું ત્યાં કોમી હુલ્લડો જગાવવાનો છળ આદરવામાં આવતો. સર બૅમ્પફીલ્ડ ફુલરની મુસ્લિમોને પ્રથમ પસંદગી આપવાની નીતિ સરકાર વ્યાપક સ્વરૂપે સ્વીકારી ચૂકી હતી—એટલી હદ સુધી કે પૂર્વ બંગાળના એક સેશન્સ જજે તો મુકદ્દમાના સાક્ષીઓમાં યે હિંદુ અને મુસ્લિમના વર્ગો જુદા પાડી, મુસ્લિમોની સાક્ષી વધુ વિશ્વસનીય ગણવા માંડી હતી! અને એ સરકારી પીઠબળને સહારે મુસ્લિમોએ દેશભરમાં એવાં તો અત્યાચારી પગલાં ભરવા માંડેલા કે હિંદુ મુસ્લિમ તંગદિલી વધતી જ ગઈ.

આ દમનચક્રમાંથી હિંદુસ્તાનનો ઉગાર ધારવા જેટલો સહેલો ન હતો. હિંદુ-મુસલાનોએ ખભે ખભા મેળવીને લડેલા ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની છેલ્લી ચિનગારીઓ પણ ત્યારે તો નાબૂદ થઇ ગઈ હતી. કેટલાક રાજકારણપટુ અંગ્રેજોએ એ નાબૂદીમાં અગત્યનો ભાગ ભજવેલો. જનતાનો સ્વાતંત્ર્યનો નશો નિર્મૂળ કરી, ૧૮૫૭ની પુનરાવૃત્તિ ન થવા દેવી એ સરકારનું મુખ્ય કાર્ય હતું. લોકોનું ધ્યાન રક્તપાત પરથી ઉઠાવીને મામૂલી માર્ગ પર કેન્દ્રિત કરવાનું એ બીડું ઍલન ઑક્ટેવિયન હ્યૂમ નામના એક અંગ્રેજ સિવિલિયને ઝડપ્યું ને પરિણામે હિંદની નૅશનલ કૉંગ્રેસ ઈ. ૧૮૮૫થી હસ્તીમાં આવી. પરંતુ એ કૉંગ્રેસમાં જ હળવે હળવે લોકોનો રુદ્ધ થએલો ક્રોધ જોર પકડતો ગયો ને લોકમત ધીમેધીમે તેની તરફ વધુ ને વધુ ખેંચાવા લાગ્યો.

અને ઈ. ૧૯૦૭ની સાલમાં તો પ્રજાએ કૉંગ્રેસ પાસેથી પુષ્કળ આશા રાખેલી. કશા રાજકીય સ્થિત્યંતરો ન થાય તો યે દમનનો કોરડો તો બંધ રહે જ એવી સૌ કોઈની ઈચ્છા હતી. પરંતુ કૉંગ્રેસના મવાળ સૂત્રધારોમાં હજુ એટલું બળ નહોતું આવ્યું કે છડેચોક એ સરકારનો સામનો કરી શકે.

આ ડામાડોળ પરિસ્થિતિમાં સૂરતે ૧૯૦૭માં કૉંગ્રેસને આમંત્રી અને સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસનો 'દિવાળી બાગ' તથા આસપાસની જમીન તે માટે રોકવામાં આવી.

સૂરતની સ્વાગત સભાએ બંગાળના ડૉ. રાસબિહારી ઘોષને પ્રમુખ તરીકે ચૂંટી કાઢચા. આ વિનીત પ્રમુખ સામે ઉદ્દામ વર્ગ ચીડાઈ ઊઠચો. ટિળક એ ઉદ્દામ વર્ગના આરાધ્ય નેતા. આજીજીઓ ને વિનવણીઓથી નહિ, પણ દેશની ફરિયાદોનો જવાબ સ્વાવલંબન ને સંરક્ષક પ્રતિકારથી મેળવવાનું તેમણે બ્યૂગલ ફૂંક્યું, અને એ સાથે જ તેમણે લોકમત પણ પોતાની તરફેણમાં વાળવા માટે ગુજરાતી ભાષાનું સારું જેવું જ્ઞાન ધરાવતા શ્રી ખાપર્ડેને પ્રચારકાર્ય માટે સૂરત મોકલી આપ્યા.

ટિળકની ઝુંબેશ હતી સ્વદેશી વ્રતપાલન અને બ્રિટિશ માલના બહિષ્કારની; પણ સરકારની નિગેહબાની નીચે રાચતા મવાળ નેતાઓને તો બહિષ્કાર જેવા શબ્દનો સ્પર્શ સુદ્ધાં નહોતો જોઇતો. પરિણામે 'બહિષ્કાર'નો ઠરાવ કોઈ પણ રીતે કૉંગ્રેસમાં ન આવવા દેવાનો તેમણે નિરધાર કર્યો અને ત્યાંથી અપશુકનનો આરંભ થયો.

આ તંગ થએલા વાતાવરણ વચ્ચે લોકમાન્ય પ્રત્યેની સંમાનવૃત્તિ અને ખાપર્ડેનાં વ્યાખ્યાનોએ લોકમાનસ ફેરવવામાં અગ્ર ભાગ ભજવ્યો. લોકમાન્યની એ તરકીબને અનુસરી ગુજરાતના દી. બ. અંબાલાલે પણ મવાળ દળ તરફથી વ્યાખ્યાનોની શરૂઆત કરી, પણ લોકોએ તેમને સાંભળવા બિલકુલ ઈંતેજારી ન બતાવી.

આમ વાજતેગાજતે ડિસેમ્બરની ૨૮મી તારીખ આવી પહોંચી. લોકમાન્ય ટિળક સૂરત આવ્યા ને બાલાજી રોડ પર એમને ગંજાવર મેદની ઘેરી વળી. એ જ પ્રસંગે છ મહિનાના કારાવાસ પછી દેશનિકાલની સજામાંથી મુક્ત થઇ લાલા લજપતરાય પણ સૂરત આવ્યા ને પ્રમુખથી યે અધિક સ્વાગત તેમને મળ્યું. ટિળકની ઘોષણાએ લોકોના દિલમાં એવો તો જુવાળ આણેલો કે મવાળ નેતાઓ પ્રત્યે રહીસહી સંમાનવૃત્તિ યે નાશ પામી અને અધિવેશનના પ્રમુખ રાહબિહારી ઘોષનું સ્વાગત મામૂલી સરઘસ જ બની રહ્યું.

બપોરે બેઠક ભરાઈ. પ્રેક્ષકો એટલા ઊલટી પડેલા કે આખરે ટિકિટો બંધ કરવી પડી. સ્વાગતપ્રમુખ શ્રી ત્રિભોવનદાસ માળવી પહેલા ઊભા થયા. સૂરત નગરની ઐતિહાસિક ચડતીપડતી આલેખ્યા બાદ તેમણે ઉપસંહાર કર્યો.

ત્યાર બાદ દી. બ. અંબાલાલે પ્રમુખ તરીકે રાસબિહારીનું નામ રજૂ કર્યું. સુરેન્દ્રનાથ બૅનરજી તેના સમર્થન માટે ઊભા થયા, પણ ત્યાં તો ઉદ્દામવાદીઓએ 'ના ના' ના પોકારો શરૂ કર્યા ને ધાંધલ શરૂ થયું.

સુરેન્દ્રબાબુ ટેબલ પર ચડી ગયા. પ્રચંડ અવાજે એમણે પોતાનું સમર્થન પેશ કરવા માંડ્યું, પણ એમને સાંભળવાને બદલે ધાંધલ વધતું જ ગયું. તે અટકાવવા માટે શ્રી માળવીએ સર ફિરોજશાહ વગેરે નેતાઓ સાથે થોડી મંત્રણા ચલાવી જોઈ, પણ કશો ઉપાય ન સૂઝતાં બેઠક બીજા દિવસ પર મુલતવી રહી.

દરમિયાન પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર તથા સ્વ. ચુનીલાલ સરૈયાએ સમાધાનીના પ્રયત્નો કર્યા, પણ નિષ્ફળ ગયા. બંગાળી પ્રતિનિધિઓનો આગ્રહ હતો કે બંગભૂષણ સુરેન્દ્રનાથને તો સાંભળવા જ જોઇએ. આ વાત ઉદ્દામોએ સ્વીકારી. બીજે દિવસે કૉંગ્રેસના રંગમંડપમાં પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો. ધાંધલની બીકે કશો ઉપોદ્ઘાત ન કરતાં સુરેન્દ્રબાબુએ પોતાની દરખાસ્ત મૂકી, દર્દભરી વાણીમાં સૌને ગઇગુજરી ભૂલી જવાની ને એકત્ર થવાની વિનતિ કરી, અને મોતીલાલ નેહરુએ તેને ટેકો આપ્યો. એ વિધિ પૂરો થયો કે તુર્ત જ સ્વાગત પ્રમુખે રાસબિહારીને પ્રમુખ તરીકે જાહેર કર્યા ને એ સાથે જ રાસબિહારીએ ઝડપભેર ખુરશી લીધી.

એટલામાં તો 'રહો, હું એમાં સુધારો કરવા માગું છું' કહેતા એક દક્ષિણી બંધુ પ્લૅટફૉર્મ ઉપર આવ્યા, પણ કોઇએ તેમને સાંભળ્યા

નહિ. એટલે તરત જ ગર્જના કરતા લોકમાન્ય ટિળક મોખરે પડયા, અને પોતે સુધારો મૂકવા જણાવ્યું. વિનીતોએ શરમ શરમના પોકારો કર્યા. મંડપમાં હોહા થઈ રહી. ટિળકે અડગ રહી સંભળાવ્યું, 'મને નહિ સાંભળો ત્યાં સુધી હું અહીંથી ખસવાનો નથી ' બે ચાર જણ પ્લૅટફૉર્મ પર ધસી આવ્યા તેમને યે સંભળાવી દીધું. 'મને મારી નાખશો કે ફેંકી દેશો ત્યાં સુધી હું નથી ખસવાનો.'

આથી ગોખલેજી આગળ આવ્યા ને શાંત ચિત્તે ટિળકને પૂછ્યું: 'તમે કયો સુધારો મૂકવા માગો છો?' 'ગમે તે;' ટિળકે જવાબ આપ્યો, 'સાંભળો એટલે ખબર પડશે.'

પ્રમુખ રાસબિહારીએ ટિળકને બેસી જવાનો હુકમ આપ્યો. ટિળક તેને અવગણી ઊભા રહ્યા. આથી પ્રમુખસાહેબે ટેબલ પર ચડીને ભાષણ વાંચવા માંડયુ. પણ તે હોહામાં ડૂબી ગયું ને બધે અંધાધૂંધીનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. સૌની જબાનનાં તાળાં ઊઘડી ગયાં ને જેને જેમ ફાવે તેમ બોલવા માંડયું એટલામાં એક દક્ષિણી જોડો ઊછળ્યો ને આવીને સુરેન્દ્રબાબુને અફળાયો. તેમણે શાંતિથી એ ઉપાડી લીધો, અને 'મને મારા દેશભાઇઓ તરફથી મારી સેવાના બદલામાં ઈનામ તરીકે મળેલું આ ખાસડું હું સ્વીકારી લઉં છું' કહેતા એ સરોષ સભાસ્થાન છોડી ચાલતા થયા.

અંધાધૂંધી વધતી જ ગઈ. પછી તો ખુરશીઓ યે ઊછળી ને લાકડીઓ યે વીંઝવા લાગી. કેટલા યે ઘાયલ થયા. તેમાં 'ટાઈમ્સ'ના રીપોર્ટર પીઅર્સનને પેડુ પર સખત ફટકો વાગવાથી તે બેભાન થઇ પડયો. એ ધમસાણ વચ્ચે ઉદ્દામવાદીઓએ મંડપ તરફ મોરચા માંડયા. મવાળો એ જ વખતે પાછલે બારણેથી સરકી ગયા ને મંડપનો કબજો ઉદ્દામવાદીઓએ લઈ લીધો.

કેમ જાણે ભયંકર ખૂનરેજી ચાલી હોય તેવો દેખાવ થઇ રહ્યો. છેવટે પોલીસ આવી પહોંચી. પાંચ છ દક્ષિણીઓ અને પાંચ છ બંગાળીઓની ધરપકડ કરવામાં આવી. પોલીસના આગમનથી અને આ ધરપકડથી લોકોનો ગભરાટ પણ વધી ગયો ને આંધળી દોડાદોડી થઇ રહી. એ દોડાદોડીમાં કોઇના જોડા ગયા, તો કોઇની પાઘડી. 'ગુજરાતી'ના સ્વ. તંત્રી ઇચ્છારામ દેસાઈનો સોનાનો અછોડો ને કોઈ મિ. ચૌધરીનું પૈસાનું પાકીટ પણ એ દોડાદોડીમાં ગુમ થએલાં. પોલીસે આખરે મંડપનો કબજો લઈ બધાને બહાર હડસેલ્યા.

બીજે દિવસે સ્વાગતપ્રમુખ માળવીએ ઉપલી હકીકતનું છાપાજોગું વિગતવાર નિવેદન બહાર પાડયું અને રાસબિહારી ઘોષ વગેરેએ એક કન્વેન્શન પ્રકટ કરી આ દુ:ખદાયક સંજોગો વચ્ચે મહાસભાને અચોક્કસ મુદત માટે મુલતવી રાખવાનું જાહેર કર્યું.

આમ ૧૯૦૭ની યાદગાર કૉંગ્રેસનો ફેજ આવ્યો. નિ:શંક એ ભંગ પાડવામાં પહેલે નંબરે લોકમાન્ય ટિળક આવે છે, પણ એ ભંગાણના કારણમાં ટિળકનો રાસબિહારી ઘોષના પ્રમુખપદ સામે વાંધો હોવાનું માનવું એ તેમને અન્યાય કરવા જેવું છે. કૉંગ્રેસનું સુકાન ત્યારે એવી મવાળ નેતાગીરીના હાથમાં હતું, જે લોકોને સાચા અર્થમાં 'સ્વાતંત્ર્ય'ની કલ્પના જ ન હતી. કૉંગ્રેસને તેમણે સરકાર અને પ્રજા વચ્ચેની મધ્યસ્થ મંડળી જેવું રૂપ આપી દીધું હતું. ડેપ્યુટેશનો મોકલવાં, વિલાયતમાં ઢીલચાલ આદરવી ને અરજીઓ કર્યે રાખવી એ એમની લડતનો પ્રકાર હતો. લોકમાન્યનો બળવો એ આવા હીન માનસ વિરુદ્ધનો બળવો હતો.

પરંતુ એ બળવો સફળ ન થયો, કારણ, કૉંગ્રેસનું બીજું અધિવેશન ભરાતાં પહેલાં તો સરકારે તેમને રાજદ્રોહના આરોપ હેઠળ કારાવાસના સળિયા પાછળ ધકેલી દીધા. એમનો રોપેલો બળવાખોરીનો ઝંડો ફરકતો રાખવાની એમના જતાં કોઇએ હામ ન બતાવતાં કૉંગ્રેસ પાછી મવાળ હાથે જઇ પડી."

બે વર્ષ પછી

એટલી વ્યસ્તતા, એટલું કામકાજ કે શ્વાસ લેવાની પણ ફુરસદ નહિ! મશીનોની ખટખટથી મન વિરક્ત થઈ ગયું છે; પણ તેનો ઉપાય પણ નથી. કાલે દિવસ ઊગતાં જ સો ઝંડાઓ તૈયાર કરીને આપવા પડશે. બસ, થોડા પૈસાના લોભને ખાતર તો આ બધું છે.

નિર્મળ આવ્યો. ઓળખીતો છોકરો છે. અહીંની કૉલેજમાં ભણે છે. એનાં કપડાં પણ અહીં જ સીવડાવે છે. તે બોલ્યો: 'શિશિર-દા', અમારી કૉલેજના યૂનિયન માટે પચાસ ધ્વજો જોઇએ.'

'ભાઈ, આજે તો જરા યે ફુરસદ નથી. બીજે કશે તપાસ કર.'

'હું બધે જ તપાસ કરી આવ્યો છું; કોઇને ય ફુરસદ નથી.'

'શું એ બધા પણ ધ્વજો જ તૈયાર કરી રહ્યા છે?'

'હાસ્તો.'

એની વાત ખોટી ન હતી. બધા જ દરજીઓ કામમાં રોકાએલા હતા. કહ્યું: 'પણ ભાઇ, મને તો જરા યે ફુરસદ નથી. ચાર નોકર બેસાડયા છે; છતાં કામ પૂરું થશે કે નહિ તે કોણ જાણે!'

'પણ મારે તો ધ્વજો જોઇએ જ. થોડી વધારે સિલાઈ આપીશ.'

'બેવડી આપવી પડશે.'

'કબૂલ...' નિર્મળ તૈયાર થઈ ગયો.

આખી રાત કામ કરવું પડશે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. મહાત્મા ગાંધીજી કાલે આ સ્ટેશન પરથી પસાર થશે.

એ વાતને બે વર્ષ વીતી ગયાં. આજે ફરીથી શ્વાસ લેવાની ફુરસદ નથી. મશીનનો સતત ખટખટ અવાજ અણગમો પેદા કરે છે; પણ લાચારીથી સહન કરી રહ્યો છું. આજે પણ એવું જ કામ છે. કાલે દિવસ ઊગતાં સુધીમાં સો ધ્વજો તૈયાર કરી આપવા પડશે. આજે પાછો નિર્મળ આવ્યો. એણે કહ્યું: 'શિશિર-દા', અમારી કૉલેજના યૂનિયન માટે પચાસ વાવટા જોઇએ.'

'મારા ભાઈ, મને જરા યે ફુરસદ નથી. બીજે તપાસ કરી લે.'

જવાબમાં નિર્મળે બે વર્ષ પહેલાં કહેલી વાત ફરી કહી: 'કોઇને પણ ફુરસદ નથી. બધા જ કામમાં જોડાઈ ગયા છે. પણ મારે તો વાવટા જોઇએ જ. તમે કહો તો વધારે સિલાઈ આપું' મેં પહેલાંની માફક મોકો જોઇને બેવડા પૈસા માગ્યા. નિર્મળ ખુશ થઈ ગયો.

બધી વાત પહેલાંની માફક જ છે. મહાત્મા ગાંધીજી કાલે જ સ્ટેશન પરથી પસાર થશે. નાગરિકો હાથમાં વાવટા લઇને ત્યાં હાજર રહેશે. બધું જ તે વખતની માફક છે. ફેર માત્ર એટલો જ છે કે–

—આ વખતે વાવટા ત્રિરંગી નહિ પણ કાળા છે.

('વનફૂલ'ની વાર્તા પરથી: અનુવાદક લલિતકુમાર શાસ્ત્રી)

અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ

નટવરલાલ માલવી

એક વાર મુંબાઈમાં મિત્રદાક્તરને ત્યાં મળવા ગએલો. તેમણે ચા મંગાવી. પીતાંપીતાં મેં કહ્યું: 'આ ચામાં મને જાણે કોપરાનો સ્વાદ આવે છે, ને તે પણ સહેજ ખોરું બન્યું હોય તેવો.'

'મને તો એવો કશો સ્વાદ આવતો નથી.'

'સમજ્યો, આવી ગયું હાથમાં. જે ભેંસનું દૂધ આમાં વપરાયું છે તેને ખોરાકમાં કોપરાંનો ખોળ ખવડાવતા હશે, ને તેવા ખોરાકમાં કદીમદી જરા ખોરો ખોળ પણ દાખલ થઇ ગયો હશે.'

એ જ રીતે એક વાર જાણીતા મોદીને ત્યાંથી ગાયના ઘીનો ડબ્બો આવેલો તે ઘીમાંથી પણ કોપરાંનો સ્વાદ આવેલો. અમે મોદી સાથે કચકચ કરી. તે કહે: 'આ ઘીમાં કશી ભેળસેળ છે જ નહિ. કહો તેટલાં નાણાં હારી જાઉં.' પણ અમારી કચકચ શમી નહિ. થોડા મહિના બાદ ઇતર ઠેકાણેથી, કદી પણ ભેગ થવાનો તલપૂર સંભવ ન હોય એવા, આશ્રમ સરખા સ્થાનમાંથી ગાયનું ઘી આવ્યું. તેમાંથી પણ કોપરું જીભે ચડવા લાગ્યું!

સમજ પડી ગઈ કે ગાયનો ખોરાક તેના ઘીમાં આવ્યો હતો. આવે જ ને? કોઈ પણ પ્રાણીની તમામ પેદાશોમાં તેણે ખાધેલા પદાર્થનો અંશ હોવાનો જ; અનિવાર્ય અન્નાદ્ભવન્તિ ભૂતાનિ!

'આહાર તેવો ઓડકાર' એ કહેવત આવા જ સંદર્ભમાં આપણે ત્યાં પરાપૂર્વથી ચલણી છે. એમાં 'ઓડકાર'નો અર્થ ખરેખરો ઓડકાર (ઊર્ધ્વકાર, વાયુની ઊર્ધ્વગતિ) નથી થતો; અહીં એ શબ્દ આલંકારિક રૂપે વપરાયો છે. અહીં તો એનો અર્થ સ્વભાવ, વૃત્તિ, વર્તન, ચારિત્ર્ય (ખાનારા પ્રાણી–માનવીના) વગેરે અર્થમાં વપરાયો છે. માણસ જે કંઈ ખાય છે, તેમાંથી જ તેનું શરીર બને છે. એ શરીરનાં વલણ, સ્વસ્થતા-અસ્વસ્થતા, તેનાં રૂપરંગ, બધું જ કદાચ એના આહાર પર અવલંબે છે. આયુષ્ય પણ તેના પર જ નિર્ભર. સાથેસાથે એના મનની રચનાનો, માનસિક બંધારણનો પણ ઇતર તત્ત્વો સહિત એના આહાર પર જ આધાર છે. પણ તે મુદ્દો હાલ અલગ રાખીએ. આજે તો અન્ન (જેમાં પેયનો પણ સમાવેશ ગણવો)ની દૃષ્ટિએ જ વાતો કરીશું.

ખોરાક શરીરનો પાયો છે, માણસમાત્રે નીરોગી રહેવું હોય તો પોતાના આહાર પર જ ચોકી રાખવી જોઇએ, અને માંદગી આવે તો પણ આહારની ફેરફારીથી જ સાજા બની જવાનું શક્ય રહે છે એ વાત સમજી લેવી જોઇએ.

આયુર્વેદમાં તો આ વાત વારંવાર બતાવેલી છે, ને પરહેજી પર સારી પેઠે ભાર મૂકેલો છે. પણ નવા યુગમાં પરહેજીવાળી વાત બાદબાકી ખાતે જવા લાગી છે. સુરતીઓ તો સ્વાદિયા ખરા, પણ અમદાવાદના શ્રી...ચંદ શેઠે મને કહેલું: 'ભાઇ, આપણને તો રોજ શિખંડ ખાવા જોઇએ જ. શિખંડ વગર ચાલે જ નહિ. રોજ ઈન્સ્યુલિનની કોચણી લઈ લઉં, ને રોજ શિખંડ ખાઉં.' શેઠને મધુપ્રમેહ હતો, એટલે રોજ ઇન્સ્યુલિન લેતા, પણ રોજ શિખંડ તો ખાવાના જ! પચાસી વટાવ્યા પૂર્વે સ્વર્ગે સંચર્યા.

પણ મશહૂર આરોગ્યવૈદકશાસ્ત્રી જે. એલિસ બાર્કરે કદાચ કોઇએ જ ન મૂક્યો હોય એવો ભાર આ મુદ્દા પર મૂક્યો છે પોતાની 'ઉપચાર-ગીતા'માં. કોઇ પણ દર્દી આવે એટલે પહેલી શરત આહાર ફેરવી નાખવાની. તેની તૈયારી ન હોય દર્દીની, તો 'બે હાથ ને ત્રીજું માથું! બીજો ઉપચારક શોધી લ્યો ભાઇ.' પહેલામાં પહેલી વાત એ, કે માંસ-મચ્છીનો સંપૂર્ણ ત્યાગ–અલબત્ત, દૂધ ને ઈંડાં વતરોગ; (૨) સમગ્ર ઘઉં, થૂલા સહિત જ ખાવાના (૩) ગોળ કાળો ખાવાનો (૪) ખાંડ રાતી જ ખાવાની (૫) મીઠું કાળું જ ખાવાનું! ઉપરાંત, એક છઠ્ઠી વાત છે; તે હવે પછી.

અને બાર્કર કહે છે કે 'પછી દર્દીને ઘણીક વાર તો હું મનમનામણી દવા આપતો;—સાઇકૅાલૅાજી. શરીર આ ફક્ત અહાર-ફેરફારીને શો જવાબ દે છે તે જોવા થંભી જતો. દશબારેક દિવસમાં ઘણુંખરું તો ૫૦-૬૦ ટકા તકલીફ મટી જતી, કેટલીક વાર તો સોએ સો ટકા ખલાસ; ને કોઇ પણ દવાની જરૂર જ ન પડતી.'

એણે એક કિસ્સો ટાંક્યો છે: 'એક વાર એવું બન્યું કે એક દિવસે બે બાઇઓ મારી પાસે દવા કરાવવા આવી લાગી. પ્રથમને હતી એક મોટી રસોળી. તે કશો પ્રવાહી પદાર્થ જ પેટમાં નહોતી નાખતી! દ્વિતીયા હતી પાંડુરોગિયણ, ફિક્કીફચ. તે જાતજાતનાં કચૂંબર ને કાચાં (વણરાંધ્યાં) ફળ ખાઈ તેના પર પાણીનો ભરપટ્ટે મારો ચલાવતી. રસોળીવાળી રાંધ્યા ખૂબ ઘટ્ટ પદાર્થો પેટમાં હોમી તાકાત વધારવા તલસતી; પાંડુરોગિયણ પક્વ (વણરાંધ્યાં) ફળફળાદિ ને પુષ્કળ જળ વડે લોહી સુધારવા-વધારવા મંડેલી! પણ બનતું એવું, કે પેલાં ફળફળાદિનું સારતત્ત્વ એનાં આંતરડાં ગ્રહણ કરી પચાવી લે તે પહેલાં તો પાણીના મારાથી બધું જ ધોવાઇને બહાર નીકળી જતું. ઘણાકને ખયાલ નથી હોતો કે પચવાની ક્રિયા હોજરીમાં નહિ, નીચલા આંતરડામાં થાય છે!'

'મેં રસોળીવાળીને ભરપટ્ટે પાણી ને પ્રવાહી પદાર્થો ખાવાની શીખ દીધી; બીજીને પાણી છોડી દેવા, એકદમ ઓછું કરી નાખવા સલાહ આપી. બંને ઝપાટાભેર સાજાં થઇ ગયાં!'

પ્રાથમિક, મૂળભૂત અગર જેને નિ:સર્ગીય આહારરચના કહેવાય તેમાં (અલબત્ત પોતાના દેશ ને સંસ્કૃતિની ગણતરીએસ્તો) બાર્કર ઘઉંના થૂલાની રાબડી, સમગ્ર ઘઉંની પાઉંરોટી, ઇંડાં, માખણ, પનીર, કચૂંબર, ફળ આદિ રોજિંદા ઉપયોગની વસ્તુ લેખે છે. આપણે ભારતીયો માખણ નથી ખાતા, પણ ઘી ખાતા આવ્યા છીએ, તે આપણા શાકાહારી સમુદાય માટે તો ઇંડાંની પણ ગરજ સારે. અને ફળફળાદિને સ્થાને આપણે શાકભાજી વાપરતા આવ્યા છીએ. એક કારણ એ પણ ખરું કે કેરી ને કેળાં–બે ફળ સિવાય ઇતર ફળો આપણા સમાજને ખાવાં પોસાતાં જ ન હતાં. હવે ધીમેધીમે પોસાતાં જાય છે.

પાશ્ચાત્ય—એટલે માત્ર પશ્ચિમના જ નહિ, પણ પૂર્વમાં આવેલા ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલાંડ જેવા દેશોમાં જ્યાંજ્યાં પશ્ચિમી ઢબનું જીવન જીવાય છે ત્યાં સર્વત્ર, ઘરમાં કોઈ ઘઉં ભરતું નથી ને લોટ દળાવી લેતું નથી. આટાના તૈયાર થેલાઓ જ મળે તે જ ખરીદી લાવે, ને ઘરમાં બનાવાતી ચીજોમાં તેનો વપરાશ ચાલે. એ આટાનું નામ પણ જુદું જ છે: 'શાર્પ'. એ શાર્પ (sharp)માં ઘઉં, મકાઇ, જવ આદિ ભેળસેળ હોય છે; કોઈ એક જ ધાન્ય હોતું નથી. (મ એની રોટલીઓ ખાધી છે, ને મને લગભગ રોજ જ તે નડતી હતી, પચી શકતી ન હતી.) પાઉં તો ભઠિયારખાનેથી જ આવે; એટલે આવા આટાનો પણ ખપ તો ઓછો જ પડે. આ આટો–અગર પાઉંમાં વપરાતો આટો, એટલે મેંદો જ—તદ્દન થૂલારહિત, ઝીણો, અતિ સફેદ, ખૂબ ચીકાશ ભરપૂર, સ્ટાર્ચ-ભરપૂર, જેમાંથી લાહી બનાવે છે તે જ. અને એ મેંદો પચવો

અતિ મુશ્કેલ છે, બલકે પચતો જ નથી. તેમાં વળી ધંધાદારી ભઠિયારખાનાં એમાં કેવાંકેવાં મિશ્રણો કરે છે, તેનો ખયાલ હેરિંગ નામના વિદ્વાને પોતાના 'ડોમેસ્ટિક ફિઝિશિયન' (ઘરનો વૈદ)નામે પુસ્તકમાં (પાનું ૮૭-૮૮) આપ્યો છે. એ લખે છે કે (૧) બાજરુ પાઉંમાં પોટાશ નાખવામાં આવે છે, ને જરાતરા નાખ્યો હોય તો તો માત્ર નબળાં ગાભરાં માણસોને જ નડે છે; પણ વધારે હોય તો ભલભલા તાકાતવાનને પણ તે અગ્નિમાંદ્ય ને ઈતર રોગોના ભોગ બનાવે છે. (૨) ખરાબ આટો વાપર્યો હોય ત્યારે મૅગ્નેશિયા નાખવાથી સારો આટો વાપર્યાનો દેખાવ પ્રાપ્ત થાય છે. તે બાળકોને અને નબળી હોજરીવાળાને દુ:ખ દે છે. એવી પાઉંરોટીને બાળી જોવાથી તેમાંથી મૅગ્નેશિયા મળે છે. (૩) ફટકડી શરીર માટે અતિ દુષ્ટ પદાર્થ છે. તે ય વારંવાર પાઉંમાં વપરાય છે. વળી તે વાત તો છાની પણ કોઇ નથી રાખતું; તે પણ ખરાબ આટાનો મનખો સુધારવા જ વપરાય છે, એટલે વળી બેવડું નુકસાન કરે છે. (૪) ખૂબ રૂપાળી, ગોરી ફક્ક, મોટી, ભારે ઘણી જ આકર્ષક પાઉંરોટી હોય ત્યારે એકદમ ચમકવું. એમાં ત્રાંબાનો ભાગ હોવા સંભવ છે. ફ્રાન્સ ને બેલ્જિયમના ભઠિયારાઓએ હજારો માણસોને, દાક્તરોએ રોગચાળાનું મૂળ શોધી કાઢ્યું તે પૂર્વે, પથારીવાસી કરી દીધા હતા!' હેરિંગે આ બધાં નઠારાં ઉમેરણો પકડવાં શી રીતે તે પણ બતાવ્યું છે; પણ એવાં પારખાં કદીક જ, કોઈક કરી શકે—સામાન્ય પ્રજા માટે તે શક્ય નથી. એટલે સહેલો ને સીધો ઉપાય એ કે બનતાં સુધી એ ચીજ વાપરવી જ નહિ.

પંડિત સાતવળેકરજીને એક જુવાને કહેલું: 'અમે કદાચ ટૂંકું જ જીવીએ, પિસ્તાળીશ-પચાસે મરી જઇએ તો તેમાં શું લૂંટાઈ ગયું? તમારા જમાનાના જીવન કરતાં અમે ત્રેવડુંચોવડું ભરચક જીવન માણીએ છીએ, તમે ૮૦-૯૦ વરસમાં ય ન માણેલું એવું! તમારા જમાનાના નિર્જીવ, એદી, મડિયલ જીવતર કરતાં અમારું આનંદભરપૂર, પ્રવૃત્તિભરપૂર જીવતર ઘણું ચડિયાતું બાપા! પછી ભલેને તે ટૂંકું હોય!'

સને ૧૯૧૫માં સ્વ૰ ગોપાળ કૃષ્ણ ગોખલે ફક્ત ઉડતાળીશ વરસની વયે અવસાન પામ્યા ત્યારે સમગ્ર ભારતને આંચકો લાગેલો: ફક્ત ઉડતાળીશ વરસમાં મૃત્યુ! જ્યારે બુદ્ધિ પરિપક્વ થવા આવી ત્યારે?

જવાબ મારે નથી આપવો. એ કામ પંડિત જવાહરલાલજી પાસે કરાવવું છે. તેમણે પોતાની આત્મકથામાં લખ્યું છે: 'પચીસ વરસનો થયો ત્યારે મને લાગવા માંડ્યું કે ત્રીસ વરસના વયે તો દેશનું પ્રધાનપદું કરી જ શકાય. ત્રીસનો થયો ત્યારે થયું: ના, ના, એમ નહિ; પાત્રીસની ઉમર જ પ્રધાનપદ માટે જરૂરી લેખવી પડે. પાંત્રીસનો થયો ત્યારે મન ડામાડોળ બની કહેવા લાગ્યું: 'ના, ના. ચાળીશની વય સિવાય કંઈ દેશના કોયડા ઉકેલવાજોગ અક્કલ આવે નહિ.' ને ચાળીસનો થતાં?...પિસ્તાળીશની ઉમર વાજબી લાગી!'

આ નિખાલસતા સદાતરુણ એવા જવાહરલાલજી જ દાખવી શકે તેવી છે. જગતભરમાં માગ મુકાયો હોય તો જવાહરલાલજીની આવી નિર્વ્યાજ નિખાલસતાએ જ.

તેંતાળીશ વરસની વયે કેનેડી અમેરિકાનો પ્રમુખ બન્યો ત્યારે દુનિયાને અચંબો ઊપજ્યો. જુવાન કેનેડીએ પ્રમુખપદ સાર્થક કર્યું.

ગઢ્ઢાપચીસીનો અંત આવ્યો ન આવ્યો ત્યાં બુદ્ધિશાળી, કામગરા, હૈયાઉકલતવાળા માનવીઓ ઊપડી જાય, એ કોઈ પણ દેશને માટે મહાઆફત છે. ૮૦-૮૫ વરસે ય હુંકાર કરી શકે તેવા ચર્ચિલ કે રાજગોપાલચારી, પંચોતેર વરસે ય ધડધડાટ દાદરો કૂદી જતા જવાહરલાલજી જેવા વગર, પંચોતેર વરસે ય ગામેગામ દોડાદોડી કરી મૂકતા જીવરાજ મહેતાઓ વગર આપણા દેશને નહિ જ ચાલે.

બિરાદરી

શાંતિભાઈ તે દિવસે ખૂબ ઉત્સાહમાં આવી જઈ બોલતા હતા: 'ઊહ્! પૂરી માનવ આકૃતિ દોરવાનું તો ભાન નથી, અને કહે છે હું સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સનો વિદ્યાર્થી છું. શેઠની રૂબરૂ આજે એને ભારે તતડાવ્યો.'

'શું? શેઠની સામે આવી ચર્ચા કરી?' ધીમેધીમે પાન પર કાથો લગાવતા પિતાજીના હાથ અટકી ગયા. તે કંઈક નાખુશ થયા લાગ્યા.

વાત આમ હતી. એક જૈન મંદિરના પુનરુદ્ધારનું કામ ચાલતું હતું. પિતાજીએ બધા જાણીતા માણસોને કામ પર રોકી લીધા હતા. છતાં કામ સમયસર પૂરું કરવું મુશ્કેલ હતું. આથી બીજા માણસોને જાહેરાત દ્વારા બોલાવેલા. તેમાંના એક ભાઈ—જેમને તેમની જવાબદારી પર એક અલગ કામ સોંપી દેવાએલું—સાથે શાંતિભાઈ ચડભડી ઊડેલા.

પરિણામ જે આવવું જોઇતું હતું તે જ આવ્યું. બીજા દિવસે શેઠે પિતાજીને એ ભાઈના કામ વિષે પૂછપરછ કરી. પિતાજીએ પરિસ્થિતિ સંભાળી લીધી અને તે ભાઇનું કામ ચાલુ રહ્યું.

રાત્રે જમ્યા પછી બધા પાનપટ્ટી લગાવતા બેઠા હતા ત્યારે પિતાજીએ એક વાત કરી:

તે વેળા હું જુવાન હતો. વડોદરા કલાભવનમાં ભણવાનું સંકેલી તાજો જ ભાવનગર આવેલો અને એક નાગર સદ્‌ગૃહસ્થની તસવીર ચીતરવાનું કામ મને મળ્યું. કામ પૂરું થયાનું મેં તેમને જણાવ્યું એટલે તેમણે મને બીજે દિવસે બોલાવ્યો. જ્યારે હું એમને ત્યાં ગયો ત્યારે ભાવનગરના તે વેળાના જાણીતા તસવીર ચિત્રકાર શ્રી વાસુદેવભાઈને ત્યાં બેઠેલા જોયા. મેં બન્નેને નમસ્કાર કર્યા. તેઓએ મને આવકાર્યો.

'આ તમે કર્યું?' શ્રી વાસુદેવભાઈએ મને પૂછ્યું.

'હા જી.' મેં જવાબ આપ્યો.

'વાહ! ઘણું સરસ. ભાવનગરમાં હવે સારા ચિત્રકારો વધતા જાય છે એ જાણી કેટલો બધો આનંદ થાય છે! સુંદર છે. આમાં ક્યાંય કશી ખામી નથી.' પેલા નાગર સજ્જન સામે જોઈ તેઓ બોલ્યા.

મારું મોં લાલચોળ થઈ ગયું. તેમણે મારી સામે જોઈ 'બહુ સરસ!' કહી મને ફરી મુબારકબાદી આપી. પેલા નાગર સજ્જને મને પચાસ રૂપિયા મહેનતાણાના ને પાંચ રૂપિયા વિશેષ ખુશીના આપ્યા.

હું અને વાસુદેવભાઈ સાથે જ નીચે ઊતર્યા. અમારી વચ્ચે થોડી વાત થયા પછી મેં તેમને પૂછ્યું, 'મુરબ્બી! મારી તસવીરને આપે એટલી બધી કેમ વખાણી? શું એમાં કોઈ ખામી ન હતી? આપે જો કોઈ ખામી બતાવી હોત તો મને કંઈક શીખવા મળત.'

'ખરું છે ભાઈ.' મારા ખભા પર હાથ મૂકી સંપૂર્ણ આત્મીયતા દર્શાવતાં તેમણે કહ્યું, 'તમને ખામી બતાવી કંઈક શીખવી શક્યો હોત તો સારું થાત, પણ આ તો તમારું ધંધાદારી કામ હતું. જો મેં ત્યાં તમને કોઈ ખામી બતાવી હોત તો શું થાત જાણો છો?'

હું તો અણઘડ હતો. બાઘાની જેમ તેમની સામે જોઈ રહ્યો.

તે બોલ્યા, 'તમને ઉતારી પાડીને હું મોટો જરૂર થઈ શક્યો હોત પણ આ નાગર સજ્જન તમને નાણાં ચૂકવવામાં અખાડા કરત. કદાચ તમે પૈસા અને સંબંધ બન્ને ગુમાવી બેસત. ધંધાની બાબતમાં કોઇને ગ્રાહક સામે નીચા ન પાડવા એ સામાન્ય ધંધાની બિરાદરી ગણાય. વળી આપણે તો કેળવાએલા માણસો રહ્યા.'

વાત પૂરી થઈ. પિતાજીએ ધીમેથી પાન મોંમાં મૂકી દીધું.

દિવ્યકાન્ત ઓઝા



માધુકરી

તું કૌરવ, તું પાંડવ: મનવા! તું રાવણ, તું રામ!
હૈયાના આ કુરુક્ષેત્ર પર પળપળનો સંગ્રામ!

કદી હાર કે જીત, કદી તું તારાથી ભયભીત,
કદીક પ્રકટે સાવ અચિંતુ સંવાદી સંગીત;
ભીષણ તું તાંડવમાં:મંજુલ લાસ્યમહીં અભિરામ.-તું૦

ફૂલથી પણ તું કોમળ ને તું કઠોર જાણે પ્હાણ,
તું તારું છે બંધન મનવા! તું તારું નિર્વાણ!
તું તારો શત્રુ ને બાંધવ: તું ઉજ્જવલ, તું શ્યામ!-તું૦

(સુરેશ દલાલ)

શિવપુરી બાબા

હિમાલયમાં વસતા સૌથી વયોવૃદ્ધ વિભૂતિ પુરુષ શિવપુરી બાબાનું બે માસ પર નેપાળના કાઠમંડુ ખાતે ૧૩૭ વર્ષની વયે અવસાન થયું.

મૂળ તો એ કેરળના. ભારતમાં સોએક વર્ષ વીતાવી લીધા પછી એ નેપાળ ગયા, અને ત્યાં શિવપુરી પર્વતમાળામાં જઈ વસેલા તેથી એમનું એ નામ પડ્યું. 'ઇંડિયન એક્સપ્રેસ'ના તંત્રી શ્રી ફ્રૅંક મોરાએસ થોડા માસ પર નેપાળમાં એમને મળેલા. એ ફાંકડું અંગ્રેજી બોલતા—અને એમાં કાંઈ નવાઈ ન હતી; જિંદગીનાં પચાસેક વરસ તો એમણે દુનિયાભરનું પર્યટન કરવામાં ગાળેલાં. અફઘાનિસ્તાનને રસ્તે જગતની પદયાત્રાએ તે ઊપડેલા, અને જગતયાત્રાનો મોટો ભાગ એ રીતે પગપાળા જ ખેડેલો. સત્તાવનના બળવા વખતે એમની ઉંમર ત્રીસ લગભગની હતી, એટલે તેનાં સ્મરણો વિષે એમને પૂછ્યું, તો જવાબ મળ્યો કે એ વેળા હું તો જંગલોમાં એકાંતવાસમાં હતો અને બળવાની વાત તો મેં ત્રણેક વરસ રહીને સાંભળેલી.

જગતયાત્રા દરમિયાન એ ટૉલ્સ્ટૉયને પણ મળેલા, અને તેમની અસર પોતાના પર બહુ પડેલી એમ જણાવીને એમણે કહેલું 'ભારે પડછંદ માનવી'. મૉસ્કોથી સોએક માઈલ દૂર એના ખેતર પર હું એમને મળવા ગએલો. રાણી વિક્ટોરિયાને પણ હું બાલ્મોરેલ કૅસલના મહેલે મળવા ગએલો, અને તે વેળાની વાતચીતમાં તેણીએ 'મારી હિંદી રૈયત' કહીને જે રસપૂર્વક ભારત વિષે મને પૂછેલું તેથી હું ચકિત થઈ ગએલો.


આવડી મોટી વયના પ્રમાણમાં શિવપુરી બાબાએ શરીર ઘણું સારું સાચવેલું. એમના બત્રીસે દાંત સાબૂત હતા અને સફેદ કેશ તથા દાઢીથી દેદીપ્યમાન એમના ચહેરા વચ્ચેની આંખોમાં કોઈ અજબ તેજ ચમકતું લાગતું. 'આપના આવડા લાંબા આયુષ્યનું રહસ્ય શું?' એ પ્રશ્નના ઉત્તરમાં એમણે કહેલું: 'શારીરિક અને માનસિક શિસ્ત. વધારામાં બ્રહ્મચર્ય પણ ખરું, જીવનભર હું અવિવાહિત જ રહ્યો છું. મારી મનીષા ૧૫૦ વર્ષ લગી જીવવાની છે—જોકે વેદમાં તો માનવની આયુર્મર્યાદા ૧૨૦ વર્ષની આંકી છે.' (સનડે સ્ટૅન્ડર્ડ)

મૉના લિસા

લુવ્રમાં સંઘરાએલું લીઓનાર્દો દ વિંચીનું જગવિખ્યાત ચિત્ર 'મૉના લિસા' હમણાં ત્રણ અઠવાડિયાં માટે પ્રદર્શનાર્થે અમેરિકા ગયું ત્યારે ૪૫૬ વર્ષ જૂના એ ચિત્રને આ રીતે પરદેશ ન મોકલવા માટે પારી(સ)માં મોટી હલચલ મચી ગઇ હતી. એક તો એ અતિ જૂનું હોઈ અમેરિકા જેટલે દૂર જવા માટેની હેરફેર એને નુકસાન ન કરી બેસે માટે, તથા બીજું એ કે અમેરિકાના ઉસ્તાદ ચોરો એ ઉઠાવી ન જાય (અગાઉ લૂવ્રમાંથી એ ભેદી રીતે ગુમ થઈ ગયાનો ઇતિહાસ તો 'કુમાર'ના વાચકો જાણતા હશે) એટલા સારુ આ વિરોધ ઊઠેલો, પણ કંઈ ચાલ્યું નહિ; અને ભેજ-પ્રૂફ, ગરમી-પ્રૂફ તથા બંદૂકની ગોળી પણ વાગી ન શકે એવા ખાસ ખોખામાં પૅક કરી અનેક છૂપી પોલીસોના કડક જાપ્તા હેઠળ અને ૧૦,૦૦,૦૦,૦૦૦ ડૉલરનો વીમો ઊતરાવીને એને અમેરિકા મોકલાયું. ત્યાં પ્રમુખ કેનેડીએ એનું ઉદ્‌ઘાટન કર્યું અને લાખો અમેરિકાવાસીઓએ સેંકડોની સંખ્યામાં હારબંધ 'ક્યૂ' કરીને લગભગ અરધી-અરધી મિનિટ એને જોવાનો લ્હાવ લીધો.

જગતનાં પ્રાણીઓ-૫૬

ભેખડી (ભસતું હરણ)



ભારત, ચીન-જાપાન અને અગ્નિએશિયા તથા એની આસપાસના મુલકોમાં સવિશેષ દેખાતું આ હરણ પશ્ચિમ તરફના દેશોમાં નથી થતું. ઇંગ્લંડમાં એ જોવા મળ્યાની નોંધ છે. પણ એ તો પ્રાણીસંગ્રહાલયમાંથી નાસેલા પ્રાણીની ઓલાદ હોવાનું મનાયું છે. મલાયા તરફ એને 'મુંજાક' કહે છે. એનું બોલવું દૂરથી કૂતરાના ભસવા જેવું લાગતું હોઈ એને ભસતું હરણ પણ કહે છે. સ્થળ અને જાતિભેદે એનાં કદ અને વર્ણમાં ઓછાવત્તો ફેરફાર હોય છે.

દેખાવે પુખ્ત નર ખભા પાસે ૨૦થી૩૦ ઈંચ ઊંચો ને પચાસેક રતલની કાયાવાળો લાગે. પગ પાતળા અને ટૂંકા. જીભ લાંબી. શીંગડાંને સ્થાને સખત વાળના ચારેક ઈંચના બે ગુચ્છ હોય છે અને એમાંથી નાનકડાં શીંગડાં બહાર નીકળી આવેલાં લાગે છે. મે થી જૂન માસમાં આ શીંગડાં ખરી પડે છે.

વાન સ્થળ અને જાતિભેદે આછા બદામીથી માંડી ગેરુઆ લાલ સુધીનો આછોઘેરો. પેટાળ સફેદ. સ્વભાવે તદ્દન એકાકી કે યુગ્મરૂપે વિચરનાર. ક્વચિત કુટુંબ સાથે પણ જોવા મળે. વૃક્ષાચ્છાદિત પહાડી પ્રદેશમાં ઊંડા જંગલમાં એ રહે છે. હિમાલય તરફ અને દક્ષિણભારતના પહાડોમાં એ પાંચ થી છ હજાર ફૂટ જેટલી ઊંચાઈએ પણ જોવા મળે છે. ચરવા માટે એ ખુલ્લા ભાગમાં આવે છે. ઘાસપાંદડાં અને જંગલી ફળો એ એનો આહાર. સવારસાંજ ને ક્યારેક અંધારું થયા પછી પણ એ થોડી થોડી વારે ભસતું સાંભળવા મળે છે. સ્વભાવે શાંત, પણ જરૂર પડે તો પોતાની શિંગડીની સહાયથી લડી પણ લે.

એના પ્રજનનની કોઈ ખાસ નિશ્ચિત ઋતુ નથી, પણ મોટે ભાગે ચોમાસાની શરૂઆતમાં એક ને ક્યારેક બે બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું છએક માસનું થાય ત્યાં સુધી એને શરીરે સફેદ ટપકાં જોવા મળે છે.

વીર પદકનો વડવો : વિક્ટોરિયા ક્રૉસ

લશ્કરી સેવામાં વીરત્વ અને અપ્રતિમ સાહસ બતાવવા માટે અપાતા બ્રિટિશ બહુમાનમાં 'વિક્ટોરિયા ક્રૉસ' (વી.સી.)નું સ્થાન



સર્વોચ્ચ છે. ઇ. ૧૮૫૬માં રાણી વિક્ટોરિયાએ એ જાહેર કર્યો ત્યારથી અત્યાર સુધીમાં બ્રિટન અનેક યુદ્ધોમાં ઊતર્યું છે અને એ યુદ્ધોમાં લાખો લોકોએ બ્રિટનની લશ્કરી સેવા કરી છે, પણ એમાંથી હજી સુધીમાં માત્ર ૧૩૪૪ વિક્ટોરિયા ક્રૉસ અર્પણ થયા છે. એ દુષ્કર ચંદ્રકને યોગ્ય બહાદુરીનો આંક કેટલો ઊંચો મુકાતો હશે એનો આના પરથી ખયાલ મળશે. વી.સી.ના સંખ્યાબંધ વિજેતાઓ તો એ ચંદ્રક મેળવતાં પહેલાં ખપી ગયા છે. આ ઉપરાંત, આ ચંદ્રકનાં બે એવાં પ્રદાન પણ થયાં છે જેની સામે 'લંડન ગૅઝેટ'માં કોઈ વ્યક્તિનું નામ નથી. ઉપર્યુક્ત સંખ્યામાં પણ એની ગણના નથી. આ ચંદ્રકો છે બ્રિટન અને અમેરિકાના એ સૌ અનામી વીરોને જેમણે લશ્કરી સેવામાં પોતાનો જાન ન્યોછાવર કરી દીધો છે.

ગ્રીક અને તુર્ક પાદરીઓની દેવળ માટેની એક મામૂલી તકરારમાંથી સળગેલું ક્રીમિયાનું યુદ્ધ બ્રિટનના લશ્કરી ઇતિહાસમાં ઘણી રીતે જાણીતું છે. લશ્કરી જાં ફેસાનીની ગાથા ગાતું કાવ્ય 'ચાર્જ ઑવ ધ લાઇટ બ્રિગેડ'એ આ યુદ્ધનો જ એક ખરો પ્રસંગ છે; ફ્લૉરેન્સ નાઇટિંગેલે આ યુદ્ધમાંથી જ પોતાના અમર સેવાજીવનની શરૂઆત કરેલી; અને જેમ સૈનિકોના શૌર્ય માટે આ યુદ્ધ વિખ્યાત છે તે જ રીતે બ્રિટને નકામા વહોરી લીધેલા ઝગડા તરીકે પણ એ જાણીતું છે. વધુમાં વધુ અવ્યવસ્થિત લડાઇની નામોશી તથા યુદ્ધમાં રાજ્યો વચ્ચે સહકાર સાધવાની મુશ્કેલીઓ અને જોખમોનું ભાન પણ આ યુદ્ધે જ સચોટ રીતે બતાવ્યું છે.

એ યુદ્ધમાં સેબાસ્ટોપૉલ મુકામે બ્રિટને જીતેલી એક તોપની ધાતુમાંથી આ 'વિક્ટોરિયા ક્રૉસ'નો નાનકડો ચન્દ્રક ઘડાતો આવ્યો હતો. ઈ. ૧૯૪૨માં એ ધાતુ પૂરી થઇ જતાં પછી બ્રિટનની શાહી ટંકશાળની ગન મેટલમાંથી તે બનાવવાનું શરૂ થયું. એક ઔંસ વજનના આ વીર પદકની પાછળ થતી કામગીરીની ચોક્કસાઈ તથા અમુક કાર્યવાઇને કારણે એ દરેક ચન્દ્રક લગભગ બે પૌંડની કિંમતનો પડે છે પણ સોનારૂપાના અન્ય કોઇપણ માનચાંદ કરતાં એનું મૂલ્યાંકન ઊંચું છે.

સાદી કીરમજી ફીત પર લટકતા 'માલ્ટીઝ ક્રૉસ'ના આકારના આ ચંદ્રક પર સિંહ અને તાજની કોતરણી નીચે માત્ર બે જ શબ્દો કોતરેલા છે : FOR VALOUR (શૌર્ય માટે). અમુક અપવાદ સિવાય બધા જ વી.સી. યુદ્ધમાં સક્રિય શૌર્ય દાખવવા બદલ મળેલા છે. કોઈ એક જ શૌર્યભરી કામગીરી માટે પણ એ અપાયો છે. ઇ. સ. ૧૯૫૨માં સ્પીકમૅન નામના સાદા સૈનિકને વીરત્વ માટે એ મળેલો; તો બીજી બાજુ રૉયલ એર ફૉર્સના ૬૧૭ સ્કૉડ્રનના ગ્રૂપ કૅપ્ટન ચેશાયરને ઇ. ૧૯૪૫માં મહિનાઓ સુધી કરેલા હવાઈ હુમલાઓની જોખમકારી સતત કામગીરી બદલ પણ મળેલો. પહેલા વિશ્વયુદ્ધમાં રૉયલ આર્મી મેડિકલ કોરના બે ડૉક્ટરોને તો માત્ર વી.સી. જ નહિ, એના પર પટ્ટી (બાર) પણ મળી. બંનેમાંથી એકેએ બંદૂકની એક ગોળી પણ નહોતી ફોડી, પણ પોતાની વિદ્યાથી એમણે હજારો જિંદગી બચાવી હતી.

સારવાર (નર્સિંગની સેવા) બદલ મેટ્રન કે નર્સો યા સ્ટાફના અન્ય સભ્યો પણ વી.સી. મેળવવા માટેની મર્યાદામાં આવે છે. બ્રિટિશ લશ્કરના હુકમ માર્ગદર્શન કે દેખરેખ હેઠળ કાયમી કે હંગામી કામગીરીમાં અપૂર્વ બહાદુરી દર્શાવનાર યોગ્ય વીર સ્ત્રી કે પુરુષ નાગરિકને પણ આ ચંદ્રક મળે છે. જોકે હજી કોઇ સ્ત્રીને એ ચંદ્રક મળ્યો નથી.

અરે, ટી. એચ. કૅવૅનાઘ (Kavanagh) નામે એક સામાન્ય નાગરિકે પણ એ મેળવ્યો છે. ઈ. ૧૮૫૭માં લખનૌની બ્રિટિશ રૅસિડેન્સી જ્યારે હિંદી બળવાખોરોથી ઘેરાઇ ગઇ હતી અને એમાં ભરાએલા સેંકડો ગોરાઓની જિંદગી પર મોત ઝઝૂમતું હતું ત્યારે ભિખારીને વેશે ત્યાંથી સટકી, અનેક સંકટો તથા જોખમો ખેડી, બ્રિટિશ છાવણીમાંથી કૂમક લઈ આવીને ત્યાં ફસાએલા ગોરાઓને એણે બચાવી લીધેલા.

વિક્ટોરિયા ક્રૉસ મેળવવામાં સૌ પ્રથમ ભાગ્યવીર હતો લેફ૦

જીવી જાણનારા-૫

સિપાઈ કમલરામ વી. સી.

ગયા વિશ્વયુદ્ધમાં ઇટાલીમાં હિંદી સૈનિકોએ જે બહાદુરી દાખવી હતી એ યુદ્ધના સમગ્ર ઇતિહાસમાં ઘણે ઊજળે અક્ષરે અંકાઈ છે. એ વીર સૈનિકોમાંનો એક હતો. સિપાહીકમલરામ.લડાઇનો એનો એ પહેલો જ અનુભવ હતો. ઈટાલીમાં ગારી નદી પરની એ લડાઈમાં ચારેક જર્મન થાણાં પરથી એની ટુકડી પર મશીનગનની ગોળીઓની રમઝટ બોલતી હતી અને આગળ વધવું દુષ્કર થઇ પડ્યું હતું, ત્યારે એણે જર્મનોના એ થાણા પર એકલા પહોંચી જવાનું બીડું ઝડપ્યું. બૅયોનેટ ભેરવેલી રાઇફલ અને હૅન્ડ ગ્રૅનેડ (હાથગોળા) સિવાય એની પાસે બીજું કોઈ હથિયાર પણ ત્યારે હતું નહિ. છતાં એ ટાંચાં સાધન લઇને એ કાંટાળા તારની વાડમાં ભરાતો ગોળીના માર સામે ધસ્યો, જર્મન હરોળમાં ઘૂસ્યો અને એક મશીનગન ચલાવનારને ઠાર કર્યો, અને ખાઈમાંથી પિસ્તોલ સાથે એક જર્મન અફસર કૂદી આવ્યો એની છાતીમાં એણે પોતાની રાઇફલનું બૅયોનેટ પરોવી દીધું. પરિણામે એ એક સ્થાનેથી તો ગોળીઓ વરસવી અટકી જ ગઈ.



કમલરામ હવે આગળ વધ્યો. એવાં જ પરાક્રમથી ત્યાંની બીજી મશીનગન પણ એણે બંધ કરાવી ને પછી ત્રીજા સ્થાનને ગ્રૅનેડ ફેંકી શાંત કરી દીધું. ત્યાંથી એ વરસતી ગોળીઓમાં ફરી આગળ ધસ્યો ને અન્ય સ્થાન પર હુમલો કરતા હવાલદારની મદદમાં લાગી ગયો. ગોળીઓ છોડતો એ જેમજેમ આગળ વધતો ગયો તેમતેમ પાછળ હિંદી સૈનિકો પણ એણે સાફ કરેલા માર્ગે આગળ આવતા ગયા. આમ બાજી હવે પલટાઇને હિંદી દળના હાથમાં આવી ગઈ હતી. અને છેલ્લે બાકી રહેલા એક મકાનમાં ઘૂસી ત્યાં છુપાઈ રહેલા એક જર્મનને પૂરો કરી બીજા બેને કેદ કરીને લઈ આવ્યો ! આઠમી પંજાબ રૅજિમેન્ટનો સિપાઈ એ કમલરામ ત્યારે માત્ર વીસ જ વર્ષનો હતો. એની આ બહાદુરી માટે એને વિક્ટોરિયા ક્રૉસ અપાયો ત્યારે, બહાદુરી માટેનો એ જગવિખ્યાત ચંદ્રક જિતનારો ગત મહાયુદ્ધનો હિંદી લશ્કરનો એ સૌથી નાનો જવાન હતો.

લુકાસ. ઇ. ૧૮૫૪માં રશિયા સામે બ્રિટન લડતું હતું. યુદ્ધનૌકા એચ. એમ. એસ. 'હેક્લા' બાલ્ટિક સમુદ્રમાં યુદ્ધસજ્જ ઊભી હતી. હુકમ આવ્યો : 'બાર્સમન્ડ ફૉર્ટ્રેસની કામગીરી તોડી પાડો!' હેક્લા ઊપડી. બાર્સમન્ડના નિશાનમાં પાંસસો વાર જેટલી નજીક એ ધસી ગઈ અને ગોલંદાજી શરૂ થઈ. પણ ત્યાં તો ઓચિંતો જ કિનારા પર છુપાએલી એંશી તોપોએ એકસાથે હેક્લા પર ગોળાનો તાસીરો બોલાવ્યો. એક ગોળો સીધો હેક્લાના તૂતક પર પડ્યો, પણ ફાટ્યો નહિ. ગમે તે પળે એનો ફ્યૂઝ વછૂટી ધડાકો થવાનો જ એ સૌ જાણતા હતા. એની પાછળ રહેલી ભયંકરતાએ સૌને ક્ષણભર તો સ્તબ્ધ બનાવી દીધા. એકાએક બીજા દરજ્જાનો મદદનીશ અમલદાર ચાર્લ્સ લુકાસ કૂદ્યો, ને એ ગોળાને દૂર પાણીમાં રેડવી દીધો. હજી તો એ પાણી સુધી પહોંચ્યો યે નહિ હોય ત્યાં ધડાકો થયો ને આખી હેક્લા ધમધમીને ધ્રૂજી ઊઠી! પાણીની છોળો ને દારૂના ધુમાડાથી એનું તૂતક છવાઈ ગયું. પણ હેક્લા બચી ગઈ–એનો એકેએક ખલાસી બચી ગયો. લુકાસે ખેડેલું જોખમ અને એણે વાપરેલી ચપળતા બદલ એને લેફ્ટેનન્ટનું પદ મળ્યું અને બે વર્ષ પછી જ્યારે રાણીએ વિક્ટોરિયા ક્રૉસનું પ્રદાન જાહેર કર્યું ત્યારે સૌપ્રથમ ચંદ્રક એ લુકાસને મળ્યો.

ઇ. ૧૯૧૧થી બ્રિટિશ હકૂમતના હિંદી લશ્કરને પણ એ ચંદ્રકનો અધિકાર મળ્યો. પ્રથમ મહાયુદ્ધ વેળા સિપાહી ખુદાદાદખાન એ મેળવનાર પ્રથમ હિંદી હતો. પછી બીજા વિશ્વયુદ્ધમાં એ ચંદ્રકનો પ્રથમ વિજેતા હતો સેકન્ડ લેફ્. પ્રેમેન્દ્રસિંગ ભગત. અને એ જ યુદ્ધમાં હિંદી લશ્કરમાં સૌથી નાનો વી.સી. વિજેતા હતો સિપાહી કમલરામ. છેલ્લો હિંદી વી.સી. વિજેતા હતો રાઈફલમૅન લખમ ગુરુંગ.

એકવીસથી યે નીચેની ઉમરના વીસ જણને વી.સી. મળ્યો છે, જેમાંથી આઠ જણ તો ઓગણીસથી યે નાની ઉમરના હતા! બધાથી નાનો વી.સી.-વિજેતા કૉર્નવેલ હતો. ઇ. ૧૯૧૭ના જટલૅન્ડના વિખ્યાત દરિયાઈ યુદ્ધમાં એણે શૂરતા દેખાડી ત્યારે એની ઉમર માત્ર ૧૬ જ વર્ષની હતી! આપણે ત્યાં ભારતમાં સ્વાતંત્ર્ય પછી હવે વીરતાનો બહુમાન પદક છે 'પરમવીર ચક્ર.'

ઇંડિયન સ્ટૅન્ડર્ડ ટાઇમ

જાણો છો? ઈ.૧૯૦૫ સુધી મદ્રાસનો સ્થાનિક સમય જ હિંદુસ્તાનનો 'સ્ટૅન્ડર્ડ ટાઇમ' ગણાતો હતો. 'ગ્રીનિચ મીન ટાઈમ' કરતાં એ પાંચ કલાક એકવીસ મિનિટ અને ૧૦ સેકંડ આગળ હતો. ૧૯૦૬ની ૧લી જાન્યુઆરીથી હિંદુસ્તાનની રેલવે અને તાર ઑફિસોએ નવો હિંદી સ્ટૅન્ડર્ડ ટાઇમ સ્વીકાર્યો. એ ગ્રીનિચ કરતાં સાડા પાંચ કલાક આગળ હતો. છતાં બંગાળની સરકાર તો પોતાના સ્થાનિક સમયને વળગી જ રહી હતી. એમનો સમય ઇંડિયન સ્ટૅ૦ ટાઇમ કરતાં ૨૪ મિનિટ આગળ હતો તે એમણે વધુ ૩૬ મિનિટ આગળ લીધો. આમ, ઇં. સ્ટૅ૦ ટાઇમ કરતાં એમનો સમય એક કલાક આગળ ગયો! ઈ. ૧૯૪૨ની પહેલી સપ્ટેમ્બરે ઇં. સ્ટૅ૦ ટાઈમને પણ એક કલાક આગળ લેવામાં આવ્યો અને પરિણામે તે ગ્રીનિચ મીન ટાઈમ કરતાં હવે ૬॥ કલાક આગળ આવ્યો છે.

કાન વડે સ્વાદ અને ગંધની પરખ

સ્વાદ અને ગંધ પારખનારાં જીભ અને નાક હોવાની બાબત જાણીતી છે, પણ માયસોરની સેન્ટ્રલ ફૂડ ટેક્નૉલૉજી રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના શ્રી શ્રીનિવાસનનું નિરીક્ષણ છે કે કેટલાક સંજોગોમાં કાન પણ સ્વાદ અને ગંધ પારખવામાં ભાગ ભજવે છે. કાન બંધ અને ખુલ્લા રાખીને ગળ્યા અને ખારા ત્રીસ પદાર્થોના સ્વાદની પરખ કરવામાં આવેલી. કેટલાક માણસોને સ્વાદમાં ફેર ન જણાયો પણ અમુકને કાન બંધ રાખતાં ખાંડ કિસ્ફી, સોડા જેવી તો બીજાને ઘઉંના લોટ જેવી લાગી હતી. કોઇકને સ્વાદ વધતો કે ઘટતો પણ લાગ્યો. કાન બંધ રાખીને ચાખતાં હિંગનો સ્વાદ પણ વધારે કે ઓછો જણાયો. મીઠાની બાબતમાં પણ એમ જ બન્યું હતું.

સ્વાદની પરખમાં કાનની ઉપયોગીતા નવાઈભરી તો લાગે છે પણ દરેક જણ એની અજમાયેશ કરી શકે. —શિવપ્રસાદ ત્રિવેદી

■ નાઇલ નદીના મોટા મગરોના પેટમાંથી અચૂક પથરા મળી આવતા હોવાનું ઘણા વખતથી જાણીતું છે, પણ એના કારણની માહિતી કોઇને હતી નહિ. બ્રિટિશ પ્રાણીશાસ્ત્રી ડૉ. હ્યુ કૉટ્ટે ૬૮૦ જેટલા મગરનો અભ્યાસ કરી એનું કારણ ખોળ્યું છે. એમને લાગ્યું છે કે જે કારણસર વહાણ પોતાના ભંડકમાં પથ્થર કે રેતીની ગુણીઓનો ભાર –નીરમ–ભરે છે એ જ કારણસર આ મગરો પણ પથરા ગળી જાય છે! એક્સ રેથી એમણે જોયું કે ઉપલે ભાગે આવતાં ફેફસાંની સામે સમતુલા જળવાય એ રીતે જ મગરની હોજરીમાં નીચેને ભાગે એ પથરા પડ્યા રહે છે. આથી પાણીમાં તરતી વખતે મગર પોતાની કાયાને સમતોલ રાખી શકે છે.

સરાસરી પોતાના સમગ્ર વજનના એક ટકા જેટલા વજનના પથ્થર આ મગર ગળી જાય છે. લગભગ પંદરેક ફૂટ લાંબા મગરના પેટમાં પાંચેક કિલોગ્રામ જેટલા પથ્થર જોવા મળે છે. અભ્યાસમાં એ પણ જણાયું કે આ રીતે પેટમાં વજન ભર્યા વિનાના નાના મગરોને તરવામાં મુશ્કેલી પડતી હતી. વળી જંગલમાં કોઇએ મરેલા મગરને પાણી પર તરતો જોયો નથી, પણ શરૂઆતથી જ સંગ્રહસ્થાનમાં રહેલા મગર એ રીતે જોવા મળે છે. આનું કારણ એ છે કે ત્યાં એમને ગળવા માટે પથ્થરની સગવડ હોતી નથી.


■ ચંદ્રની અંધારી બાજુ પર શૂન્યથી યે નીચે ૨૭૦ ડિગ્રી ફેરનહાઈટ જેટલી ઠંડી તો હશે જ એમ હમણાં કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજીએ અંદાજ્યું છે. આનું કારણ ત્યાંની આપણા કરતાં ૩૦ ગણી લાંબી રાત્રિ હોવાનું મનાય છે. આ જ રીતે ગુરુ અને શનિની રાતનું ઉષ્ણતામાન પણ અનુક્રમે શૂન્ય નીચે ૨૨૯ અને ૨૭૦ ડિગ્રી ફેરનહાઈટ હોવાનું મનાય છે.


■ હમણાં થોડા વખત પર અમેરિકાના ઍટમિક એનર્જી કમિશને ભૂગર્ભ અણુધડાકાની સહાયથી માત્ર ત્રણ જ સેકંડમાં ૩૨૦ ફૂટ ઊંડો ખાડો ખોદી નાખ્યો હતો. અત્યારની ત્યાંની ચાલુ પદ્ધતિએ એ ખાડો ખોદતાં જેટલો સમય અને જેટલો ખર્ચ થાત એના કરતાં ઓછા સમયમાં અને લગભગ દસથી વીસમા ભાગના ખર્ચે આ રીતે અણુશક્તિનો શાંતિમય ઉપયોગ થઈ શકે એનું આ એક ઉદાહરણ છે.

ફ્લિપ : એક નવતર જહાજ

દરિયાના પાણીમાં ઊંડે સંશોધનો કરવા સારુ અમેરિકામાં એક નવી જ બાંધણીનું જહાજ તૈયાર થયું છે. હાલમાં તો એ પાણીની અંદર અવાજનાં મોજાંનો અભ્યાસ કરવા પૂરતું વપરાશે. એ માટે કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના સંશોધક વિજ્ઞાનીઓ એમાં બે એક અઠવાડિયાં સુધી રહેશે, એ દરમિયાન આ આખું જહાજ પાણીમાં ઊભું—એટલે કે એનો સમગ્ર મોરો પાણી બહાર અને પાછળનો ભાગ પાણીની અંદર તળમાં રહે એ રીતે–એ સ્થિર થઈ ખોડાઈ રહેશે.

એનું નામ છે ફ્લિપ(FLIP–'ફ્લોટિંગ ઈન્સ્ટ્રુમેન્ટ પ્લૅટફૉર્મ'નું ટૂંકું રૂપ). દરિયામાં હાઇડ્રોફોન, ઇલેક્ટ્રૉનિક ગીઅર અને અન્ય પ્રયોગોનાં સાધનો માટેની સ્થિર પીઠિકા તરીકે કામ લાગે એ રીતે એની રચના કરવામાં આવી છે.





↑ ફ્લિપ-પાણીમાં સ્થિર થઈ ઊભેલું. એનો બહાર નીકળી આવેલો મોરો કોઈ મકાનના મજલા જેવો દેખાય છે, એટલું જ નહિ સંશોધકોને એમાં રહેવાની સગવડ પણ એવી જ છે. બીજા ચિત્રમાં ફ્લિપ પાણીમાં આડું પડી તરતું દેખાય છે.

એની બાંધણીમાં બે મુખ્ય ભાગ છે. એક તો એ સમગ્ર જહાજની હેરફેર કરવા માટેનો 'ટગ' જેવો વહાણનો મુખ્ય ચાલક ભાગ; અને બીજો, પ્રયોગો સારુ પાણીમાં ઊતરવા માટેનો નળાકાર પાછલો ભાગ. બંદરથી દૂર દરિયામાં પહોંચ્યા પછી આ પાછલા ભાગમાં પાણી ભરવામાં આવે છે, જેના વજનથી એ ડૂબતો જઈ વહાણનો મોરો (એટલે કે આગલો ટગ જેવો ભાગ) ઊંચો થાય છે, ને આખું જહાજ આડું મટીને ઊભું થઈ જાય છે. ઉપર ઊભા થઈ આવેલા મોરામાં ચારેક માણસો આરામથી રહી શકે તેવી બધી સગવડ તથા પ્રયોગ-શાળાની વ્યવસ્થા અને રચના છે. આ ઉપરાંત આખા જહાજના સંચાલન માટેનો ઍન્જિન રૂમ પણ એમાં જ છે. આની નીચે આવી રહેલી બે લાંબી નાળમાં થઇને સંશોધકો પાણીમાં છેક ૧૫૦ ફૂટ ઊંડે સુધી ઊતરીને જરૂરી સંશોધનો તથા પ્રયોગો કરી શકે છે. અંદર ગયા પછી પણ રૅડાર અને રેડિયો વગેરે દ્વારા બહાર સપાટી પર તરતાં અન્ય જહાજો સાથે પણ પ્રત્યક્ષ ને પરોક્ષ સંપર્ક જાળવી શકે છે. ફ્લિપની લંબાઈ ૩૫૫ ફૂટ ને વજન ૬૦૦ ટનનું છે. એની 'કમર' (નળાકાર)ની પહોળાઈ ૧૨ાા ફૂટની છે. આગળનો મોરો અને આ નળાકાર બંને અલગઅલગ બનાવીને પછી જોડી દીધા છે.

અંદર ઊતરેલા સંશોધકોનું કામ પતી જાય એટલે આ નળાકારમાં ભરેલું પાણી બહાર કાઢી નાખી એનું વજન ઘટાડી દેવાથી તે આપો-આપ ઉપર આવવા માંડે છે, એ વખતે જહાજનું તળ પાણી પર બરાબર આવી રહે એટલા સારુ એના પઠાણમાં ૭૦ ટન જેટલું કૉંક્રિટનું વજન મૂકવામાં આવ્યું છે. આડું પડીને જહાજ પાછું ત્યાંથી ઉપડી અન્ય સ્થળે જઈ શકે છે. એ ઊભું હોય ત્યારે પાણીમાં બહુ ઊંડે સુધી ડૂબેલું રહેતુ હોઈ તોફાની દરિયાનાં મોજાં પણ એને બહુ ડોલાવી શકતાં નથી.

દરિયાના પાણીની અંદર કરવાના એકેએક પ્રકારના પ્રયોગની સગવડ એમાં રાખેલી હોઈ એની હાલની કામગીરી પૂરી થયા બાદ એ દરિયાની અંદરના પ્રવાહો, ત્યાંની જીવસૃષ્ટિ ઈત્યાદિ અન્ય દરિયાઈ સંશોધનાર્થે ઉપયોગમાં લેવામાં આવશે. —'યુસિસ'

અનુસંધાન] **શતરંજ** [પૃ. ૧૦૫થી

અહીં કાળા ઊંટ અને પ્યાદાના બદલામાં હાથી આપીને છેવટે રાજા અને પ્યાદાથી જીતી શકાય. પણ ધ્યાન રાખવાનું કે કાળો stalemate ન કરી જાય દાખલા તરીકે જો—

1 K–B5, B–Q7; 2 R–QR7, K–K1; 3 R–R4, K–K2; 4 R×P? B×R; 5 K×B, હવે સફેદ પાસે એક પ્યાદું વધુ છે પણ કાળો 5..., KB3થી રમત ડ્રૉમાં લઇ જઈ શકે તે આપણે ફક્ત પ્યાદાવાળા અંતની સ્થિતિમાં જોયું છે. આથી જ્યારે સફેદ કાળા પ્યાદાને મારે ત્યારે કાળો રાજા તેના B3ની નજીક ન હોવો જોઇએ. આ કેવી રીતે થાય છે તે આપણે જોઈએ.

1 R–B7ch, K–K1 (1..., K–N1 વધુ જલદી હારી જાય છે. જુઓ : 2 K–B6, B–Q5ch; 3 K–N6, B–K6; 4 R–B5, B–Q7; 5 R–Q5!–બે ઘડી મ્હાત અને ઊંટને મારવાની ધમકી–B–N5; 6 R–Q8 ch, B–B1; 7 R–R8, K–R1; 8 R×B mate.) 2 R–B5! B–Q7 (જો 2..., B–B8? રમે તો 3 R–B5! અને પાછી બે-વડી ધમકીથી ઊંટ મરે.) 3 K–B6, K–B1; 4 R–B5! K–N1; 5 R–B8ch, K–R2; 6 K–B7! K–R3; 7 R–KN8 (હવે કાળો રાજા ફક્ત KR પંક્તિ ઉપર ફરી શકે.) K–R4; 8 R–N4, K–R3; 9 K–B6, K–R4; 10 K–B5, B–K6 (કે B8 કે K–R3) 11 R×P, B×R; 12 K×B અને હવે જીતશે કારણ કે તે KB3 ઉપર આવી શકે તેમ નથી તેથી સફેદ જીતશે. (ચાલુ)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ - પ્રસંગવિશેષ

પ્રસંગવિશેષ : ઍલેક્ઝાંડર બેલે ટેલિફોન બનાવ્યો : ૧૦ માર્ચ ૧૮૭૬

આજે તો રોજિંદી ને અનિવાર્ય જરૂરત જેવા બની રહેલા ટેલિફોનનો જન્મ આમ તો આકસ્મિક જ થએલો; ને ઈ. ૧૮૭૭ની ૭મી માર્ચે, અમેરિકાની સ્વાતંત્ર્યશતાબ્દીની ઉજવણી વેળાએ યોજાએલા પ્રદર્શનમાં એનો સૌ પ્રથમ પ્રત્યક્ષ પ્રયોગ કરાયો તે પહેલાં તેનું સંશોધન કરનારાઓમાં સ્કૉટલૅન્ડના એડિનબર્ગ ખાતે જન્મેલા પણ અમેરિકન નાગરિક બનેલા એના શોધક ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલ (યોગાનુયોગે તેની જન્મશતાબ્દી પણ આ માસની ૩જીએ ઉજવાઈ રહી છે.) ઉપરાંત જર્મનીનો ફિલિપ્સ રેઇસ પણ હતો. પરંતુ સફળતાને છેક આરે પહોંચેલા રેઇસને જર્મન પેટન્ટ ઑફિસ તરફથી 'તમારો ટેલિફોન બોલતો નથી' એવું પ્રમાણપત્ર મળતાં તેણે પોતાની શોધ પડતી મૂકેલી. આ જ સમયે બેલ મનુષ્યની વાણીના જુદાજુદા અવાજોનો અભ્યાસ કરતો હતો. તેણે પોતાના 'હારમોનિક ટેલિગ્રાફ'ના સંશોધન દરમિયાન વિદ્યુત્પ્રવાહની પ્રબળતાના ફેરફારનાં પરિણામ નોંધતાં નોંધતાં, તેના મદદનીશનો હાથ ટેલિગ્રાફના પતરીને અડકવાથી ઊભા થએલા અવાજનાં આંદોલનો પકડી પાડ્યાં. એ પરથી પ્રોત્સાહિત થઈ તેણે પતરીને સ્થાને ધ્રુજારીવાળો પડદો ગોઠવી ઈ. ૧૮૭૬ની ૧૦મી માર્ચે તેનો પ્રાથમિક ટેલિફોન બનાવ્યો. પછી તો એમિલ બર્લિનર નામના જર્મન હિજરતીએ તથા અન્યોએ તેમા સુધારા કર્યા ને ઈ. ૧૮૯૯માં હંગેરીમાં જન્મેલા અમેરિકી વિજ્ઞાની માઇકેલ પુપિને તેને લાંબા અંતરવાળો બનાવ્યો.

વ્ય. વિ. : મુસ્તફા કમાલ આતાતુર્ક



સરમુખત્યારોની યાદીમાં 'લોહીઆળ સરમુખત્યાર' તરીકે અંકિત થનાર, પરંતુ તુર્કીના તો વતનપરસ્ત તાર્તાર જવાંમર્દ અને તારણહાર, 'અર્વાચીન તુર્કસ્તાનના ઘડવૈયા' ગાઝી મુસ્તફા કમાલ આતાતુર્કનો જન્મ તુર્કસ્તાનના સાલોનિકા ખાતે, લાકડાનો વેપાર ચલાવતા ને સુલતાન વતી મહેસૂલ ઉઘરાવતા એક સામાન્ય પરંતુ મહત્ત્વાકાંક્ષી વેપારીને ત્યાં, ઈ. સ. ૧૮૮૧ની ૧૨મી માર્ચે થએલો. અગિયારમે વર્ષે એક વાર શાળામાં પોતાના પ્રતિસ્પર્ધી વિદ્યાર્થીને. ને તે પછી શિક્ષકને પણ મેથીપાક ચખાડી એણે ભણતરને જુહાર ભણેલા.

પિતાનું અવસાન થતાં કાકાની દેખભાળ નીચે કાકાના ખેતરમાં ઘેટાંની રખેવાળી કરતાં એણે દેશના માલિક થવાનાં સ્વપ્નો સેવેલાં. કાકાની ગુલામીથી ત્રાસી વિધવા માતાની અનુમતી મેળવી તે લશ્કરી શાળામાં જોડાયો. ગણિતમાં ખાં ગણાતો તથા હિટલર જેવી શિસ્ત ને કડપ દાખવતો મુસ્તફા શિક્ષક પાસેથી 'કમાલ'નું બિરુદ મેળવી ૧૭મે વર્ષે તો મોનાસ્તીરની સીનિયર લશ્કરી કૉલેજમાં દાખલ થઈ ગયો. ત્યાં આજીવન મિત્ર બની રહેલા ફતેહ નામના સહાધ્યાયી પાસેથી ફ્રેંચ શીખી લઈ વૉલ્તેર, રુસો તથા તુર્કીના રાષ્ટ્રકવિ કમાલની કવિતાઓ વાંચતાં વાંચતાં તે ક્રાંતિ તથા રાષ્ટ્રીયતાનાં આંદોલનોમાં ઝૂલવા લાગ્યો. ત્યાંથી કૉન્સ્ટાન્ટીનોપલની યુદ્ધ મહાશાળામાં જતાં તેને મોકળું મેદાન મળી ગયું. 'વતન' નામની ખાનગી ક્રાંતિકારી સંસ્થામાં જોડાઈ તેણે એક પત્ર પણ શરૂ કરેલું. પછીથી પકડાઈ જતાં યુદ્ધ ખાતાના વડા હકી પાશાએ સુલતાને ફરમાવેલી બરતરફીની સજા સામે રહેમ લાવી દમિશ્કની ઘોડેસવાર ટુકડીમાં મોકલ્યો, જ્યાંથી તે છૂપા વેશે સાલોનિકા પહોંચ્યો.

'ઍજ્યુટન્ટ ટુ ધ સ્ટાફ' નિમાતાં તેની ચાણાક્યબુદ્ધિ તથા નીડરતા પ્રકાશી ઊઠ્યાં. ઈ. ૧૯૧૨માં બાલ્કન રાજ્યો પર વિજય મેળવવાથી તેને 'લેફ્ટેનન્ટ' બનાવાયો; પણ શાસનપલટાથી સુલતાન બનેલા સાથી અનવરે તેને સૈનિકદૂત તરીકે સોફિયા મોકલતાં તેણે નિવૃત્તિ લઈ લીધી. ઈ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં નેપોલિયનનો આ ઉપાસક જાણે ગાંડો બન્યો ને ૧૯૧૫માં તેણે અંગ્રેજોને શિકસ્ત આપી. તે 'પાશા' બન્યો.

ઈ ૧૯૧૮માં પરદેશીઓની ધૂસરીમાંથી તુર્કીને મુક્ત કરવા તેણે રાષ્ટ્રવાદીઓને સંગઠિત કર્યા, પણ પોતાને પકડવાની ખબર પડી જતાં ઈ. ૧૯૧૯ના મેની ૧૯મીએ તે કાળો સમુદ્ર ઓળંગી સમસૂન બંદરે પહોંચ્યો. સિવાસ ખાતે રાષ્ટ્રીય કૉંગ્રેસ બોલાવી તે રાષ્ટ્રીય સરકારનો પ્રમુખ નિમાયો. તેની પ્રવૃત્તિથી અકળાએલા સુલતાને ખલીફને સાધી 'ખલીફુલફ્કર' ઊભુ કરાવી તેની વિરુદ્ધ પ્રવૃત્તિ આદરી. પણ એથી ન ગભરાતાં તેણે પોતાના મક્કમ નિશ્ચયને પાર પાડવાનું કામ આગળ જ ધપાવ્યે રાખ્યું. પ્રથમ ફ્રેંચો પાસેથી બુર્જી જીતી લઈ પછીથી ગ્રીક વડાપ્રધાન વેનિઝેલોસના દળનો પરાભવ આણવા તેણે ત્રણ માસ માટે ૧૯૨૧ના સપ્ટેમ્બરની ૧૫મીએ સરમુખત્યાર બની સર્વ સત્તા પોતાને હાથ લીધી.

હવે એ ગાઝી (વીર) બન્યો હતો. પણ એ સીઝર જેવી મહત્ત્વાકાંક્ષા ધરાવનારને સંતોષ ન હતો. પોતાના લોકપક્ષને મજબૂત બનાવી તે પ્રજાસત્તાક તુર્કીનો પ્રમુખ બન્યો ને પછી તો તુર્કીની તેણે પુનર્ઘટના આરંભી. જૂના-પુરાણા 'દીન'ને નાબૂદ કરી તેણે પ્રજાને ખલીફની રંજાડમાંથી મુક્ત કરી, કુર્દિસ્તાનના બળવાને દાબી, 'ટ્રિબ્યૂનલ ઑવ ઇન્ડિપેન્ડેન્સ' દ્વારા વિરોધીઓનો વિનાશ કર્યો; ફેઝ ટોપીઓને સ્થાને જર્મન ટોપીઓ લાવી તેણે અર્વાચીનતાનાં એંધાણ આરંભ્યાં; જર્મનીના વેપારી, ઈટાલિયન ફોજદારી તથા સ્વિસ સિવિલ કોડ પરથી નવું બંધારણ રચી જનાના પદ્ધતિ તથા બહુપત્નીત્વને ગેરકાયદે ઠરાવ્યાં. ને સૌથી વિશેષ પ્રશસ્ય કામ તો કર્યું એણે તુર્કી ભાષાને લૅટિન લિપિમાં વ્યવસ્થિત બનાવી પ્રજાને અક્ષરજ્ઞાન લેતી કરીને. લલિતકળાઓને પણ તેણે સજીવન કરી ને બીજી અનેકવિધ દિશાઓમાં પ્રવૃત્તિ આરંભી તેણે તુર્કીને આધુનિક બનાવ્યું. જીવનના અંત લગી રતયત્ન રહેલા પ્રજાના એ આતાતુર્કનું ઈ. ૧૯૩૮ના નવેમ્બરની ૧૦મીએ અવસાન થયું.

અંગત જીવનમાં કોઈ ફ્રિક્રિયા સાથે તે પ્રેમમાં પડેલો ને પોતાના જેવી જ સ્વતંત્રમિજાજી કોઈ લતીફા હાનુમ સાથે લગ્ન કરેલું. પણ પાછળથી સમ સ્વભાવે ખટરાગ જગવતાં તેમણે છૂટાછેડા લીધેલા.

શિક્ષક : મૂર્ખાના પ્રશ્નોના જવાબ વિદ્વાનોથી યે ન અપાય.

એક વિદ્યાર્થી : સાચું ! એમ જ હું ગયે વર્ષે નાપાસ થએલો !

અમલદાર : તો તું શા માટે આટલો બધો દારૂ પીએ છે?

દારૂડિયો : વાત એમ છે નામદાર, કે દારૂની વાસ દૂર કરવા માટે મારે પુષ્કળ ડુંગળી ખાવી પડે છે, અને પછી ડુંગળીની વાસ દૂર કરવા દારૂ પીવો પડે છે.

તન સંદુકમેં ગુન રતન, ચૂપકી દીજે તાલ;
ખિન ગ્રાહક ના ખોલીએ, કૂંચી બચન રસાલ*

સ્વામી રામતીર્થ પૂર્વાશ્રમમાં પ્રોફેસર તીર્થરામ હતા ત્યારે એક વાર પાટિયા પર એક લીટી દોરી વિદ્યાર્થીઓને કહ્યું કે આને ભૂંસ્યા વિના નાની બનાવી દો. એક ચબરાક વિદ્યાર્થીએ તરત તેને પડખે એથી મોટી બીજી લીટી દોરી. પછી તેનો મર્મ સમજાવતાં સ્વામીજીએ કહ્યું, 'જીવનમાં પોતે મહાન બનવા માટે બીજાને નાના નહિ બનાવતાં જાતે મહાન બનવું જોઈએ. પોતાનું મોં ઊજળુ બતાવવા ખાતર કોઈના મોં પર મેશ ન ભૂંસવી.'

કહેવતોની કથા: 'ઠેરના ઠેર ને ભરડકા ભેર'–ચોરે બેસી લોકરંજન કરાવીને ગામલોક પાસેથી મળતાં જારબાજરીના ભરડકા પર ગુજરાન ચલાવતા ચારણ રળિયા ગઢવી રોજ ભરડકું ખાતાં કંટાળ્યા, એટલે થોડા દિ' પરગામ કોઈને ત્યાં મહેમાન બની એ ગાળાનું સીધું બચાવીને સારી વાનગી ખાવાનો મનસૂબો ઘડી ગામતરે ગયા. ત્યાંથી પાછાં ફરતાં કેટલાંક સગાં સામાં મળ્યાં, જે તેમની ગેરહાજરીમાં તેમને ઘેર જ ધામા નાખી બચેલું સીધું સાફ કરી આવ્યા હતા. પરિણામે ગઢવીને તો ઘેર જઈને પાછું ભરડકું જ બનાવવું પડયું! આની લોકોને જાણ થતાં કહેવત પડી કે 'રળિયા ગઢવી ક્યાં ગયા'તા, કે ઠેરના ઠેર ને ભરડકા ભેર'. પોતાના મનસૂબા, તરંગો કે યોજનામાં નિષ્ફળ જઈને પાછા પડવા માટે વપરાતી આ કહેવતને મળતી એક કહેવત છે: 'મેલ કરવતિયા કરવત, મોચીડાના મોચીડા'.

ગણિતગમ્મત

૧×૧=૧ +૩=૪
૨×૨=૪ +૫=૯
૩×૩=૯ +૭=૧૬
૪×૪=૧૬ +૯=૨૫
૫×૫=૨૫ +૧૧=૩૬
૬×૬=૩૬ +૧૩=૪૯
૭×૭=૪૯ +૧૫=૬૪
૮×૮=૬૪ +૧૭=૮૧
૯×૯=૮૧ +૧૯=૧૦૦
૧૦×૧૦=૧૦૦ +૨૧=૧૨૧
૧૧×૧૧=૧૨૧ +૨૩=૧૪૪વગેરે.

આમ, દરેક બે ક્રમિક સંખ્યાના વર્ગો વચ્ચેનો તફાવત હમેશ એકી સંખ્યામાં જ આવે. (રજનીકાન્ત મોદી)



ઘોડાને પડખાભેર સૂવા કરતાં ઊભા રહેવાથી વધુ આરામ મળે છે. કેટલીક વાર ઘોડા કેટલા યે મહિના સુધી સૂતા જ નથી.

તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: ખટમલ; ખડણ; ખડતું; ખડસલ; ખડાક; ખન્નું; ખપોટું; ખાધાવેધ; ખાપર્ડુ; ખાંગુ; ખીસર; ખૂડ; ખેકડો; ખોતરું.

જવાબ: માંકડ; આળસુ; બરતરફી; મકાનનો પાયો; પાવડી કે ચાખડી, બીજો અર્થ સૂકું ઘાસ; અથાણું; પાતળું છોડું; શત્રુવટ; ઠીકરું; જાણભેદુ, બીજો અર્થ-રાંકું; ઠંડીનો દિવસ બીજો અર્થ–મકરસંક્રાન્તિ; અગાસી કે ધાબુ; કરચલો; બહાનું.

ચા-કૉફીના ડાઘવાળું કપડું બટાટા બાફેલા પાણીમાં થોડી વાર રાખી ધોવાથી નીકળશે.

સમુદ્ર કિનારે ઊભા રહીને આપણે જોઈએ તો દરિયાની સપાટીથી પાંચ ફૂટ ઊંચે રહેલી આપણી આંખોને લગભગ સવાત્રણ માઇલનો વિસ્તાર નજરે પડે છે;

સો ફૂટ ઊંચે રહેલી ટેકરી પરથી કે હવાઈ જહાજ પરથી જોતાં આપણી દૃષ્ટિમર્યાદા ચૌદ માઈલ કરતાં સહેજ વધુ હોય છે;

પંદરસો ફૂટની ઊંચાઇએથી જોતાં એ મર્યાદાનો વિસ્તાર પચાસ માઈલનો હોય છે;

દસહજાર ફૂટની ઊંચાઇએથી લગભગ ૧૪૨ માઈલનો પટ દૃષ્ટિમર્યાદામાં આવી શકે.

પરસેવાવાળા શરીરે કોઈ દરદી પાસે ન બેસતા. ખુલ્લાં છિદ્રો ને ખાલી પેટ રોગના જંતુઓને જલદી આમંત્રે છે.

નાક સાફ કરતી વખતે બંને સાથે નહિ, પણ એક પછી એક નસકોરું સાફ કરવું જોઇએ; ને એ વેળા મોઢું ખુલ્લું રાખવાનું ન ભૂલતા. બીડેલા મોંએ બંને નસકોરાં સાફ કરતાં આપણી યુસ્ટેકીઅન નળી પર ખરાબ અસર થાય છે.


ભારતની રેલવેના સ્ટોર્સમાં પિનથી માંડીને બૉઈલર સુધીની ૪૦,૦૦૦ કરતાં યે વધુ નાનીમોટી ચીજોને રાખવામાં આવે છે.

કરવતના દાંતા ઘસતાં પહેલાં દીવા પર ધરીને એના ઉપર મેશ પાડી લેજો. ઘસી લીધેલા અને ઘસવાના બાકી દાંતા એથી અલગઅલગ તરી આવશે.

'આપણે મૂરખ નથી?'

'પણ તું બહુવચનમાં શાનો બોલે છે? એકવચન વાપરને?'

'તું મૂરખ નથી?'



કલાકારીગરી: યુરોપના સાંસ્કૃતિક નવનિર્માણ કાળનાં બે દર્પણ

*શરીર રૂપી પેટીમાં ગુણ-રતનને બહુ સાચવીને તાળું મારી રાખીએ, એને યોગ્ય ગ્રાહક મળે ત્યારે જ રસાળ વચનની કૂંચીથી ખોલીએ.

STATEMENT

of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N.-Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of February 1963

Sd./ B. Rawat, Publisher

કેસૂડાં
કલાકાર શ્રી ઈન્દ્ર દુગડ

(કલાકારના સૌજન્યથી)

